Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



આઈપીએલ-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર : ૯ એપ્રિલથી શરૂ
વાંચો પેજ નં. ૧૮

FRIDAY, 12 MARCH, 2021 Vol. 18, No. 11 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

ભારતમાં કોરોના સંકટ

# ૭૬ દિવસ બાદ પહેલી વખત ૨૩ હજાર કેસ નાગપુરમાં છ દિવસનું સંપૂર્ણપણે લોકડાઉન

## આઠ રાજ્યોમાં કોરોના સંક્રમણ ચેતવણીજનક સ્તરે, મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં લોકડાઉનની આશંકા

નવી દિલ્હી : ભારતમાં કોરોનાના દૈનિક કેસમાં અચાનક જ તીવ્ર ઊછાળો આવ્યો છે. દેશમાં લગભગ ૭૬ દિવસ પછી ગુરુવારે પહેલી વખત કોરોનાના દૈનિક કેસ લગભગ ૨૩ હજાર જેટલા કેસ નોંધાયા હતો. આ સાથે દેશમાં કોરોનાના કુલ કેસ ૧.૧૨ કરોડ જેટલા થયા છે. જોકે, કોરોનાના દૈનિક કેસમાં ૮૬ ટકા જેટલું યોગદાન મહારાષ્ટ્ર, ગુજરાત સહિત માત્ર છ જ રાજ્યોનું છે. આ છ રાજ્યોમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર ઊછાળો થયો છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં કોરોનાની સ્થિતિ ખૂબ જ કથળી છે. પરિણામે નાગપુરમાં એક સપ્તાહનું લોકડાઉન લાગુ કરી દેવાયું છે જ્યારે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્યના અન્ય શહેરોમા 'પણ લોકડાઉન લાગુ કરવાની ચેતવણી આપી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, દેશમાં આ વર્ષે કોરોનાના દૈનિક કેસમાં ગુરુવારે વિક્રમી ઊછાળો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૨,૮૫૪ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોનાના કુલ કેસની સંખ્યા ૧,૧૨,૮૫,૫૬૧ થઈ ગઈ છે. દેશમાં છેલ્લે ૨૫મી ડિસેમ્બરે એક જ દિવસમાં ૨૩,૦૬૭ કેસ નોંધાયા હતા. ત્યાર પછી કોરોનાના કેસમાં ક્રમશઃ ઘટાડો નોંધાયો હતો.

જોકે, હવે અચાનક કોરોના કેસ વધવા લાગ્યા છે. દેશમાં કોરોનાથી વધુ ૧૨૬નાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૧,૫૮,૧૮૯ થયો છે. કોરોનાના કુલ એક્ટિવ કેસ પણ વધીને ૧,૮૯,૨૨૬ થયા છે. જોકે, આ સમયમાં ૧,૦૯,૩૮,૧૪૬ દર્દીઓ સાજા થયા છે. આમ, રિકવરી રેટ ૯૬.૯૨ ટકા થયો છે જ્યારે કોરોનાથી મૃત્યુદર ૧.૪૦ ટકા છે તેમ આંકડામાં જણાવાયું છે.

દેશમાં મહારાષ્ટ્ર, કેરળ, કર્ણાટક, પંજાબ, ગુજરાત અને તામિલનાડુમાં કોરોનાના કેસમાં ઊછાળો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૨,૮૫૪ કેસમાંથી ૮૫.૯૧ ટકા કેસ આ છ રાજ્યોમાં નોંધાયા છે. તેમાં પણ સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર (૧૩,૬૫૯)માં નોંધાયા છે, જે દૈનિક કેસમાં ૬૦ ટકા જેટલા છે. મહારાષ્ટ્ર પછી કેરળ (૨,૪૭૫) અને પંજાબ (૧૩૯૩)માં કોરોનાના દૈનિક કેસ વધ્યા છે. આ ઉપરાંત દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૨૬નાં મોત થયા છે, જેમાં મહારાષ્ટ્રમાંથી ૫૪, પંજાબમાંથી ૧૭ અને કેરળમાંથી ૧૪નો સમાવેશ થાય છે.



### દેશના નાગરિકોને સાવચેતી રાખવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અનુરોધ

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્યના અન્ય કેટલાક શહેરોમાં પણ લોકડાઉન લાગુ કરવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે નાગપુરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧,૫૧૩ નવા કેસ સામે આવ્યા છે. પરિણામે શહેરમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૨,૪૩,૭૨૬ થઈ ગઈ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૪,૮૭૭ લોકોના કોરોનાથી મોત થયા છે. દરમિયાન ભારત કોરોનાના અંત તરફ આગળ વધી રહ્યું છે તેવા સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનના નિવેદન પછી કેન્દ્ર સરકારે હવે લોકોને કોરોના સાવચેતી રાખવા જણાવ્યું છે. દેશમાં છ રાજ્યોમાં કોરોનાના વધતા કેસ અંગે ચિંતા વ્યક્ત કરતાં નીતિ આયોગના સભ્ય (હેલ્થ) વી. કે. પૌલે જણાવ્યું હતું કે, લોકોએ કોરોના સામે સાવધાની રાખવાની જરૂર છે. કોરોના મહામારી હજી પૂરી થઈ નથી.

### ૧૦૦ અબજ ડોલર પ્લસ ક્લબમાં વોરન બફેટનો સમાવેશ

વોશિંગ્ટન : અમેરિકન રોકાણકાર અને બિઝનેસ ટાઈકૂન વોરન બફેટ પણ હવે વિશ્વના ટોચના ૧૦૦ અબજ ડોલરથી વધુની સંપત્તિ ધરાવતાં ધનાઢયોની યાદીમાં ઉમેરાયા છે. ઓરેકલ ઓફ ઓમાહા તરીકે ઓળખાતા બફેટ આ એલિટ ક્લબના પાંચમા સભ્ય બન્યા છે. બફેટ બુધવારે ૧૦૦ અબજ ડોલરથી વધારે સંપત્તિ ધરાવતાં નાનકડા જૂથમાં ભળ્યા હતાં. ૯૦ વર્ષના વોરન બફેટ ઈન્વેસ્ટમેન્ટ ફર્મ બર્કશાયર હાથવેના ચેરમેન છે, તેની



ટેક કંપનીના શેરની કિંમત વિક્રમ સ્તરે પહોંચી જતાં તેમની સંપત્તિ ૧૦૦ અબજ ડોલરને પાર કરી ગઈ હતી અને ૧૦૦.૪ અબજ ડોલર નોંધાઈ હતી. વોરન બફેટની સંપત્તિ સૌપ્રથમવાર ૧૦૦ અબજ ડોલરને પાર કરી ગઈ છે.

### બફેટ વિશ્વના પાંચમા ક્રમના સૌથી ધનિક બન્યા

ફોર્બસના રિયલ ટાઇમ બિલિયોનર રેન્કિંગ અનુસાર એમેજોનના બેઝોસ ૧૭૯.૬ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના નંબર એક ધનાઢય છે. તેના પછી ટેસ્લાના સીઈઓ એલન મસ્ક ૧૬૫.૧ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા ક્રમ પર છે. ત્રીજા ક્રમે ન્ફરૅ જૂથના ડિરેક્ટર બર્નાર્ડ આર્નોલ્ટ ૧૫૮.૬ અબજ ડોલરની નેટ વર્થ ધરાવે છે. ચોથા ક્રમે માઇક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સ ૧૨૫.૬ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે.

### બ્રાઝિલમાં કોરોનાનો કેર : ૮૦ હજાર કેસ, ૧૯૭૨નાં મોત

પેજ નં. ૧૯

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# વેક્સીન માટે બિમારીના પુરાવા જરૂરી નથી : આરોગ્ય મંત્રી

## એપ્રિલના આરંભથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કે મેદસ્વીતા જેવી બિમારીઓ ધરાવનારા લોકોને પણ રસી અપાશે

ટોરોન્ટો : ઓન્ટેરિયોવાસીઓ જ્યારે કોવિડ-૧૯ની વેક્સીન માટે જાય ત્યારે તેમણે અગાઉની બિમારીઓના કોઈ પુરાવાઓ આપવા નહીં પડે, એવી સ્પષ્ટતા આરોગ્ય ખાતાના મંત્રી ક્રિસ્ટીન ઍલીયોટે સોમવારે કરી હતી. તેમણે કહ્યું હતું કે, જ્યારે લોકોને કલીનીક પર આવવાની પરવાનગી મળશે, ત્યારે આવીને વેક્સીન લઈ શકશે. એમાં કોઈ વિશેષાધિકાર નહીં હોય.

વેક્સીનેશનનો આશય મોટાભાગના લોકોને આવરી લેવાનો છે અને દેશમાં જ્યારે ચોથી વેક્સીનને પણ મંજૂરી મળી રહી છે ત્યારે વધુ જથ્થો પણ ટૂંક સમયમાં આવવાનો છે. એપ્રિલના આરંભથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કે મેદસ્વીતા જેવી ચોક્કસ બિમારીઓ ધરાવનારા લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે. એલિયટે એમ પણ કહ્યું હતું કે, સ્થાનિક આરોગ્ય કેન્દ્રો આવનારા લોકોનું સ્ક્રીનીંગ



કરે, ત્યારબાદ જ લોકોને કલીનીક સુધી મોકલશે, અમે વેક્સીનેશન માટે આવનારાઓ માટે કોઈ મુશ્કેલીઓ વધારવા માંગતા નથી. એટલે તેમણે અગાઉની બિમારીઓ વિશેના પુરાવાઓ નહીં લાવવા પડે. જ્યારે લોકો નિયમોનું પાલન કરીને યોગ્ય સમયે આવતા હોય, ત્યારે એમને સરળતાથી વેક્સીનનો ડોઝ મળે એ જ મહત્વનું બને છે. આરોગ્ય મંત્રીના પ્રવકતાએ પછીથી જણાવ્યું હતું કે, જેમને અગાઉની બિમારી હોય તેમણે વેક્સીન માટે અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવાની કે સામુહિક વેક્સીનેશનના સ્થળે જવાની જરૂર નથી.આવા લોકો માટે અલગથી વેક્સીનેશનની ગોઠવણ થશે. જ્યાં તેમની અગાઉની બિમારીના પુરાવાઓ સાથે લાવવાના રહેશે એવું પહેલા નક્કી થયું હતું, પરંતુ હવે અગ્રીમતા મૂજબ વેક્સીનેશન થશે. જેમાં કોઈ પુરાવાઓની જરૂર નહીં પડે. પહેલી વેક્સીનના ડોઝની પૂર્ણાહુતી સોમવારે થઈ હતી. હવે એપ્રિલના અંત સુધીમાં બીજા ડોઝની શરૂઆત થઈ શકશે. દરમિયાન ઓન્ટેરિયોમાં સોમવારે કોવિડ-૧૯ના નવા ૧૬૩૧ કેસ નોંધાયા હતા.

# હેલ્થ સેકટરમાં સ્ટાફની તંગી, ક્યૂબેકમાં વિદેશથી નર્સની ભરતી કરવા કવાયત

## ફ્રાન્સ અને બેલ્જીયમમાંથી અંદાજે ૧૭૦૦ નર્સો અને ૨૦૦ સહાયકોને ક્યૂબેક લાવવાનો લક્ષ્યાંક

ઓન્ટેરિયો : ક્યૂબેકના આરોગ્ય વિભાગમાં નર્સોની તંગી ઉભી થતાં હવે વિદેશમાંથી ભરતી કરી એ ખોટ પુરી કરાશે એમ રેડીયો કેનેડાના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. અહેવાલ મુજબ આવનારા મહિનાઓમાં ફ્રાન્સ અને બેલ્જીયમમાં ભરતી મેળા યોજી અંદાજે ૧૭૦૦ નર્સો અને ૨૦૦ સહાયકોને ક્યૂબેક લાવવામાં આવશે.

આમ પણ કોવિડ-૧૯ મહામારી શરૂ થઈ એ પહેલાથી જ ક્યૂબેકમાં નર્સો અને અન્ય આરોગ્ય કમીઓની અછત



હતી. મહામારીને કારણે એમાં વધારો થયો હતો. એને કારણે બે વર્ષ પહેલા વિદેશથી જે નર્સોને બોલાવવી પડતી હતી, એમાં હવે પાંચ ગણો વધારો થશે એમ પણ અહેવાલમાં જણાવાયું હતું.

આ સમસ્યા માત્ર ક્યૂબેક પ્રાંતની જ નથી. અન્ય પ્રાંતોમાં પણ હેલ્થ વર્કર્સની અછત જોવા મળી રહી છે. ગયા વર્ષથી ખાલી પડેલી જગ્યાઓમાં અંદાજે ૫૦ ટકાનો વધારો થયો છે.

ખાસ કરીને આઈસીયુ અને ઈમરજન્સી રૂમ્સમાં નર્સોની જરૂર વધુ પડતી હોવાને કારણે આ અછતની સ્થિતિ ઉભી થઈ છે. તાજેતરના આંકડાઓ મુજબ કેનેડામાં હેલ્થ એન્ડ કેર સેકટરમાં રોજગારીનું પ્રમાણ ઝડપથી વધી રહયું છે.

# કેનેડામાં વિખૂટા સભ્યોને પરિવાર સાથે મેળવવા માટે પ્રોસેસિંગ ક્ષમતા વધારાશે

ટોરોન્ટો : કેનેડાનો ઈમિગ્રેશન વિભાગ સિડની, નોવા સ્કોસિયામા વધારાનું કેસ પ્રોસેસિંગ સેન્ટર શરૂ કરી કેનેડા પરિવારોને ફરીથી એક સાથે રાખવા વધુ અરજીઓનું પ્રોસેસિંગ કરવાની ક્ષમતા વધારવા માંગે છે. આઈઆરસીસીએ ઓફિસ માટે નવી જગ્યા લીધી છે અને વધારાના ૬૨ કર્મચારીઓને નોકરી આપશે એમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

આ નવા કર્મચારીઓ ફેમિલી કલાસ ઓવરસીસ એપ્લીકેશન્સ પર જ વધુ ધ્યાન આપશે. આ નવા સંસાધનો મળ્યા બાદ આઈઆરસીસી ઓછા સમયમાં વધુ અરજીઓની પ્રોસેસ કરી શકશે. મહામારીને કારણે જે પરિવારના સભ્યો દેશ બહાર રહી ગયા હોય, તેમને ઝડપથી પાછા લાવી શકાય એ આશયથી આ ક્ષમતા વધારવામાં આવી રહી છે.

હાલમાં સિડનીના કેસ પ્રોસેસિંગ સેન્ટરની ક્ષમતા નિર્ધારીત સંખ્યાની સરખામણીમાં ત્રીસ ટકા ઓછી છે. કેમ કે, કોરોનાને લગતા પ્રતિબંધો હોવાથી વધુ જગ્યાની જરૂર પડી છે. એટલે નવી ઓફિસમાં વધુ કર્મચારીઓ બેસી શકે એવી વ્યવસ્થા રાખવામાં આવી છે. વળી, જે કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરી શકતા હોય તેમને એ સુવિધા પણ આપવામાં આવી રહી છે. આ નવી ઓફિસ એક વર્ષની લીઝ પર લેવામાં આવી છે. જેને જરૂર જણાય તો વધારી શકાશે.

# કામદારોના ઈમિગ્રન્ટસમાં અમેરિકાને પાછળ છોડી કેનેડા દુનિયામાં પ્રથમ

ઓન્ટેરિયો : ઈમિગ્રન્ટ કામદારો માટેની પહેલી પસંદ અત્યાર સુધી અમેરીકા હતું. પણ તાજેતરમાં બોસ્ટન કન્સલ્ટીંગ ગૃપના સર્વેક્ષણ મુજબ કોવિડ -૧૯ની મહામારી બાદ સ્થિતિ બદલાઈ ગઈ છે. કેનેડાએ અમેરિકાને ટોચના સ્થળેથી હટાવી એ સ્થાન હાંસલ કરી લીધું છે. આ સર્વેક્ષણમાં વિશ્વના ૧૯૦ દેશોએ ભાગ લીધો હતો. જેમાં કેનેડાને પ્રથમ સ્થાન અને અમેરીકાને બીજું સ્થાન મળ્યું હતું. આ અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૮માં થયેલા સર્વેમાં અમેરિકાએ પહેલું અને કેનેડાએ ત્રીજુ સ્થાન મેળવ્યું હતું. વૈશ્વિક મહામારીના સમયમાં અમેરિકાના કાયદા કાનૂનોના અમલને કારણે આ વખતના સર્વેમાં એ બીજા સ્થાને થઈ ગયું હતું. જો કે એમાં પણ ઓસ્ટ્રેલિયા સાથે ટાઈ હતી. મહામારીની અસર લોકોના અભિગમ અને રાષ્ટ્રીય નીતિઓ તરફ વધુ વળ્યું હોવાથી અમેરિકાએ પોતાનું ટોચનું સ્થાન ગુમાવવુ પડયું છે. સરવેમાં લગભગ ૨૦૯૦૦૦ લોકોએ ભાગ લીધો હતો. જે ૨૦૨૦ના નવેમ્બરમાં હાથ ધરાયો હતો. આ સરવેમાં જણાયું હતુ કે, કામ માટે વિદેશ જવાનું પસંદ કરનારાઓની સંખ્યામાં અંદાજે ૭ ટકાનો ઘટાડો ૨૦૧૮ની સરખામણીમાં આવ્યો છે.

# હાઉસ ઓફ કોમન્સમાં વર્ચ્યુઅલ વોટીંગ

## કોવિડ-૧૯ને કારણે કેટલાય સાંસદોએ ગૃહમાં આવવાનું ટાળ્યું

ઓટાવા : પાર્લામેન્ટમાં સાંસદોએ ૩૦ મિનીટમાં પોતાના મોબાઈલથી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને એપથી મતદાન કર્યું હતું. કોવિડ-૧૯ના કાળમાં જે સાંસદો પોતાના વિસ્તારમાં કામ કરતા હોય તેઓ પણ સંસદીય કાર્યવાહીમાં ભાગ લઈ શકે એ આશયથી વિકસાવવામાં આવેલા મોબાઈલ એપનો ઉપયોગ મતદાન માટે કરવામાં આવ્યો હતો.

છેલ્લા એક વર્ષથી લોકડાઉનને કારણે સંસદના દરવાજા બંધ હતા. હવે જ્યાં સુધી સ્થિતિ સામાન્ય નહીં થાય ત્યાં સુધી સંસદની કાર્યવાહીને આગળ વધારવા બંને પક્ષો તૈયાર થયા છે. સંસદની કાર્યવાહીમાં રૂબરૂ હાજર સભ્યો અને ગેરહાજર સભ્યો પણ મતદાન કરી શકે એવી મોબાઈલ એપ વિકસાવવામાં આવી છે. જેમાં દરેક સાંસદને મતદાન માટે પોતાનો મોબાઈલ વાપરવાની છૂટ આપવામાં આવી હતી. એવા સાંસદો વિડીયો કોન્ફરન્સીંગથી સંસદની કાર્યવાહીમાં ભાગ પણ લઈ શકે છે. મતદાન માટે સોમવાર સુધીમાં તૈયારીઓ કરી લેવાઈ હતી. પરંતુ ઘણાં કિસ્સામાં એક મત માટેની પ્રક્રિયામાં એક કલાકનો સમય પણ લાગ્યો હતો. જો કે, આ હાઈબ્રીડ સંસદનો પ્રયોગ સફળ થશે તો ભવિષ્યમાં દરેક સાંસદને માટે ૧૦ મિનિટનો સમય મળશે.

સોમવારની શરૂઆતમાં થોડી અડચણ આવી હતી. કેટલાક સાંસદો મતદાન કરી ન શકયા હોવાનું પણ જાણવા મળ્યું હતું. સ્પીકર એન્થોની રોટાએ કહ્યું હતું કે, ભવિષ્યમાં આવું ન થાય એનું ધ્યાન રખાશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, એક દિવસ ફરીથી પહેલાની જેમ સંસદની કામગીરી ચાલશે એવી આશા છે.

# હેમિલ્ટનમાં જેલનું ભોજન લેવા કેદીઓએ ઈન્કાર કર્યો, ભૂખ હડતાળ કરવાની ચીમકી

- ૬૨થી વધુ લોકોને ચેપ લાગ્યા બાદ વધુ સુવિધાની માંગણી

ટોરોન્ટો : હેમિલ્ટનના વેન્ટવર્થ ડીટેકશન સેન્ટરના ૫૦ થી ૬૦ કેદીઓએ જેલનું ભોજન લેવાનો ઈન્કાર કર્યો હોવાનું અને વધુ સારી સુવિધાઓની માંગણી કરી હોવાનું એડવોકેટે બુધવારે જણાવ્યું હતું.

પ્રાંતમાં કોરોનાનો પ્રકોપ વધ્યો હોવાથી જયારે ૬૨થી વધુ લોકોને ચેપ લાગ્યો હોવાનું બહાર આવતા જ કેદીઓએ જેલમાં કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી વધુ સારી સુવિધાઓની માંગણી સાથે ભોજન લેવાનો ઈન્કાર કર્યો હતો. બાર્ટન પ્રિઝનર લોલિડારીટી પ્રોજેકટના સભ્ય કેમિલી ડેસ્પ્લેનીએ કહ્યું હતું કે, જેલમાં કેદીઓની સ્થિતિ સારી નથી અને રોગચાળાની સ્થિતિમાં તેમને વધુ સારી સુવિધાઓ આપવી જરૂરી છે. શહેરમાં ગુરૂવારે ૭૨ કેસ નોંધાયા હતા. જે પૈકી ૫૧ કેદીઓ હતા અને બાકીના જેલના સ્ટાફના સભ્યો હતા. તેમણે કહ્યું હતું કે, કેદીઓએ સુવિધાઓ માટે ભુખ હડતાળ કરવાનું નક્કી કર્યું છે. તેમણે જેલમાં સ્વચ્છતાના સાધનો અને મળતા આહારની શુધ્ધતા વધારવાની માંગણી કરી છે. જે હાલમાં તેમને મળતી નથી. બીજી જેલોના કેદીઓ પણ આ અભિયાનમાં જોડાય એવી સંભાવના પણ તેમણે વ્યકત કરી હતી. કેદીઓએ સ્વચ્છ પથારીઓ, હાથ ધોવા માટે સાબુ અને ખુલ્લામાં ફરવા માટે વધુ સમયની પણ માંગણી કરી છે.

# કોરોના ઈફેક્ટ : વિવિધ વ્યાજદરમાં વધારો મુલતવી રાખવા બેંક ઓફ કેનેડાનો નિર્ણય

ઓટાવા : ધી બેંક ઓફ કેનેડાએ મહત્વના વ્યાજદરોમાં વધારો કરવાનું મુલતવી રાખ્યું હોવાનું બુધવારે જણાવ્યું હતું. જો કે, અર્થતંત્રમાં સુધારાની આગાહીઓ છે. આમ છતાં અગાઉની આગાહી મુજબ વર્ષના આરંભે આર્થિક મંદી જોવા મળતી હતી.

જાન્યુઆરીમાં સેન્ટ્રલ બેંકે લોકડાઉન અને એને લગતા પ્રતિબંધો વધુ કડક કરવાની ચેતવણી આપી હતી કે પહેલા ત્રિમાસિક ગાળામાં પ્રાંતનો જીડીપી વધારવાના પ્રયાસો થશે. પરંતુ સ્ટેસ્ટીક કેનેડાએ એવા સંકેતો આપ્યા હતા કે, ગયા વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળાની સરખામણીમાં અર્થતંત્ર મજબૂત થઈ રહયું છે. આમ છતાં આરોગ્યલક્ષી પ્રતિબંધોની અસર એના પર પડી શકે છે.

સેન્ટ્રલ બેંકના નીતીકારોએ લીધેલા નિર્ણય મુજબ બુધવારે જાહેર કરાયું હતું કે, લોકડાઉન અને અન્ય પ્રતિબંધોને કારણે વ્યાપાર ઉદ્યોગોના વિકાસ માટે હાલના સમયમાં વ્યાજદરમાં કોઈ વધારો કરવો હિતાવહ જણાતો નથી. એમ પણ જણાવાયું હતું કે, હાઉસિંગ સેકટરમાં અપેક્ષાથી વધુ તેજી જોવા મળી રહી છે. પરંતુ એની સ્થિરતાની કોઈ અસર જીડીપી પર પડશે કે નહીં એ સ્પષ્ટ નથી. એટલે વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની પ્રવૃતિ પર ધ્યાન આપ્યા બાદ જ આગળનો નિર્ણય લેવાશે. બેંક તરફથી કરાયેલી જાહેરાતમાં એમ પણ જણાવાયું હતુ કે, નવા કોરોના વાઈરસના લક્ષણોનું જોખમ વધુ હોવાથી અર્થતંત્રના વિકાસ પર એની અવળી અસર પડી શકે છે. એ જોતાં વ્યાજદરોમાં વધારો કરવો અત્યારે યોગ્ય નહીં ગણાય.

# કોરોનાનું સંકટ યથાવત, ૧૮૩૦ સંક્રમિત, ૨૫ના મોત

## કેનેડામાં એકટિવ કેસની સંખ્યા ૩૦૫૭૯ નોંધાઈ, ૫૪૯ દર્દીઓની હાલત અત્યંત નાજૂક

**• ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૧૦૯૨ દર્દીઓના સેમ્પલ કોરોના પોઝિટિવ, ક્યુબેકમાં વાયરસ ૧૫ને ભરખી ગયો**

ટોરોન્ટો : કેનેડામાં કોરોના વાયરસે ફરી ફુંફાડો મારવાનું શરૂ કરતાં ગુરુવારે સાંજ સુધીના વીતેલા ૨૪ કલાકમાં ૧૮૩૦ નાગરિકો વાયરસની ચપેટમાં આવી ગયાની પુષ્ટિ થઈ હતી. જયારે આ જ સમયગાળામાં વધુ ૨૫ દર્દીઓએ કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવવાની નોબત આવી હતી.

કેનેડામાં ગુરુવારે વધુ ૧૮૩૦ કોરોનાગ્રસ્ત મળી આવ્યા હતા. જેમાં સૌથી વધુ કેસ ઓન્ટેરિયોમાં ૧૦૯૨ નોંધાયા હતા. અહીં ગુરુવારે ૧૦ દર્દીઓના મોત થયા હતા. જયારે ૧૧૧૦ દર્દીઓને રિકવરી આવતા તે તમામને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ક્યૂબેકમાં નવા ૭૩૮ નાગરિકોમાં કોરોના વાયરસ હોવાના તબીબી તપાસના રિપોર્ટ આવ્યા હતા. અહીં ગુરુવારે ૧૫ કોરોના પોઝિટિવ દર્દીના મોત નોંધાયા હતા. જે કેનેડાના અન્ય વિસ્તારો કરતા વધુ હતા. આ ઉપરાંત સાસ્કેચવાનમાં નવા ૧૬૫ દર્દી મળવા સાથે ૧૫૩ દર્દી સાજા થયાનું નોંધાયું હતુ. બ્રિટીશ કોલંમ્બીયામાં નવા ૫૬૯ દર્દી મળવા સાથે ૩ દર્દીએ સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો. મોનીટોબામાં નવા ૯૧ લોકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. જયારે ૩ દર્દીના મોત થયા હતા.

ગુરુવારે સાંજની સ્થિતિએ સમગ્ર કેનેડામાં એકટિવ કેસની સંખ્યા ૩૦૫૭૯ રહી હતી. જે આંકડો સરકાર અને આરોગ્ય વિભાગ માટે ચિંતાજનક મનાય છે. આ ઉપરાંત દેશમાં સારવાર લઈ રહેલા ૫૪૯ દર્દીઓની હાલત અત્યંત નાજૂક બની હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતુ.

# વેક્સીનનો જથ્થો મળતાં કેનેડામાં ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા પોસ્ટરો લાગ્યા




નવી દિલ્હી : કેનેડાને ભારતમાં બનેલી કોરોના વેક્સિન મોકલવા માટે કેનેડા સ્થિત ભારતીય સમુદાયના લોકોએ ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. ટોરંટોમાં અનેક સ્થળોએ આભાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટર લગાવવામાં આવ્યા છે. ભારતે કેનેડાને કોરોના વેક્સિન આપી છે. કેનેડામાં હાજર ભારતીય સમુદાયના લોકોએ ૯ જગ્યાઓ પર આભાર માટે વડાપ્રધાન મોદીના મોટો-મોટા પોસ્ટર લગાવ્યા છે અને વધુ બીજી જગ્યાઓ પર પોસ્ટર લગાવવાની તૈયારી ચાલી રહી છે.

ભારતે કેનેડા માટે ૧૦ લાખથી વધારે વેક્સિનના ડોઝની મંજુરી આપી છે અને તેમાંથી ૫ લાખથી વધારે ડોઝ મોકલવામાં આવી ચુક્યા છે. કેનેડામાં રહેતા ભારતીય સમુદાયના લોકોએ ભારત તરફથી વેક્સિન મોકલવા માટે ભારત સરકાર અને વડાપ્રધાનનો આભાર માન્યો છે. ભારતમાં બનેલી કોરોના વેક્સિનની દુનિયાભરમાં માંગ વધી રહી છે અને ભારત અત્યાર સુધીમાં ૫૦થી વધારે દેશોને વેક્સિનની સપ્લાઈ કરી ચુક્યું છે. શરૂઆતમાં ભારતે પોતાના પાડોશી દેશોને વેક્સિનની સપ્લાઈ કરી છે અને તે બાદ નજીકના મિત્ર દેશોને વેક્સિન મોકલી છે. કેનેડાની સરકારે શરૂઆતમાં ભારતથી વેક્સિન માટે સંપર્ક નહોતો કર્યો પરંતુ જ્યારે ત્યાં વિપક્ષી દળોએ સરકાર પર દબાણ બનાવ્યું તો કેનેડાએ પણ ભારત પાસે વેક્સિન માંગવી પડી.

# ઓન્ટેરિયોના રેસ્ટોરાં વર્કર્સને વેકસિનેશનમાં સમાવી લેવા માંગણી: લેખિત રજૂઆત કરાઈ

ટોરોન્ટો : ઓન્ટેરિયોમાં એક હજારથી વધુ લોકોના હસ્તાક્ષરો સાથેની એક અરજી રજુ કરીને રેસ્ટોરાં વર્કર્સને કોવિડ-૧૯ની વેકસીનના બીજા તબક્કાના વેકસીનેશન માટે લાયક ગણવાની માંગણી કરવામાં આવી હતી. ઓન્ટેરિયોના કોલિંગવુડ ખાતેના લો ડાઉન બારના માલિક કેસી મેકકેલે આ અરજી આગળ મોકલવાનું નક્કી કર્યુ હતું અને પ્રિમીયર ડગ ફોર્ડ તથા કોવિડ-૧૯ વેકસીન ટાસ્ક ફોર્સના સભ્યો સમક્ષ અરજી રજુ કરી ખાણી પીણીના વ્યવસાય સાથે સંકળાયેલાઓને વેકસીનેશનમાં પ્રાથમિકતા આપવા માટે માંગણી કરાઈ હતી. અરજીમાં જણાવાયું હતું કે, વેકસીન માટે જો જોખમને ધ્યાનમાં લેવાતું હોય તો અમે લોકો માટે ભોજન તૈયાર કરીને પીરસવાનું કામ કરનારા છીએ. જે મોટાભાગે માસ્ક વિના ખાઈ રહેલા લોકોને ભોજન પીરસતા હોઈએ છીએ. અમે ગ્રાહકોથી દૂર રહીને એ કામ કરી શકતા નથી કે વર્ક ફ્રોમ હોમ કરી શકતા નથી. તેથી અમને વાઈરસનું જોખમ વધુ હોય છે. આવા સંજોગોમાં અમારો સમાવેશ પ્રાથમિકતાની યાદીમાં કરવો જોઈએ. હવે જયારે વેકસીનનો જથ્થો પણ પુરતો છે, ત્યારે બીજા તબક્કા માટેના લિસ્ટમાં અમારો સમાવેશ થવો જોઈએ. ગયા અઠવાડિયે સરકારી યાદીમાં જે લોકોને વેકસીન માટે લાયક ગણાવવામાં આવ્યા હતા, તેમાં સ્કુલના સ્ટાફ, ફુડ મેન્યુફેકરીંગ વર્કર્સ, એગ્રીકલ્ચર વર્કર્સનો સમાવેશ કરાયો હતો. જયારે રીટેલ ગ્રોસરી સ્ટોર્સના કામદારોને પણ ઓછા જોખમી જુથને લાયક ગણાયા હતા. પરંતુ રેસ્ટોરાં વર્કર્સને એમાંથી બાકાત રખાયા હતા. મેકકેલે જણાવ્યું હતું કે, પ્રાથમિકતાની યાદી જોઈને તેમને નવાઈ લાગી હતી કે, રેસ્ટોરાના કામદારોને કેમ બીજા તબક્કાના વેકસીનેશન માટે લાયક ગણાવાયા નથી. એ કારણસર જ તેમણે આ અરજી કરી છે.

જનરલ હેલ્પ / રસોઇ કામમાં બહેનોના હેલ્પની જરૂર છે.
ઈટોબીકોક એરિયામાં ગુજરાતી બહેનોની રસોઈ કામ માટે (જનરલ હેલ્પ / રોટલી બનાવવા માટે) જરૂર છે.
કામ ઇચ્છતાં બહેનોને વધારે જાણકારી માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
# 647-839-5649

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Are you planning to invite family members to Canada ?
Are you planning to travel outside Canada?
Visitors Insurance
Travel Insurance
Super Visa Insurance
* Pre existing medical conditions coverage * Monthly pay plans
* Full refund if visa denied * Pro rated refund for early return
* Reduced premium plans with deductible
Make your investment plans, meaningful with T.F.S.A RRSP RESP
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance
Critical Illness Insurance
DisabilityInsurance
Call today for a free no obligation quote
Jagdish Patel
(Agency Owner, Insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com

• Better Commission package
• One on one basis support
Hiring new & experienced insurance advisor
• Weekly product training
• Full flexibility

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.

Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial
MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC.
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.

# સાઈબર હુમલા : ભારતને રંજાડવા ચીનના નવા પેંતરા

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

૨૦૨૦ના જૂન મહિનામાં ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલા ઘર્ષણમાં ભારતના ૨૦ જવાનોએ શહાદત વ્હોરી હતી. જયારે સામેપક્ષે ચીનના ૪૦ જવાનો ઘાયલ થયા અને ૧૦થી વધુ સૈનિકો મોતને ભેટ્યા હતા. સતત વિસ્તારવાદની નીતિમાં માનતા ચીને લદાખ સરહદે એલએસીને મુદ્દે વિવાદ ઉભો કરતા આ સ્થિતિ સર્જાઈ હતી. ગલવાન ખીણમાં બનેલા ઘટનાના ચાર મહિના બાદ ઑક્ટોબરમાં મુંબઈના એક મોટા હિસ્સામાં પાવર ગ્રીડના ફેલ થવાની ઘટના ઘટી હતી. સામાન્ય રીતે જોવા જઈએ તો આ ઘટના જુદી જુદી છે. પરંતુ ટેકનીકલી આ બંને ઘટનાઓ સંકળાયેલી છે. મુંબઈમાં પાવરગ્રીડ ફેલ કરવા પાછળ ચીનનો હાથ હતો. અમેરિકાની મેસેચ્યુસેટ્સ સ્થિત સાઈબર સિક્યોરિટી કંપની રેકોર્ડેડ ફ્યુચરે હાતમાં એક અહેવાલમાં જારી કર્યો છે. જેમાં લખાયું છે કે,

ચીની સરકાર સાથે સંબંધિત એક સમૂહના હેકર્સે મેલવેઅર મારફતે ભારતની મહત્ત્વપૂર્ણ પાવર ગ્રીડને નિશાન બનાવી હતી. રેકોર્ડેડ ફ્યુચર એક સાઈબર સિક્યોરિટી કંપની છે. જે જુદા જુદા દેશોના ઈન્ટરનેટનો વપરાશ કરી એમનો અભ્યાસ કરે છે. ન્યુ યોર્ક ટાઈમ્સમાં આ જાણકારી પ્રકાશિત થયા બાદ ભારત અને ચીન બંનેએ એના વિશે પ્રતિક્રિયા આપી હતી. જો કે, કેન્દ્રીય ઊર્જાપ્રધાન આર. કે. સિંહે જણાવ્યું છે કે, સરકાર પાસે એવા કોઈ પુરાવા નથી, જેનાથી એ સાબિત થાય કે ઑક્ટોબર, ૨૦૨૦ના મુંબઈમાં પાવર બ્લેકઆઉટની ઘટના ચીન અથવા પાકિસ્તાનના કોઈ સાઈબર હુમલાને કારણે થઈ હોય.

બીજી તરફ મહારાષ્ટ્ર સરકારે પણ આ ઘટનાની તપાસ કરી છે. મહારાષ્ટ્ર સરકારના ગૃહપ્રધાન અનિલ દેશમુખનું કહેવું છે કે, તેઓ ટૂંક સમયમાં સાઈબર પોલીસની તપાસનો અહેવાલ વિધાનસભામાં રજૂ કરશે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, આ ઘટના પાછળ સાઈબર હુમલો કારણભૂત હોઈ શકે છે. એમાં મેલવેઅર દ્વારા પાવર ગ્રિડને નિશાન બનાવાયું હતુ. જેમાં વિદેશી સર્વરના લૉગ-ઈન કરવાની વાતને સમર્થન અપાયું છે.

અનિલ દેશમુખે જણાવ્યું હતું કે, આ સાઈબર હુમલા માત્ર મુંબઈ સુધી જ સીમિત નથી. દેશભરમાં કોઈ પણ સ્થળે આ પ્રકારના સાઈબર હુમલા થઈ શકે છે. આપણે આ મુદ્દે રાજનીતિ ન કરવી જોઈએ. ગયા વર્ષે ૧૨ ઑક્ટોબરના રોજ મુંબઈના એક મોટા હિસ્સામાં ગ્રિડ ફેલ થવાને કારણે વીજળી ગુલ થઈ ગઈ હતી. એને કારણે મુંબઈ અને આસપાસના ક્ષેત્રમાં જનજીવન પર ગંભીર અસર પડી હતી. લોકલ ટ્રેન, હૉસ્પિટલો અને સરકારી ઑફિસોનું કામ પણ ખોરવાઈ ગયું હતું. આ મામલે ચીને પણ પોતાનો પક્ષ રાખ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ નિવેદન જારી કરીને કહ્યું હતુ કે, કોઈ પણ પ્રમાણ કે પુરાવા વિના કોઈ પર આવી રીતે આવો આરોપ લગાવવો ખોટો છે.

બીજી તરફ અમેરિકાએ કહ્યું હતુ કે, આ કંઈ પ્રથમ વાર નથી કે, ચીન પર સાઈબર હુમલાનો આરોપ લાગ્યો હોય. ગયા વર્ષે અમેરિકાના વિદેશ મંત્રાલયે હ્યુસ્ટન, ટેક્સાસ સ્થિત ચીનના વાણિજ્ય દૂતાવાસને બંધ કરી દીધું હતું. અમેરિકાનો આરોપ હતો કે, ચીન અમેરિકાની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ચોરી કરી રહ્યું છે. એ સમયે અમેરિકી જાસૂસી સંસ્થા એફબીઆઈના વડાએ ચીન સરકારની જાસૂસી અને સૂચનાઓની ચોરીને અમેરિકાના ભવિષ્ય માટે અત્યાર સુધીનો સૌથી મોટો દીર્ઘકાલીન ખતરો ગણાવ્યો હતો.

ઑબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના કાર્તિક બોમાકાંતિકે ભારત અને ચીનના સાઈબર આર્મીનું વિશ્લેષણ કરતો એક રિસર્ચ આર્ટિકલ લખ્યો છે, જેમાં તેમણે નોંધ્યું છે કે, ચીન પાસે આ પ્રકારે કોઈ દેશને નિશાન બનાવવા માટે અલગ ફોર્સ છે, જેને પીએલએ-એસએસએફ કહે છે. પીએલએ-એસએસએફનો મતલબ છે પીપલ્સ લિબરેશન આર્મી - સ્ટ્રેટેજિક સપોર્ટ ફોર્સ. સાલ ૨૦૧૫માં ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે સેનામાં મોટાપાયે બદલાવો કર્યો હતો. આ સમયે ચીનમાં આ ખાસ દળની સ્થાપના કરાઈ હતી. એસએસએફ આ પ્રકારના હુમલા કરવા માટે સક્ષમ છે.પીએલએના જનરલ સ્તરના અધિકારીના માર્ગદર્શન હેઠળ આ આખી વીંગ કામ કરે છે. અલગ-અલગ સ્રોતથી એકત્રિત જાણકારીને આધારે આ ફોર્સમાં કેટલાક એવા લોકો પણ કામ કરે છે જે એસએસએફ સાથે સીધા નથી જોડાયેલા, પણ એમના ઈશારે કામ કરે છે તેવી વાત બહાર આવી છે. સુત્રોના મતે આવા લોકો હેકર્સ પણ હોઈ શકે છે. સાઈબર હુમલો કરવો હોય ત્યારે આવા હેકર્સની મદદ લેવામા આવે છે. મુંબઈમાં ગયા વર્ષે ૧૨ ઑક્ટોબરે થયેલા હુમલા અંગે વાત કરતાં કાર્તિક કહે છે કે, 'આ પ્રકારના સાઈબર હુમલાનો ખતરો ભારત પર ત્યાં સુધી રહેશે, જ્યાં સુધી ચીની સામાન, હાર્ડવેર, સૉફ્ટવેરનો વપરાશ ઈલેક્ટ્રિસિટી ગ્રીડમાં કરવામાં આવતો રહેશે. મુંબઇ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ગ્રિડની અંદર ચીની સામાનનો ઉપયોગ થયો છે. જેના કારણે ચીન સરળતાથી તેને નિશાન બનાવી શક્યું છે.

આવા હુમલા કરવા માટે હેકર્સ અને સોફ્ટવેર પ્રોગ્રામરને એક કોડ જનરેટ કરવાની જરૂરત હશે, જે મેલવેઅર બનાવે અને પછી આવા હુમલા કરે.' મહારાષ્ટ્ર સરકારના અહેવાલમાં પણ મેલવેઅર અને ટ્રોજન જેવા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ટ્રોજન એક પ્રકારનું મેલવેઅર છે. જે સિક્યોરિટી સિસ્ટમની બહાર જઈને બૅકડોર બનાવે છે, જેનાથી હેકર્સ તમારી સિસ્ટમ પર નજર રાખી શકે છે. એ પોતાને એક સૉફ્ટવેરની જેમ ઓળખાવે છે અને પછી ટેમ્પર્ડ સોફ્ટવેરમાં મળી જાય છે. ન્યુ યોર્ક ટાઈમ્સના રિપોર્ટમાં ભારતના સાઈબર પીસ ફાઉન્ડેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેણે ગલવાનમાં ભારત-ચીન સંઘર્ષ બાદ સાઈબર હુમલામાં તેજી આવવાની વાત કરી હતી. સાઈબર પીસ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ વિનીત કુમારે જણાવ્યું હતું કે, ૨૦ નવેમ્બર, ૨૦૨૦થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૧ વચ્ચે એમના સંશોધનમાં જણાયું છે કે, ચીનના આઈપી એડ્રેસથી ક્રિએટિવ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર (પાવર ગ્રિડ, હૉસ્પિટલ) પર હુમલા તેજ થયા છે. નવેમ્બરથી ફેબ્રુઆરીમાં એમણે ૨ લાખ ૯૦ હજાર જેટલા હિટ્સ જોયા છે. એટલે કે એ વાત સ્પષ્ટ થાય છે કે, કયા આઈપી એડ્રેસથી સાઈબર હુમલાની કોશિશ થઈ રહી છે. એમાં ચીનનાં આઈપી એડ્રેસ વધારે હતાં. રિસર્ચ દરમિયાન કમ્પ્યુટર પર સેન્સર લગાવવામાં આવે છે અને પછી એવાં સર્વર, નેટવર્ક અને વૅબસાઈટ બનાવવામાં આવે છે જેનાથી જાણી શકાય કે આ હૉસ્પિટલ, પાવર ગ્રિડ, રેલવેનું સર્વર કે વૅબસાઈટ છે. જ્યારે એના પર સાઈબર એટેક થાય છે ત્યારે સેન્સર દ્વારા જાણવા મળે છે કે એ કયા દેશના હુમલાખોરો છે અને એ કેવી રીતે નિશાન બનાવી રહ્યા છે. ભારતમાં આ પ્રકારના સાઈબર હુમલા રોકવામાં બે સંસ્થા છે. એક છે સીઈઆરટી, જેને ભારતીય કમ્પ્યુટર ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમના નામથી ઓળખવામાં આવે છે. ૨૦૦૪માં તેનું ગઠન કરાયું હતુ. જે સાઈબર હુમલા ક્રિટિકલ ઈન્ફર્મેશનમાં નથી આવતા એના પર તુરંત કામ આ સંસ્થા કરે છે. બીજી સંસ્થા નેશનલ ક્રિટિકલ ઈન્ફર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન સેન્ટર છે, જે ૨૦૧૪થી કામ કરે છે. આ સંસ્થા ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થતા હુમલાની તપાસ અને રિસ્પોન્સનું કામ કરે છે. ઑબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનની તૃષારે કહે છે કે, 'ભારતમાં સાઈબર સુરક્ષા કાનૂન જેવું અલગથી કંઈ નથી. આઈટી ઍક્ટ હેઠળ આવા મામલામાં કાર્યવાહી કરવામાં આવે છે. એ ઉપરાંત પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલની અંદર પણ કેટલીક જોગવાઈ છે જે સાઈબર સુરક્ષા સાથે જોડાયેલી છે, પણ હજી સુધી કાયદો નથી બન્યો. નેશનલ સિક્યોરિટી કાઉન્સિલની જવાબદારી છે કે સાઈબર સિક્યોરિટી સ્ટ્રેટેજી દેશ માટે બનાવે. સાલ ૨૦૨૦ સુધી એ તૈયાર થવાની હતી, પણ હજી સુધી એનું કામ પૂરું થયું નથી.

મનોજ ગાંધી
manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax



**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

**Franchise Opportunity in GTA**

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




**Quarantine Special Package**

**$73 Per Day**



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# રાજ્યમાં કોરોનાના વધુ ૭૧૦ નવા કેસ, ૪૫૧ના મોત

ગાંધીનગર : ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર ફરી વધી રહ્યો છે. રાજ્યમાં કોરોનાનો બીજો વેવ શરૂ થઈ ગયો છે. દરરોજ નવા કેસમાં મોટો વધારો થઈ રહ્યો છે. ગુરુવારે રાજ્યમાં ૭૧૦ નવા કેસ નોંધાયા હતા. આશરે ત્રણ મહિના બાદ રાજ્યમાં એક દિવસમાં આટલા કેસ સામે આવ્યા છે. ખાસ કરીને મહાનગરોમાં નવા કેસમાં ખુબ વધારો થઈ રહ્યો છે. તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં એક પણ મૃત્યુ નોંધાયું નથી. સારવાર બાદ ૪૫૧ લોકો સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ કેસ સુરત જિલ્લામાં સામે આવ્યા છે. અહીં ૨૦૧ નવા કેસ આવ્યા છે. તો અમદાવાદ જિલ્લામાં ૧૫૩ કેસ સામે આવ્યા છે. વડોદરા જિલ્લામાં ૯૫, રાજકોટ ૭૭ કેસ સામે આવ્યા છે. આ સિવાય આણંદમાં ૧૮, ખેડામાં ૧૪, સાબરકાંઠામાં ૧૪, કચ્છમાં ૧૩, ભરૂચ ૧૨, ભાવનગર ૧૩, નવસારીમાં નવ અને ગાંધીનગરમાં ૧૬ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યામાં ફરી વધારો થઈ રહ્યો છે. આજની તારીખે રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૭૮૮ થઈ ગઈ છે, જેમાં ૪૯ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો સારવાર બાદ અત્યાર સુધી કુલ ૨૬૭૭૦૧ લોકો સાજા થયા છે. કોરોનાને લીધે ગુજરાતમાં અત્યાર સુધી ૪૪૧૮ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતનો કોરોના સામે રિકવરી રેટ ૯૭.૦૩ ટકા છે. રાજ્યમાં રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે. ગુરુવારે રાજ્યમાં કુલ ૧૬ હજાર ૯૧૧ લોકોને કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા હતા.

## લોકો બેદરકાર રહેશે તો ફરી લોકડાઉન કરવું પડશે



રાજ્યમાં કોરોનાના કેસમાં ફરી વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે આ અંગે ચિંતા વ્યક્ત કરતા રાજ્ય સરકારને સૂચનો આપ્યા છે કે, રાજ્યમાં કોરોનાને લઈને ફરીથી સ્થિતિ વણસી શકે છે. આ સ્થિતિનો સામનો કરવા માટે રાજ્ય સરકાર સજ્જ રહે. જેના માટે રાજ્ય સરકાર કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલની સુવિધા પૂરતા પ્રમાણમાં રાખે. હાઈકોર્ટે તેના આદેશમાં નોંધ્યું છે કે, કોરોના સંદર્ભે લોકોનું લાપરવાહી ભર્યું વલણ કે બેદરકારી ચિંતાજનક છે. જેના લીધે, રાજ્ય સરકારે ફરી એકવાર લોકડાઉન અમલમાં મુકવું પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. સમાજના ગરીબ લોકો રોગની સારવાર માટે સરકારી હોસ્પિટલમાં આવતા હોય છે. આ સંજોગોમાં સરકારી હોસ્પિટલમાં સરકાર પૂરતી સુવિધાનું ધ્યાન રાખે તે જરૂરી છે.

## આણંદના સારસામાં ૭ દિવસનું લોકડાઉન જાહેર, એક સાથે ૨૫ કેસ નોંધાતા ખળભળાટ

આણંદ: આણંદ જિલ્લામાં કોરોના કેસો વધી રહ્યા હોવાથી હાહાકાર મચી જવા પામ્યો છે. કોરોનાને કારણે આણંદના સારસા ગામમાં સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવાના આદેશ કરવામાં આવ્યો છે. મંગળવારથી ૭ દિવસ માટે લોકડાઉન જાહેર થયું છે. પરંતુ ઘરવપરાશની વસ્તુ માટે સવારે ૧૦ વાગ્યા સુધી છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરપંચે જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણ અટકાવવા માટે સ્વૈચ્છિક લોકડાઉન આગામી ૦૭ દિવસ માટે જાહેર કરાયું છે. સવારના ૧૦ વાગ્યાબાદ તમામ બજારો, હોટલો સહિતના વેપારધંધા બંધ રાખવા જણાવ્યું છે. હાલમાં સારસા ગામે કોરોના પોઝિટીવ કેસો વધી રહ્યા છે. સારસા ગામમાં મંગળવારે એક સાથે ૨૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા હતા.

## ગુજરાત રાજ્યમાં એક જ દિવસમાં ૧.૮૦ લાખ લોકોને કોરોના રસી અપાઈ

અમદાવાદ: ગુજરાતમાં બુધવારે એક જ દિવસમાં ૧,૮૦,૫૦૭ વ્યક્તિને કોરોના રસી આપવામાં આવી હતી. આ સાથે જ રાજ્યમાં અત્યારસુધી કુલ ૨૦.૩૯ લાખ વ્યક્તિ કોરોના રસી લઈ ચૂક્યા છે. સિનીયર સિટીઝનો તેમજ ૪૫થી વધુ વયના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૩૦,૪૨૬ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. અત્યારસુધીમાં કુલ ૧૬,૫૩,૭૦૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું જ્યારે ૩,૮૫,૭૦૯ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ પૂર્ણ થયું છે. દેશના જે રાજ્યમાં સૌથી વધુ વ્યક્તિઓને કોરોના રસી આપવામાં આવી છે તેમાં રાજસ્થાન ૨૩.૩૦ લાખ સાથે મોખરે, ગુજરાત બીજા, મહારાષ્ટ્ર ૧૯.૪૦ લાખ સાથે ત્રીજા, ઉત્તર પ્રદેશ ૧૯.૨૦ લાખ સાથે ચોથા સ્થાને છે.

## સૌથી ઘાતક બ્રિટિશ સ્ટ્રેન બાદ દક્ષિણ આફ્રિકી સ્ટ્રેન મળી આવતા તંત્રમાં હડકંપ

સુરત : ગુજરાતમાં કોરોનાની ચિંતા વચ્ચે સુરતમાંથી બ્રિટન સ્ટ્રેનનાં બે કેસ મળી આવતા સરકારની ચિંતામાં વધારો થયો છે. એક સાથે બે કેસ બ્રિટન સ્ટ્રેનનાં મળી આવ્યા છે. જેના પગલે સુરત પાલિકા દ્વારા આ લોકોના સંપર્કમાં આવેલા તમામ લોકોને ક્વોરન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત આ બંન્ને દર્દીઓની વિશેષ સારવાર માટે પણ ડોક્ટર્સ દ્વારા નિષ્ણાંતોનો સંપર્ક કરવામાં આવ્યો છે. તેમને અન્ય કોરોના દર્દીઓથી અલગ જ વોર્ડમાં રાખીને સારવાર કરવામાં આવે તેવી વ્યવસ્થા તંત્રએ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાનાં નવા બે સ્ટ્રેન આવ્યા છે. જે પૈકી બ્રિટનનો સ્ટ્રેન વધારે ઘાતક છે. આ સ્ટ્રેન દેશમાં ન ફેલાય તે માટે સરકાર દ્વારા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા હતા.

## માસ્ક નહીં પહેનારાઓને પાસેથી ૧૬૮ કરોડનો દંડ વસૂલી હોસ્પિટલને ચકવણું

ગાંધીનગર : ગુજરાત સરકારે રાજ્યમાં કોવિડ ડેઝિગ્નેટેડ ખાનગી હોસ્પિટલોને ચુકવણાંનો ખર્ચો માસ્કના દંડની કડક વસૂલાત દ્વારા કાઢવાનો અભિગમ અપનાવ્યો હોવાનું સમજાય છે. રાજ્યમાં ૩૧ ડિસેમ્બર, ૨૦ની સ્થિતિએ ૨૪ જિલ્લાઓમાં ૧૦૫થી વધુ કોવિડ ડેઝિગ્નેટેડ ખાનગી હોસ્પિટલોને કોરોના દર્દીઓની સારવાર પેટે રૂ. ૧૫૨.૩૩ કરોડની ચુકવણી કરી છે, જેમાં એકલા અમદાવાદની ૭૦ હોસ્પિટલોને જ રૂ. ૧૦૦ કરોડ ચૂકવાયા છે, આ ચુકવણું રૂ. ૧.૦૦૦ કરોડ પહોંચવાની ગણતરી મુકાઈ છે. બીજી તરફ માસ્ક નહીં પહેરનારી વ્યક્તિઓને વ્યક્તિદીઠ રૂ. ૧,૦૦૦નો દંડ કરવાની જોગવાઈ અમલમાં મૂકી એ સાથે છેલ્લા છ માસમાં જ માસ્ક વિનાની વ્યક્તિઓ પાસેથી રૂ. ૧૬૭,૮૯,૨૨,૦૦૦નો જંગી દંડ વસૂલ્યો છે.




# વાંકાનેરના અગ્રણીનો લેટરબોમ્બ, ‘કુંડારિયા મારી નાખશે’ તેવો ભય

રાજકોટ : વાંકાનેરમાં પાલિકાની ચૂંટણી બાદ હવે ભાજપમાં જબરું ઘમાસાણ મચ્યું છે. ૬૦ વર્ષની વધુ વય હોવા છતાં ડમી ઉમેદવાર તરીકે પૂર્વ નગરપતિ જીતુ સોમાણીનું ફોર્મ શા માટે ભરવામાં આવ્યું એ બાબતે મોરબી જિલ્લા ભાજપે વાંકાનેર શહેર ભાજપના પ્રમુખનો ખુલાસો પુછતાં પૂર્વ નગરપતિએ જબરા ઉકળાટ સાથે સાંસદ, પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા સંગઠન ઉપર ગંભીર આક્ષેપો કર્યા છે.



મોરબી જિલ્લા ભાજપના પ્રમુખને ઉદ્દેશીને જીતુ સોમાણીએ લખેલાં પત્રમાં જણાવ્યું છેક ડમી બાબતે પક્ષની કોઈ ગાઈડલાઈન ન હતી. ઉમેદવારી માટે સ્પષ્ટ માર્ગદર્શિકા હોવા છતાં માળિયા નગરપાલિકાની ચૂંટણીમાં ૭૫ વર્ષના એક સહિત ૬૦ વર્ષથી ઉપરના ૪ ઉમેદવારોને ચૂંટણીમાં ઉભા રખાયા હતા. જિલ્લા ભાજપે પ્રદેશમાંથી આવેલ ફંડ તમામ સ્થળે અપાયું પરંતુ વાંકાનેરને અપાયું નથી.

જીતુ સોમાણીએ પત્રમાં જણાવ્યું છે કે સાંસદ મોહન કુંડારિયા વારંવાર રાગદ્વેષ, કિન્નાખોરી રાખી મારી રાજકીય કારકિર્દી ખતમ કરવા પ્રયત્ન કરે છે. રાજકીય પ્રભાવ વધારવા યેનકેન પ્રકારે ભાજપના કાર્યકરોને દબાવી ધમકાવે છે. વાંકાનેર શબેર ભાજપના પ્રમુખ દિનુ વ્યાસને પણ ધમકાવાયા છે. મોહનભાઈનો સ્વભાવ ડંખીલો છે તે મને ક્યારેય પણ મારી નાખશે કે અકસ્માતમાં ખપાવી દેશે તેનો ભય લાગે છે.

૨૦૨૦માં મોરબીની પેટાચૂંટણીમાં ક્રાંતિ અમૃતિયાએ પક્ષવિરોધી પ્રવૃતિ કરેલી છતાં તેમને નોટિસ આપવામાં આવી નથી. મારી સાથે રાગદ્વેષ રાખવામાં આવે છે.

# ભુજની ૨૨ દિકરીએ ક્લાસિકલ ડાન્સ કરી રેકોર્ડ કર્યો

ભુજ : વિશ્વ મહિલા દિને ભુજમાં કાર્યરત કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રની અનાથ બાળાઓએ એક મોટો રેકોર્ડ બનાવીને ગુજરાત સહિત દેશનું નામ રોશન કર્યું છે. તેમણે નોન સ્ટોપ ૨૫ મિનિટથી વધુ સમય સુધી ક્લાસિકલ ડાન્સ રજુ કરીને અનોખો વર્લ્ડ રેકર્ડ ઓફ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું છે. આ અનાથ બાળાઓ છેલ્લા સવા મહિનાથી ક્લાસિકલ ડાન્સમાં માહિર પાસે કલા શીખી રહી છે. વર્લ્ડ રેકર્ડ ઓફ ઈન્ડિયામાં રેકર્ડ માટે જજની પેનલમાં સામેલ મિલન સોનીએ જણાવ્યું હતું કે, કચ્છ કે ગુજરાતમાં ક્યાંય પણ અનાથ દિકરીઓએ રેકોર્ડ બનાવ્યો હોય તેવી ઘટના નથી. ભુજમાં પહેલીવાર ઈતિહાસ સર્જાયો છે. જેમાં ૧૬ અનાથ દિકરીઓ સાથે કેન્દ્રના ૬ સ્ટાફ ગણ મળીને કુલ ૨૨ દિકરીઓ સતત ૨૫ મિનિટથી વધુ ક્લાસીક સંગીત ઉપર ડાન્સ રજુ કર્યો હતો. દિકરીઓ ક્લાસીક નૃત્યમાં પારંગત બની શકે તે માટે છેલ્લા દોઢ માસથી પર્ફોમીંગ આર્ટસનાં ગોલ્ડ મેડાલિસ્ટ એઈસા ઠક્કર દ્વારા તાલિમ આપવામાં આવી હતી.

# જૂનાગઢના કેશોદમાં મંગેતરના આપઘાતથી આઘાત સરી પડેલી યુવતીએ ફાંસો ખાધો

જૂનાગઢ: કેશોદના સોંદરડા ગામની એક યુવતીએ મંગેતરના આપઘાત બાદ તેના આઘાતમાં પોતે પણ ફંસો ખાઈને જિંદગી ટૂંકાવી લીધાનો બનાવ પોલીસ દફતરે નોધાયો છે. કેશોદના સોંદરડા ગામે રહેતી ઇન્દુબેન ડાયભાઈ સોલંકી ઉ.૨૦ નામની યુવતીએ ગઈકાલે પોતાના ઘરે છતમાં હુકમાં ચુંદડી બાંધીને ગળેફંસો ખાઈને આપઘાત કરી લીધો હતો, જેમાં પોલીસે તપાસ કરતા પ્રાથમિક અનુમાન મુજબ તેણીની ચાર માસ પહેલા રોહિત મકવાણા નામના યુવક સાથે સગપણ થયું હતું, ત્યાર બાદ રોહિતે કોઈ કારણોસર ગળેફંસો ખાઈ લેતા તેના આઘાતમાં તેણી ગુમસુમ રહેતી હતી, જેને લઈને તેણીએ આપઘાત કરી લીધો હોવાનું હાલ બહાર આવ્યું છે. તો ગીરનાર જંગલમાં પ્રેરણાધામ તરફ જતા જંગલ વિસ્તારમાં એક અજાણ્યા ૫૫ વર્ષીય ભિક્ષુકની ગળેફંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવ્યાની જાણ થતા ભવનાથ પોલીસે તપાસ કરી હતી,

# ભાવનગરના મેયર પદે કિર્તી દાણીધારિયા અને ડે. મેયર તરીકે કૃણાલ શાહ નિમાયા

ભાવનગર : રાજ્યની તમામ મહાનગરપાલિકામાં મેયર અને ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂંક શરૂ કરવામાં આવી રહી છે. ભાવનગર મહાપાલિકાને નવા મેયરના નામની મહોર લાગી ગઈ છે. ભાવનગરના મેયર તરીકે કિર્તીબહેન દાણીધારિયાની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે ડેપ્યુટી મેયર તરીકે કૃણાલ શાહની વરણી કરવામાં આવી છે. પરમાંથી ૪૪ સીટ જીતનારા ભાજપમા મેયર તેમજ વિવિધ કમિટીના ચેરમેનને લઈને અલગ અલગ નામોની ચર્ચાઓ શરૂ થઈ છે. ભાવનગરમાં પ્રથમ અઢી વર્ષ માટે મહિલા અનામત છે. આ વખતે ૨૩ મહિલાઓ ચૂંટાઈને આવેલી છે તેમાં ગત ટર્મમાં સૌથી લાયક અને શિક્ષીત મહિલા ઉમેદવાર તરીકે કીર્તિબેન દાનીધારીયા કે જેઓ એડવોકેટ નોટરી છે તેમનું નામ સૌથી આગળ નામ હતુ જ્યારે વર્ષબા પરમાર કે જેઓ ગઈ ટર્મમાં કપાયા હતા તેઓ સંગઠનમાં સારી કામગીરી કરતા હોય તેમનું નામ પણ આગળ ચાલી રહ્યું હતુ.

# દ્વારકાધીશ મંદિરે શ્રધ્ધાળુઓ વગર ફૂલડોલ ઉત્સવની કરાશે ઉજવણી

## •પદયાત્રા સંઘો અને સેવા કેમ્પોનું પણ આયોજન નહીં કરવા અપીલ

દ્વારકા : વિશ્વ વિખ્યાત દેવભૂમિ દ્વારકા ખાતે આવેલા શ્રી દ્વારકાધીશજી મંદિર ખાતે આ વખતે ફૂલડોલ ઉત્સવની જાહેર ઉજવણી કોરોના મહામારીને ધ્યાને લઈ, મુલતવી રાખવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે દર વર્ષે હોળી નિમિતે ફૂલડોલ ઉત્સવનું અતિભવ્ય આયોજન કરવામાં આવે છે. કોરોના મહામારીના કારણે સુવિખ્યાત ડાકોર, ભવનાથ મંદિર, જૂનાગઢ ખાતે યાત્રીકોને મંદિરમાં પ્રવેશ બંધ રાખવામાં આવ્યો છે. ત્યારે દ્વારકાધીશ મંદિરના વહીવટદાર તથા જિલ્લા કલેકટર દ્વારા સ્થાનિક પૂજારીઓ, અગ્રણીઓ તથા પોલીસ વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્ર સાથે તમામ બાબતે ચર્ચા-વિચારણા કરી, આગામી તારીખ ૨૭, ૨૮, ૨૯ માર્ચ દરમિયાન ફૂલડોલ ઉત્સવની ઉજવણી પ્રસંગે યાત્રિકોને મંદિરમાં પ્રવેશ બંધ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. આના અનુસંધાને દ્વારકા ખાતે આવતા પદયાત્રીક સંઘોને સંઘનું આયોજન ન કરવા તથા આ અંગે યાત્રિકોએ જરૂરી નોંધ લેવા વહીવટદાર તથા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. આટલું જ નહીં, દ્વારકાધીશ મંદિરની ઓફિસિયલ વેબસાઈટ ઉપર આ લાઈવ દર્શન પણ પ્રાપ્ય હોય, દરેક કૃષ્ણ ભક્તોએ આ લાઈવ દર્શનનો લાભ લેવા પણ વધુમાં અપીલ કરવામાં આવી છે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વડોદરા સામુહિક આપઘાત કેસ : જેલ જતાં બચવા પાંચ જ્યોતિષીએ આગોતરા માગ્યા

વડોદરા : વડોદરાના ન્યૂ સમા રોડ પર સ્વાતી સોસાયટીમાં રહેતાં સોની પરિવાર પાસેથી અમદાવાદ, વડોદરા અને પુષ્કરના નવ ભેજાબાજ જ્યોતિષિઓએ વાસ્તુદોષની વિધિ કરવાને બહાને ૩૨ લાખ રૂપિયા પડાવી તેમને આર્થિક રીતે બરબાદ કરી નાખવા અંગેની પોલીસ ફરિયાદ નોંધાતા અમદાવાદના પાંચ લેભાગુ જ્યોતિષીઓએ ધરપકડથી બચવા માટેની અત્રેની કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકી છે. પોલીસે આરોપીઓને જામીન નહીં આપવા કોર્ટમાં વિગતવારનું સોગંદનામું કર્યું છે. જેની સુનાવણી ૧૨ માર્ચે હાથ ધરાશે.

સોની પરિવારે લેભાગુ જ્યોતિષીઓના પાપે એટલી હદે તુટી ગયો હતો કે ૬ સભ્યોએ સામુહિત આપઘાતનું પગલું ભર્યુ હતું. જેમાં પાંચના મોત થયા હતા. જ્યારે ઉર્વશી ભાવિન સોની આજે પણ પણ જીવન મરણ વચ્ચેઝોલા ખાય છે. આ કેસમાં આરોપી ખીનરાજ પંચારામ જોશી (રાણીપ, અમદાવાદ) વિજય ગીરીશ જોષી (નારણપુરા, અમદાવાદ), અને પ્રહલાદરામ છેલારામ જોષી (અંકુર ક્રોસ રોડ, અમદાવાદ)એ પોલીસ ધરપકડથી બચવા કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકી છે.

જ્યોતિષીઓના કારણે જ સામૂહિક આપઘાતનો પ્રયાસઃ પોલીસ

સમા પોલીસે આરોપીઓને જામીન નહીં આપવા માટે કોર્ટમાં કરેલાં સોગંદનામામાં ધારદાર રજૂઆત કરી હતી કે આરોપી જ્યોતિષીઓએ સોની પરિવાર પાસેથી રૂપિયા પડાવી કપરાં સંજોગો પેદા કરી દેતાં પરિવારને નાછૂટકે સામૂહિતક આપઘાત કરવા સુધીનું પગલું ભરવું પડ્યું હતું. જ્યોતિષીઓની ગેંગે અત્યાર સુધી કેટલા કેટલા લોકની ઠગાઈ કરી છે તે અંગે પણ પોલીસ તપાસ કરશે.

# ડાકોર રણછોડરાય મંદિરમાં ત્રણ દિવસ પરંપરાગત પ્રથાઓ પળાશે



ડાકોર : પ્રસિદ્ધ તીર્થસ્થળ ડાકોર રણછોડરાયજી મંદિરે હોળી પૂનમનો મેળો નથી યોજાવાનો અને ત્રણ દિવસ મંદિર બંધ રહેવાનું છે તેવું મંદિર સૂત્રો દ્વારા જણાવાયું છે. પરંતુ આ દિવસોમાં મંદિરની તમામ પ્રથાઓ પરંપરાગત રીતે પાળવામાં આવશે તેવું પણ તેમણે જણાવ્યું છે. મંદિરના સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કોરોનાને લીધે મંદિર બંધ રહેવાનું છે પણ તમામ ધાર્મિક રીતિરિવાજ અનુસરવામાં આવશે. ડાકોરના મંદિરે ભક્તો દ્વારા આસ્થાભેર શ્રીજીના વસ્ત્રોની બાધા, તોલદાન કરવાની બાધા, રાજભોગ કરવાની બાધા અને ધજાજી ચઢાવવાની બાધા રાખતા હોય છે. હોળીપૂનમમાં આ બાધાઓ માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટતાં હોય છે. ટેમ્પલ કમિટીના મેનેજર અરવિંદભાઈ મહેતાએ જણાવ્યા પ્રમાણે રાજભોગ અને તોલાની બાધા માટે ભક્તોએ અન્ય દિવસોમાં આવવું પડશે, જ્યારે હોળીના મેળા માટે ધજાજી સ્વીકારવાનાં કેન્દ્રો ચાલુ રાખવામાં આવશે.

# ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખ સામ અવિશ્વાસ દરખાસ્તનો ફિયાસ્કો

ધાનેરા : ધાનેરા નગરપાલિકાના ૧૧ ભારતીય જનતા પાર્ટીના નગરસેવકોએ પાલિકાના પ્રમુખ જગલ બેન ઠાકોર તેમજ ઉપ પ્રમુખ શંકરભાઈ પટેલ વિરુદ્ધ ત્રણ મુદા સાથે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ હતી. ભારતીય જનતા પાર્ટીના નગરસેવકોએ પ્રમુખ તેમજ ઉપ પ્રમુખ પર ત્રણ મુદ્દાને આવરી લઈ આક્ષેપો કર્યા હતા. જેને લઈ પાલિકા ખાતે સામન્ય સભા બોલવામાં આવી હતી. ચીફ ઓફિસર એસ.એમ.અન્સારીની હાજરીમાં અવિશ્વાસ દરખાસ્તને લઈ મતદાન યોજાયું હતું. જેમાં રજૂ થયેલ અવિશ્વાસની દરખાસ્તની તરફેણમા ભારતીય જનતા પાર્ટી ના ૧૨ નગરસેવકોએ હાથ ઊંચો કરી મતદાન કર્યુ હતું.જેની સામે અવિશ્વાસની દરખાસ્તના વિરુદ્ધમા કોંગ્રેસ ના ૧૬ નગરસેવકોએ હાથ ઊંચો કરી મતદાન કરતા અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ શકી ન હતી.

# આણંદના મંગળપુરામાં યુવકો દ્વારા પશુપાલક યુવકની છરો મારી હત્યા

- પોલીસે બંને હત્યારા સામે લૂંટ અને હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી

આણંદ : આણંદ શહેરની ગણેશ ચોકડી રૂપાપુરા વિસ્તારમાં રહેતા ભાસ્કરભાઈ ઉર્ફે વિષ્ણુભાઈ નાગજીભાઈ રબારી પશુપાલનનો વ્યવસાય કરતા હતા. તેઓની ગાયો ઘરે ન આવતા મોટરસાયકલ લઈને તેઓ ગાયો શોધવા નીકળ્યા હતા. દરમ્યાન બે યુવકોએ ભાસ્કરભાઈ ઉર્ફે વિષ્ણુ રબારીને ઉભા રાખ્યા હતા અને સાધન અમને આપી દે તેમ કહેતા ભાસ્કરભાઈએ સાધન આપવાની ના પાડતા તેઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. દરમ્યાન બંને યુવકો પૈકીના ફરહાન અબ્દુલરજ્જાક મેમણ (રહે.આણંદ)એ ભાસ્કરભાઈને પકડી રાખ્યો હતો અને આકાશ સતીષભાઈ મેકવાને છાતીના ભાગે છરાના ઉપરાછાપરી ઘા ઝીંકી દેતા ભાસ્કર ઉર્ફે વિષ્ણું ત્યાં જ ફસડાઈ પડયો હતો અને ઘટના સ્થળે જ તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. બાદમાં બંને શખ્શો મોટરસાયકલ લઈને ફરાર થઈ ગયા હતા. ઉપરાંત આ ઘટના અગાઉ વૈભવ ભુપેન્દ્રભાઈ ગોહેલ સાથે બંને શખ્શોને તકરાર થઈ હોય ઝઘડાની રીષ રાખી વૈભવ ગોહેલ ઉપર પણ છરાથી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઘવાયેલ વૈભવ ગોહેલને કરમસદની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો.

# વડોદરાની ત્રણ પાલિકા અને ૮ તા. પંચા.માં પ્રમુખપદની ચૂંટણી યોજવા તંત્રની તૈયારી

વડોદરાઃ વડોદરા જિલ્લાના આઠ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખોની પણ તા.૧૮મીએ ચૂંટણી જાહેર કરવામાં આવી છે. વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ તેજ દિવસે વડોદરા જિલ્લાની આઠ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખોની ચૂંટણીઓ પણ જાહેર કરવામાં આવી છે. તમામ તાલુકા પંચાયતોમાં એક સાથે સવારે ૧૧ વાગે ચૂંટણી યોજાનાર છે અને ચૂંટણી અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી તેમજ પ્રાંત અધિકારીઓને નિમવામાં આવ્યા છે. આજ રીતે પાદરા,ડભોઈ અને સાવલી નગર પાલિકાઓના પ્રમુખ-ઉપપ્રમુખોની ચૂંટણી પણ તા.૧૬મીએ જાહેર કરવામાં આવી છે.જેની અધ્યક્ષતા ડેપ્યુટી કલેક્ટરો રહેશે.પ્રમુખ- ઉપપ્રમુખોની ચૂંટણી થયા બાદ તેઓ પક્ષના મોવડીઓ સાથે સંકલન કરી સમિતિઓની રચના કરશે.

# વડોદરા : પત્ની અને સાસરિયાઓના ત્રાસથી કંટાળેલા પતિનો આપઘાત

વડોદરા : કરચિયા વિસ્તારની આમ્રપાલી સોસાયટીમાં રહેતા શિરીષ હસમુખલાલ દરજીએ એલ.એલ.બી.નો અભ્યાસ કર્યો છે. અને હાલમાં ખાનગી કંપનીમાં સેલ્સ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે.શિરીષના લગ્ન સુરતના વ્યારામાં રહેતી મોનિકા નામની યુવતી સાથે થયા હતા. પરંતુ,ડિલીવરી પછી મોનિકા પિયરમાંથી પરત આવી નહતી. અને છેલ્લા ૧૧ મહિનાથી તે પિયરમાં જ રહેતી હતી. શિરીષ તેને વારંવાર પરત આવી જવા માટે સમજાવતો હતો. પરંતુ,તે આવતી નહતી. જેના કારણે શિરીષ સતત ટેન્શનમાં રહેતો હતો. ગઈકાલે શિરીષ અને તેની માતા વ્યારા ગયા હતા. ત્યારબાદ તેઓ મોનિકાને મળવા તેના ભાઈના ઘરે ડભોઈ રોડ પર ગયા હતા કારણકે મોનિકા હાલમાં તેના ભાઈના ઘરે રહેતી હતી. પરંતુ,મોનિકા પણ પરત સાસરીમાં આવવા તૈયાર નહતી.મોનિકાએ બૂમાબૂમ કરી તેના પતિને બે તમાચા ચોડી દીધા હતા.જેથી, શિરીષને બહુ જ લાગી આવ્યુ હતું. પોતાની નજર સામે જ પુત્રને પુત્રવધૂએ માર મારતા માતા જ્યોતિકાબેનને લાગી આવ્યુ હાઈ તેમણે આપઘાત કરવાનું નક્કી કરી લીધુ હતું.અને છાણી કેનાલ પાસે જઈને પાણીમાં ભૂસકો માર્યો હતો.પરંતુ,કેનાલની પાસે ઉભેલા લોકોએ પાણીમાં ઝંપલાવી જ્યોતિકાબેનને બહાર કાઢ્યા હતા. જ્યારે બીજી તરફ શિરીષે પણ ઘરે જઈને મકાનના પહેલા માળે મંદિરવાળા રૂમમાં પંખા પર સાડી વડે ફાંસો ખાઈ લીધો હતો. શરીષ પાસેથી મળેલી અંતિમચિઠ્ઠીમાં તેના પત્ની મોનિકા,સાસુ ગીતાબેન,સસરા કૈલાસભાઈ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા.અને પોતાના મોતને આત્મહત્યા નહી. પરંતુ,હત્યા ગણવામાં આવે તેવો ઉલ્લેખ કર્યો છે.

# નડિયાદ નગર પાલિકામાં પ્રમુખપદ માટેની ચૂંટણી રસાકસીભરી બનશે

- ખેડા જિલ્લામાં તાલુકા પંચાયતો - નગર પાલિકાઓમાં ત્રણ દાવેદારોમાં બે મહિલા અને એક પુરૂષ તથા એસસી સીટ પર ૩ મહિલાઓ વચ્ચે સ્પર્ધા

નડિયાદ : ખેડા જિલ્લામાં ગત બે મહિના ચાલેલો ચૂંટણીનો ગરમાવો શાંત થવા આવ્યો છે, ત્યારે તાલુકા પંચાયતો અને નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની વરણીઓના મુદ્દે રાજકારણ ગરમાયેલું છે. નડિયાદ નગરપાલિકામાં એક તરફ ભાજપને પ્રચંડ બહુમતી છે તો બીજી તરફ પ્રમુખની બેઠક એસ.સી. માટે અનામત હોવાથી પ્રમુખપદના ત્રણ દાવેદારોમાં સ્પર્ધા પ્રબળ બનેલી છે. ત્રણ દાવેદારોમાં બે મહિલા અને એક પુરુષ હોવાથી પ્રમુખની વરણી વધુ રોમાંચક બની છે. ઠાસરામાં પણ બહુમતી ન હોવા છતાં અપક્ષોનો ટેકો મેળવી ભાજપ સત્તા મેળવવામાં લાગ્યું છે. કઠલાલમાં નિયમ પ્રમાણે આ ટર્મમાં મહિલા અનુસૂચિત જાતિની બેઠક પરથી પ્રમુખ ચૂંટવાના હોવાથી ભાજપના વિજેતા ઉમેદવારોમાં એક જ દાવેદાર રમીલાબેન તુલસીભાઈ થોરી સામે આવ્યાં છે, જોકે ત્યાં પણ નિયમમાં અપવાદ આવી શકે છે કે કેમ તે પ્રશ્ન હોવાથી છેલ્લી ઘડી સુધી રોમાંચકતા જામેલી રહેવાની છે. બીજી તરફ ૧૨-૧૨ બેઠકોમાં વહેંચાઈ ગયેલી કણજરી નગરપાલિકામાં કોંગ્રેસ તેમના ઉમેદવારો તૂટતાં બચાવવામાં લાગી છે, જ્યારે ભાજપ એક તીરથી અનેક શિકાર પાડી પોતાનો પ્રમુખ બેસાડવાની પેરવીમાં છે.

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## સત્તાપલટાનો વિરોધ કરવા સડકો પર ઉતરેલા લોકો પર ગોળીઓ વરસાવવાનું શરૂ કરી દેવાયું

# મ્યાનમારઃ જન આંદોલનને કચડવા સેના દ્વારા હિંસા

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

મ્યાનમારમાં સેનાએ કરેલા સત્તાપલટા બાદ દેશમાં શાંતિપૂર્વક પ્રદર્શન કરી રહેલા લોકોને હવે કોઈપણ રીતે અટકાવવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. આ માટે મ્યાનમારની સેના હિંસા પર ઉતરી આવી છે. ગત સપ્તાહે જ ૪૦થી વધુ પ્રદર્શનકારીઓને ગોળીઓ ચલાવીને મોતને ઘાટ ઉતારીને મ્યાનમાંરની સેનાએ જાણે બહાદૂરીભર્યું કાર્ય કર્યું હોય તેવો દેખાયો કર્યો હતો,. ગત બુધવારે ચોથી માર્ચે સેનાની ફાયરિંગમાં ઓછામાં ઓછા ૩૮ જણાના મૃત્યુ નીપજ્યાં હતા. અગાઉ રવિવારે સુરક્ષા દળોની કાર્યવાહીમાં ૧૮ જણા મૃત્યુ પામ્યાના અહેવાલ હતાં. મ્યાનમારમાં પહેલી ફેબ્રુઆરીથી રાજકીય ઉથલપાથલ કરવાની પ્રક્રિયા ચાલુ છે અને લોકો લોકશાહીના પક્ષમાં સડકો પર ઉતરી રહ્યા છે.

તેથી મ્યાનમારની સેના અને પોલીસ વિરોધ કચડવા માટે હિંસાનો આશરો લઈ રહ્યાં છે. મ્યાનમારની સેનાએ સર્વોચ્ચ નેતા આંગ સાન સૂ ચી, રાષ્ટ્રપતિ વિન મિંટ સહિત અનેક નેતાઓની ધરપકડ કર્યા બાદ દેશમાં એક વર્ષની કટોકટી લાદી દેવાઈ છે. મ્યાનમારની સેનાની આ કાર્યવાહીની દુનિયાભરમાં આકરી ટીકા થઈ રહી છે. હજુ તો માત્ર ૧૦ વર્ષ પહેલા મ્યાનમારની સેનાએ સત્તાનું હસ્તાંતરણ લોકો દ્વારા ચૂંટાયેલી સરકારને કર્યું હતું. અને તે પછી લોકશાહીના લાભો લોકોને મળે તે પહેલાં જ સેનાએ સ્થિતિ બદલવા હવાતીયા મારવાનું શરૂ કરી દીધું છે.

સત્તાપલટાના સમાચાર બાદ આખા દેશમાં ડરનો માહોલ છે. હજુ તો એક દાયકા પહેલા મ્યાનમારમાં સેનાના પાંચ દાયકા સુધી ચાલેલા દમનકારી શાસનનો અંત આવ્યો હતો. હવે સૂ ચી તેમજ અન્ય રાજનેતાઓની ધરપકડ બાદ ત્યાંના નાગરિકોમાં નિરાશા વ્યાપી ગઇ છે. મ્યાનમારમાં સેનાએ કરેલા સત્તાપલટા બાદ પ્રજાનો રોષ વધી રહ્યો છે અને સેના વિરુદ્ધ આંદોલન તેજ બની રહ્યાં છે. દેશમાં ફરી વખત લોકશાહી દ્વારા ચૂંટાયેલી સરકારની પુનઃસ્થાપના કરવાની માંગ સાથે હજારોની સંખ્યામાં વિરોધપ્રદર્શન કરી રહ્યા છે. સૂ ચી અને તેમની એક જમાનામાં પ્રતિબંધિત રહી ચૂકેલી નેશનલ લીગ ફોર ડેમોક્રેસી પાર્ટી વર્ષ ૨૦૧૫માં મ્યાનમારના સૌથી સ્વતંત્ર અને નિષ્પક્ષ મતદાન બાદ સત્તામાં આવી હતી. ફેબ્રુઆરીમાં તેમણે ફરી વખત સત્તા સંભાળવાની હતી. પરંતુ સંસદના પહેલા સત્રના થોડા કલાકો પહેલા જ સૂ ચી સહિત અનેક રાજનેતાઓની ધરપકડ કરીને સેનાએ આખી સ્થિતિ બદલવા પ્રયાસ કર્યો છે. સમગ્ર ઘટનાક્રમમાં સેનાએ પડદા પાછળ રહીને પક્કડ જમાવી રાખી હતી. જોકે મ્યાનમારમાં સેનાનું જોર હોવા પાછળ ત્યાંનું બંધારણ જવાબદાર છે. મ્યાનમારમાં સંસદની ચોથા ભાગની બેઠકો સેના પાસે રહે છે. એટલું જ નહીં, દેશના સૌથી શક્તિશાળી મંત્રાલયોને નિયંત્રિત કરવાની સત્તા પણ સેના પાસે છે. તેથી સેના ધારે ત્યારે ગમે તે કરી શકે છે. સમગ્ર વિવાદની શરૂઆત ૨૦૨૦માં નવેમ્બરમાં યોજાયેલી ચૂંટણી બાદ થઈ હતી. આ ચૂંટણીમાં આંગ સાન સૂ ચીની પાર્ટી એનએલડીને ૮૦ ટકા વોટ મળ્યાં હતા. આમ તો છેલ્લા થોડા સમયથી સૂ ચીની સરકાર પર રોહિંગ્યા મુસ્લિમોના નરસંહારના આરોપ લાગ્યાં હતાં. તેમ છતાં તેમની પાર્ટીને જંગી જનસમર્થન મળ્યું હતુ.

ચૂંટણી બાદ સેનાનું સમર્થન મેળવેલી વિપક્ષી પાર્ટીએ ચૂંટણીમાં છેતરપિંડીના આરોપ પણ મૂક્યાં હતા. જો કે, આરોપો અંગે તેમની પાસે કોઈ પુરાવા ન હતા. આમ છતાં બંધારણે સેનાને આપેલા પાવરને આધારે નવા કાર્યકારી રાષ્ટ્રપતિ મીએન સ્વેએ દેશમાં તાત્કાલિક કટોકટી લાદી દીધી હતી. નવેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં સેનાના સમર્થનવાળી યૂનિયન સોલિડેરિટી એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીને પછડાટ ખાવી પડી હતી. જો કે, તે પછી પણ સંસદમાં સેનાનો દબદબો ઘટે તેમ ન હતો. વર્ષ ૨૦૦૬માં મ્યાનમારના બંધારણમાં થયેલા એક સંસોધન બાદ સેના પાસે ૨૫ ટકા સીટોનો અધિકાર છે. એ સાથે જ ગૃહ મંત્રાલય, રક્ષા મંત્રાલય અને સરહદ સાથે જોડાયેલા મામલાઓના મંત્રાલયનો સંપૂર્ણ અધિકાર સેના પાસે હોય છે.

એ જોતાં સેના પાસે સત્તાપલટો કરવાનું કોઈ દેખીતું કારણ નહોતું. એટલા માટે જ સેના શા માટે સત્તા પલટો કરાવી રહી છે તે સવાલ લોકોમાંથી ઉઠવા માંડ્યો છે. મીડિયાના અહેવાલોમાં નોંધાયું છે કે, મ્યાનમારના બંધારણમાં ફેરફાર કરવા માટે પણ ૭૫ ટકા સમર્થનની જરૂર હોય છે. જે સેનાના સહયોગ વગર અશક્ય છે. કારણ કે સેના પાસે ૨૫ ટકા વોટ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં મ્યાનમારના લઘુમતિ રોહિંગ્યા મુસ્લિમો ઉપર થયેલા અત્યાચાર માટે મ્યાનમારની સેનાની આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ટીકા થઈ હતી. અમેરિકાએ વર્ષ ૨૦૧૯માં તેના પર માનવાધિકારના ઉલ્લંઘન માટે પ્રતિબંધો પણ મૂક્યાં હતા. બ્રિટને પણ ૨૦૨૦માં તેમના પર પ્રતિબંધો મૂક્યાં હતા. ૨૦૨૦ના વર્ષના અંતે યોજાયેલી ચૂંટણીમાં સેનાના સમર્થનવાળી યૂનિયન સોલિડેરિટી એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીની જીત થવાની તેમની અપેક્ષા ફળીભૂત ન થઈ અને આંગ સાન સૂ કીની પાર્ટી પર ચૂંટણીમાં ગેરરીતિના આરોપ મૂકાયા ત્યારે જ સેના સત્તાપલટો કરશે એવા અણસાર મળવા લાગ્યાં હતાં. જાણકારોના મતે સત્તાપલટા પાછળનું કારણ કદાચ સેના માટે ચૂંટણીમાં મળેલી હાર પણ હોઈ શકે છે. હકીકતમાં સેનાને ચૂંટણીમાં આટલી કારમી હારની આશા નહોતી. મ્યાનમારમાં ભલે લોકશાહી હોય પરંતુ હજુ પણ સેના પોતાને સર્વેસર્વા માને છે. આખી દુનિયા આંગ સાન સૂ ચીને મ્યાનમારના રાષ્ટ્રમાતા કહે છે. પરંતુ મ્યાનમારની સેના પોતાને દેશના રાષ્ટ્રપિતા ગણાવે છે. એટલે જ્યારે પણ સત્તાની વાત આવે છે ત્યારે મ્યાનમારની સેના પોતાનો હક જવા દેવા રાજી થતી નથી. તાજેતરના વર્ષોમાં મ્યાનમારનું આંતરરાષ્ટ્રીય વેપારમાં મહત્ત્વ વધ્યું છે. જે સેનાને પસંદ આવ્યું હોય એવું લાગતું નથી.

જોકે મ્યાનમારના રાજકારણના જાણકારો પણ માથું ખંજવાળી રહ્યાં છે કે, સેનાએ સત્તાપલટો કરવા માટે હાલનો સમય શા માટે પસંદ કર્યો. કારણ કે એનાથી સેનાને કોઈ મોટો ફાયદો થાય એવું જણાતું નથી. જાણકારોના મતે વર્તમાન વ્યવસ્થા મ્યાનમારની સેના માટે અનુકૂળ છે. જેમાં વાણિજ્યિક હિતો અને રાજકીય હિતોમાં સંપૂર્ણ પણે સ્વાયત્તતા છે અને મોટાપાયે આંતરરાષ્ટ્રીય રોકાણ છે અને સરવાળે તો બધું સેનાના હાથમાં જ છે. સેનાએ વિપક્ષી પાર્ટીને મજબૂત બનાવવા માટે સત્તાપલટો કર્યો હોવાની અટકળો પણ ચાલી રહી છે. જોકે હ્યુમન રાઈટ સંસ્થાઓને ભય છે કે સેનાના આ પગલા બાદ મ્યાનમાર ફરી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે જુદું પડી જશે. આવું થવાથી દેશની અંદર રોષ પણ પેદા થશે. લોકો ફરી વખત સેનાનું શાસન નથી ઈચ્છતાં. તેઓ આંગ સાન સૂ ચીને સેનાની સત્તા વિરુદ્ધ મજબૂત નેતા તરીકે નિહાળે છે. જોકે સેન્યના સત્તા પલટા બાદ સેનાના જનરલ મિન ઓન્ગ હ્લાઈંગ મ્યાનમારના સૌથી શક્તિશાળી નેતા બની ચૂક્યાં છે. ૬૪ વર્ષીય હ્લાઈંગ ૨૦૨૧ના જુલાઈમાં રિટાયર થવાના હતાં. પરંતુ કટોકટીની જાહેરાત સાથે જ મ્યાનમારમાં તેમનું પલડું ભારે થઈ ગયું છે. સત્તાપલટા પહેલા પણ જનરલ હ્લાઈંગ સેનાના કમાન્ડર ઈન ચીફ તરીકે રાજકીય રીતે ઘણાં પ્રભાવશાળી હતાં. મ્યાનમારમાં લોકશાહીની શરૂઆત થયા બાદ પણ હ્લાઈંગે મ્યાનમારની તત્મડા તરીકે ઓળખાતી સેનાનો પ્રભાવ ઓછો ન થવા દીધો.

આ વલણ માટે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક વખત ટીકાઓનો સામનો પણ કરવો પડયો છે. મ્યાનમારની લઘુમતિ ઉપર સેનાના હુમલા માટે પ્રતિબંધોનો સામનો પણ કરવો પડયો હતો. હવે મ્યાનમારની સત્તા હાથમાં આવતા જનરલ હ્લાઈંગ પોતાની તાકાત વધારવા અને મ્યાનમારનું ભાવિ નક્કી કરવાની દિશામાં કામ કરશે. મ્યાનમારમાં સેનાનું શાસન નવું નથી. મ્યાનમારના લોકો સેનાનું દમન જોયું છે એટલા માટે જ તેઓ લોકશાહી માટે લડી રહ્યાં છે. જોકે મ્યાનમારની સેના પણ પોતાની અસલિયત બતાવી રહી છે અને દમન અને બર્બરતા પર ઉતરી આવી છે.



**સત્તાપલટા પાછળનું કારણ કદાચ સેનાને ચૂંટણીમાં મળેલી હાર પણ હોઇ શકે છે. હકીકતમાં સેનાને ચૂંટણીમાં આટલી કારમી હારની આશા નહોતી. મ્યાનમારમાં ભલે લોકશાહી હોય, પરંતુ હજુ પણ સેના પોતાને જ સર્વેસર્વા માને છે.**

# કમરના દુખાવાથી ફટાફટ છુટકારો મેળવવા અજમાવો આ આસન

લોકડાઉનમાં ઘણા લોકોએ વર્ક ફ્રોમ હોમ કર્યુ. પણ હવે સમય ધીરે ધીરે ફરી સામાન્ય થઈ રહ્યો છે. લોકો હવે પોતાની જોબ લાઈફ ફરી રાબેતા મુજબ શરૂ કરી રહ્યા છે. ઓફીસને અંદર લાંબા સમય સુધી બેસીને કામ કરવાનું હોય છે જેના કારણે લોકોમાં કમર દર્દની સમસ્યા જોવા મળે છે. કમરમાં દુખાવો, માંસપેશીઓમાં દર્દ, ડોકમાં સોજો વગેરે તકલીફે ડેસ્ક જોબના કારણે લોકોને થતી હોય છે.

આવી તકલીફેની અવગણના કરવી મુરખાઈ કહેવાય. આવી તકલીફેને જો સમય રહેતા સરખી ન કરવામાં આવે તો પછી લાંબે ગાળે નુકસાન થાઈ શકે છે. લોકોને જ્યારે આવી સમસ્યાઓ થાય છે ત્યારે તેઓ વિવિધ દવાઓ લેતા હોય છે. આવી દવાઓ લેવાથી દર્દમાં તો રાહત રહે છે પરંતુ લાંબા ગાળે આવી દવાઓની શરીર પર ખૂબ માઠી અસર થાય છે. ઊપરથી આવી દવાઓના સાઈડ ઈફેક્ટસ પણ ખૂબ હોય છે.

હસ્તોતાન આસન એક એવું આસન છે જે કરમના દર્દ અને સ્ટ્રેસથી આપણને રાહત અપાવે છે. આ આસન કરવું ખૂબ સહેલું પણ છે અને કોઈ પણ આ આસન સરળતાથી કરી શકે છે. હસ્તોતાન આસન કરવાથી કોઈ આડ અસર પણ થતી નથી અને આ આસન વડે કમર અને ડોકના દુખાવાનું કાઈમી નીવારણ આવે છે.



## આસન ક્યાં અને કેવી રીતે કરવું?

હસ્તોતાન આસન કોઈ પણ જગ્યાએ કરી શકાય છે. આ આસન કરવા માટે કોઈ ફિક્સ સમય હોતો નથી. આસન કરવા માટે સૌપ્રથમ તમારે સીધા અને ટટ્ટાર ઉભા રહેવાનું હોય છે. ત્યારબાદ તમારા બંને હાથોને ઉપર આકાશની તરફ ઉઠાવી લો. હવે તમારા હાથની હથેળીઓ ભેગી કરો અને તે સાથે જ તમારા પગની પેનીઓ વડે તમારા હાથ વધારે ઉપર કરવાનો પ્રયત્ન કરો. તમારે જેટલું બને ત્યાં સુધી હાથને ઉપર લઈ જવાના છે. ત્યારબાદ પેનીઓને ફરી જમીન પર મૂકી દો. પછી બંને હાથથી દાબી બાજુ સ્ટ્રેચ કરો અને પછી આવી જ રીતે જમણી બાજુ પણ સ્ટ્રેચ કરો. જો ત્રણ કલાકના સમયાંતરે આ આસન દિવસમાં ત્રણ-ચાર વાર કરવામાં આવે તો પછી તમને કમરનાં દુખાવાની સમસ્યા નહીં રહે. શરૂઆતમાં આ આસન થોડા ઓછા સમય માટે કરવું જેથી શરીને આ કોઇ નુક્સાન ન થાય. ધીરે ધીરે આસન કરવાના સમયમાં વધારો કરવો.

## હસ્તોતાન આસન કરવાથી શું ફયદા થાય છે?

સતત એક જ પોઝિશનમાં બેસવાથી શરીરની નસોમાં સ્ટ્રેસ આવી જાય છે. બેસતા સમયે આપણા શરીરનો બધો વજન આપણી બેક્બોન પર આવી જાય છે. તેથી જ એક જ પોઝિશનમાં બેસવાથી બેક્બોનનાં હાડકાંઓને પણ તકલીફ પહોંચે છે. આજ સ્ટ્રેસના કારણે થોડા સમય પછી હાડકાંઓમાં દુખાવો થવા લાગે છે. જોબના સમયે જો ખુરશીથી ઉભા થઇને જો બે-ત્રણ વાર હસ્તોતાન આસન કરવામાં આવે તો તમારા શરીરમાં બ્લડ ફ્લો સારું થઈ જાય છે. બ્લડ ફ્લો સારું થઈ જવાથી બેક્બોન સ્ટ્રેચ થઈ જાય છે. આ આસન કરવાથી તમારા શરીરનો નીચેનો ભાગ વધારે ફ્લેક્સિબલ બને છે.

## હસ્તોતાન આસન ઓફિસમાં કરવાના ફાયદા

ઓફિસમાં સતત બેઠા રહેવાના કારણે શરીરને અંદર બ્લડ સર્ક્યુલેશન ઓછું થાય જાય છે. જો ઓફિસમાં હસ્તોતાન આસન કરવામાં આવે તો શરીરમાં બ્લડ સર્ક્યુલેશન વધારે સારું થાય છે. આજકાલ ઓફિસમાં વધારે કામ કમ્પ્યુટરમાં થતું હોય છે. તે કારણે આંખોને પણ નુકસાન થાય છે. આ આસન કરવા માટે ઉભું થવું પડે છે જેથી થોડા સમય માટે આંખોને પણ આરામ મળે છે.

## રિફ્રેશ યોગથી રહો તરોતાજા

આ યોગ પણ ઓફિસમાં કરી શકાય છે. રિફ્રેશ યોગ પ્રણાયમનો પ્રકાર છે. રિફ્રેશ યોગ કરવા માટે કમર અને ડોક્ને ડાબી તથા જમણી બાજુ ફેરવો, આવી જ રીતે હાથ આને પગની આંગળીઓની એક્સસાઈજ કરો. કાનને બંને તરફ મરડો અને મોઢુંને બે ત્રણ વાર આખું ખોલ બંધ કરો. આવી રીતે દિવમાં બે ત્રણ વાર યોગ કરવાથી તમારા શરીરનો સ્ટ્રેસ દૂર થશે. હાલના ભાગદોડભર્યાં જિવનમાં યોગ શાંતી પ્રાપ્ત કરવા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ બનતો જાય છે. જો આપણે યોગને આપણાં રોજીંદા જિવનનો ભાગ બનાવીએ તો આપણે ઘણીબધી સમસ્યાઓથી છૂટકારો મેળવી શકીએ છીએ, યોગને પોતાના જિવનનો ભાગ બનાવવાનો સંકલ્પ કરવો અને તેને અનુરવું તે સંપૂર્ણપણે આપણાં હાથની વાત છે, બસ જરૂર માત્ર આપણી અંદરની આળસ ખંખેરવાની છે.



# Deepfake

ટેકનોલોજીનો વિકાસ રોજ-બરોજ વધતો જાય છે. એક બાજુ સારી એટલે કે લોકોને ઉપયોગમાં આવે એવી ટેકનોલોજી હોય છે જયારે બીજી બાજુ ટેકનોલોજી દ્વારા લોકોને હાની પહોચાડવામાં આવે છે. એવી જ એક ટેકનોલોજી **Deepfake**ના નામે ઓળખાય છે. સૌ પ્રથમ ફોટો મોર્ફિંગના નામે આ ટેકનોલોજી ઓળખાતી હતી. જેમાં ફક્ત કોઈ વ્યક્તિનો ચહેરો જ કોઈ અન્ય વ્યક્તિની બોડી સાથે બદલવામાં આવતું હતું અને આ રીતે ફક્ત ફોટો જ બનાવી શકતાં હતા. જેનું હવે અપ ગ્રેડ વર્ઝન **Deepfake**ના નામે ઓળખાય છે. જેમાં મોઢાની સાથે બોડી સ્ટ્રક્ચર પણ બદલી શકીએ છે અને ફોટાને બદલે વીડિયો બનાવવામાં આવે છે. જે ઘણી ખતરનાક સાબિત થઈ છે.

૨૦૧૭માં એક વેબસાઈટ પર **Deepfake** નામનો એક યુઝર હતો. આ યુઝરએ સૌપ્રથમ **Deepfake** ટેકનોલોજીનો ઉપયોગ પોર્નોગ્રાફી માટે કર્યો હતો. **Deepfake** ટેકનોલોજી એટલે આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સની મદદથી કોઈ પણ વીડિયોનું સ્વરૂપ કોઈ ખાસ ઉદ્દેશ માટે ફેક ફોટા અને વીડીઓમાં બદલવામાં આવે છે. ઓરીજીનલ વીડિયોના અવાજ માંથી અમુક શબ્દો પણ લેવામાં આવે છે. જેમાં સાચો વીડિયો કયો છે અને ફેક વીડિયો કયો છે તેનું અંતર ખબર પડતી નથી એટલે તેને **Deepfake** ટેકનોલોજી તરીકે ઓળખવામાં આવે છે. જેને મોર્ફ વીડિયો, સિન્થેટીક વીડિયો કે ડોક્ટર્ડ વીડિયો તરીકે પણ ઓળખવામાં આવે છે.

છેલ્લા અઠવાડિયામાં હોલીવુડ સુપરસ્ટાર ટોમ ક્રુઝનો આજ રીતે **Deepfake** ટેકનોલોજીની મદદથી ઘણા ફેક વીડિયો સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરે છે. જેમાં હકીકતમાં ટોમ ક્રુઝ ને બદલે કોઈ બીજી વ્યક્તિ છે. જે આટલી ચતુરાઈથી ટોમ ક્રુઝનો વીડિયો બનાવી શકે છે તો કોઈ પણ વ્યક્તિનો ફેક વીડિયો કે ફોટો બનાવી શકે છે. આ જ રીતે કોઈ પણ પ્રધાનમંત્રી કે સુપરસ્ટારનો વીડિયો બની શકે છે તો સામાન્ય વ્યક્તિનો ફેક વીડિયો બની શકે છે.

**Deepfake** વીડિયો ઓળખવા માટે સૌપ્રથમ વીડિયોમાં ચહેરા પર ફોકસ હશે અને બેકગ્રાઉન્ડને છુપાવ્યું હશે. દિન પ્રતિદિન સોશિયલ મીડિયા પર આશરે ૧૮૦ કરોડથી પણ વધુ પિક્ચર્સ અપલોડ થાય છે. ક્લોઝ અપ વાળા ફોટા જરૂરી ન હોઈ તો અપલોડ કરવા ન જોઈએ. બધા એંગલથી લીધેલી સેલ્ફી પણ સોશિયલ મીડિયા પર અપલોડ કરવી ન જોઈએ. જેમાં સૌથી વધુ મહિલાઓના ફોટા અપલોડ થાય છે. જે ભવિષ્યમાં જે-તે વ્યક્તિ માટે હાનીકારક બની શકે છે.

@beinghumanmj




SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

Entrepreneur/Investor Business/ Self Employed/Farm Owner

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS
- DETENTION REVIEWS
- CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



AMI MEHTA
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# સ્વદેશ

12 FRIDAY 12 MARCH 2021


## ૫૭ વર્ષીય નિકોલસ કેજે ૨૬ વર્ષીય ગર્લફ્રેન્ડ રિકો શિબાતા સાથે લગ્ન કર્યા



મુંબઈ: હોલીવુડ અભિનેતા નિકોલસ કેજ પાંચમી વખત લગ્ન કર્યા છે. ૫૭ વર્ષીય નિકોલસ કેજે ૨૬ વર્ષીય ગર્લફ્રેન્ડ રિકો શિબાતાને તેના જીવનસાથી તરીકે દત્તક લીધી છે. લગ્નના લગભગ એક મહિના પછી, નિકોલસ અને રિકોના લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નિકોલસ કેજે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ શિબાતા સાથે લગ્ન કર્યા. નિકોલસ કેજ અને શિબાતાનો લગ્ન સમારોહ લાસ વેગાસની વિન હોટલ ખાતે યોજાયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેતાની પૂર્વ પત્નીઓ પણ નિકોલસ અને શિબાતાના લગ્નમાં સામેલ થઈ હતી.

## હતાશા ખંખેરીને સુપરસ્ટારનું પદ હાંસલ કર્યું : દીપિકા પાદુકોણ



સુડોળ કાયા અને મોહક સ્મિત ધરાવતી દીપિકા માત્ર પોતાની હિટ ફિલ્મોના બળે સુપરસ્ટારનું પદ નથી પામી પણ સિને જગતમાં જવલ્લે જ જોવા મળતું વ્યક્તિત્વ ધરાવવાને કારણે તેણે આ પદ હાંસલ કર્યું છે. આમ તો દીપિકાએ બોલીવૂડમાં પ્રવેશ મેળવતા જ સફળતા ચાખી લીધી હતી. બોલીવૂડમાં તેના આગમન બાદ જાણે સૌદર્ય અને ફેશનની વ્યાખ્યા જ બદલાઈ ગઈ. પરંપરાગત હિરોઈનથી જૂદો જ લૂક ધરાવતી દીપિકા દર્શકોની નજરમાં શરૂઆતથી જ વસી ગઈ. બોલીવૂડના પ્રારંભિક પગથીયે દીપિકાએ થોડો જ સમય પસાર કરવો પડયો કારણ કે ટૂંકમાં જ તેને સુપર સ્ટાર શાહરુખ ખાન સામે રોલ ઓફર થયો. શાહરુખ સામે દીપિકાએ એક સુપરસ્ટારને છાજે એવો પરફોર્મન્સ આપ્યો. ત્યાર બાદ તેણે પાછુ વાળીને જોયું નથી. દીપિકાએ જે રીતે હતાશા અને તાણનો સામનો કર્યો તેની વિશ્વએ નોંધ લઈને દાદ દીધી છે. ભારતના બેડમિન્ટનના સુપર સ્ટાર પ્રકાશ પાદુકોણની આ પુત્રીએ ગજબની હિંમત દેખાડી છે. પોતે જેમાં માને છે તેના સમર્થનમાં ઊભા રહેવાની તેણે હિંમત દાખવી છે. આમ છતાં દીપિકા જણાવે છે કે હું કદી મને પોતાને સુપરસ્ટાર નથી ગણતી. મને એવું નથી લાગતું કે હું બધાથી જુદી છું. મને તો બસ મારુ પ્રિય પાત્ર મળી ગયું અને મારા તમામ પડાવમાં મારા પરિવારનો મને પૂરતો ટેકો મળ્યો એના માટે હું મારી જાતને સદ્‌નસીબ માનું છું.

## ...તો સજા માટે તૈયાર છું: તાપસી



હાલમાં બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નૂ અને અનુરાગ કશ્યપના ઘરે રેડ કરવામાં આવી હતી. હવે અભિનેત્રી તાપસી પન્નૂએ હાલમાં એક ઈન્ટરવ્યુંમાં રેડને લઈને ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ નિર્મલા સિતારમણના સ્ટેટમેન્ટને ખોટું બતાવ્યું હતું અને પોતાની સફાઈ આપી હતી. એક ખાનગી ચેનલ સાથે વાત કરતા તાપસી પન્નુએ કહ્યું કે રેડ દરમિયાન તેમને જેટલા પણ સવાલ કરવામાં આવ્યા હતા તે તમામ સવાલોના જવાબ આપ્યા છે. જો કે તેણે હજુ એ ખુલાસો નથી કર્યો કે ક્યાં કારણોસર તેમના ઘરે રેડ કરવામાં આવી હતી. અભિનેત્રીએ કહ્યું કે, જ્યારે આઈટી રેડ પડે છે તમારા પાસે બીજો કોઈ વિકલ્પ નથી હોતો. તમારે તે તમામ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તેમાં જો કંઈ ખોટું હશે તો ખબર પડી જશે. હું કોઈ જ વસ્તુ છુપાવતી નથી. જો મેં કંઈ ખોટું કર્યું છે કે હું સજા ભોગવવા માટે તૈયાર છું.

## રણબીર કપૂર, સંજય લીલા ભણશાલી કોરોનાગ્રસ્ત



મુંબઇ: મુંબઇમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. રણબીર કપૂર હાલ પોતાના લગ્ન અને નવા ઘરના બાંધકામ માટે ચર્ચામાં છે. રણબીર કોરોનાની ચપેટમાં છે. રણબીરની માતા નીતુ કપૂરે સોશિયલ મીડિયા પર આ વાતની જાણકારી આપી હતી. નીતુએ ઇનસ્ટાગ્રામના પોતાના એકાઉન્ટ પરથી જણાવ્યું હતું કે, રણબીર કોરોના પોઝિટિવ આવ્યો છે અને હાલ ઘરમાં જ ક્વોરોનટાઇનમાં છે. તેણે વમુમાં શેર કર્યું હતું કે, તમારી દરેકની ચિંતા અને શુભકામનાઓ માટે આભાર. સંજય લીલા ભણશાલીને કોરોના થયાનો અહેવાલ છે. તેમની આવનારી ફિલ્મનું શૂટિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. રિપોર્ટસની માનીએ તો, દિગ્દર્શક સંજય લીલા ભણશાલી પણ કોવિડ-૧૯થી સંક્રમિત થયા હોવાનું જાણવા મળ્યું છે.


MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: https://niraj-pancholi.c21.ca/



Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2020 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings

MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

**18 Room Motel Near Pembroke/1.5 Hrs from Ottawa**
18 Room Motel With 3 Br house for Owner Located In Eganville Near Pembroke. Seller Had Spent Over 150K In Last 5 Years On Room Renovations. No Competition, the Only Motel In Town. Since last 2 years Operating With 70% To 100% Occupancy. Currently All 18 Rooms Are Occupied by Monthly Customers. Regular Income, Easy Operation & Low Operating Costs.Small VTB available. **Asking Price: $925,000**

**15 Room Motel Hwy 402, near London/Sarnia**
SOLD IN JANUARY 2021

**12 Room Motel Hwy 17, near North Bay / Sudbury**
SOLD IN JANUARY 2021

**42 Room Motel North of Timmins**
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
**Asking Price: $1,300,000**

**10 Room Motel Near Welland / St.Cathrines**
30 min to Niagara/Buffalo. With 3 BR house.
100% occupancy, all rooms given on monthly basis.
Easy one man operation.
**Asking Price: $849,000 SOLD CONDITIONAL**

**Quality Inn & Suites - $4,500,000**

**30+ Room Motel Nr Sault Ste. Marie**
Seller willing to hold mortgage at 35% down
**Asking Price: $2,000,000**

**27 Room Motel Near Thunder Bay Airport**
Well maintained rooms & huge house. Within the city on prime intersection, year round business + additional income from 2 Commercial tenants Price reduced. VTB available. **Asking Price: $1,999,000**

**Franchise Hotels & Motels for Sale**
Asking Price: $3M to $11M, Call for more info

**Other Motels For Sale Principal Buyers to Sign Buyer Representation Agreement on Particular Motels**
(1) 60+ Room in Northern Ontario (2) Motel & Cottages near Tobermory / Wasaga beach (3) Motels in Niagara Falls
(4) Other 30 Room to 50 Room Motels -$3.5M to $5M (5) Other 10 Room to 30 Room - $1M to $3M
(6) Other small and medium size motels coming up for sale in **Spring 2021 EXCLUSIVE Listings with me**

**Looking for Experienced Motel Operator**
Willing to relocate in northern ON. Must have a knowledge of Computer & English (opportunity to be a **Working Partner** with small investment)

NOTE: Buyers to sign Representation Agreement on particular motels to get additional & financial information. About 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100.

# ગુજરાતનું જાહેર દેવું વધીને ૩.૧૦ લાખ કરોડને પાર

- ભાજપના શાસનમાં જ ૧૯૯૬માં જાહેર દેવું રૂા.૧૪,૮૦૦ કરોડ હતું તે રૂા. ૨.૯૭ લાખ કરોડ વધી આજે ૩.૧૦ લાખ કરોડ



અમદાવાદ : પચ્ચીસ વર્ષના ગાળામાં ભાજપનું અડીખમ ગુજરાત, ખાલીખમ ગુજરાત થઈ ગયું છે. ગુજરાતનું જાહેર દેવું ૧૯૯૫માં મુખ્યમંત્રી પદે છબિલદાસ મહેતા હતા ત્યારે રૂા. ૧૨,૯૯૯ કરોડ હતું તે ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કરાયું ત્યારે વધીને રૂા. ૩,૧૦,૦૦૦ કરોડનું થઈ ગયું છે. ૧૯૯૬માં કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતનું જાહેર દેવું ૧૪,૮૦૦ કરોડ હતું.

આજે તે ૩,૧૦,૦૦૦ કરોડને આંબી ગયું છે.૨૦૧૫-૧૬થી ૨૦૧૯-૨૦ના પાંચ વર્ષના ગાળાનું રૂા. ૮૬,૧૨૦ કરોડનું માત્ર વ્યાજ જ ગુજરાત સરકારે ચૂકવ્યું છે. મુદ્દલ પેટે રૂા. ૬૧,૦૫૫ કરોડ ચૂકવ્યા છે. ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યએ કહ્યું હતુંકે ૨૦૧૬થી ૨૦૨૧ સુધીના ગાળામાં ગુજરાત સરકારે રૂા. ૧,૪૪,૯૫૧ કરોડની લોન લીધી છે.

૨૦૨૧-૨૨ના અંદાજપત્રની દરખાસ્ત અંગે ચર્ચા કરતાં અમદાવાદના દાણીલીમડા વિસ્તારના ધારાસભ્ય શૈલેશ પરમારે કહ્યું હતું કે ૨૦૦૧માં નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સત્તાનો દોર પોતાના હાથમાં લીધો ત્યારે ગુજરાતનું જાહેર દેવું રૂા. ૪૨,૭૦૦ કરોડનું હતું. જે ૨૦૧૪માં વધીને રૂા. ૧,૬૩,૪૫૧ કરોડ થઈ ગયું હતું. આમ નરેન્દ્ર મોદીના શાસનમાં જ ગુજરાતનું જાહેર દેવું અંદાજે ૧,૨૦,૭૫૧ કરોડ વધ્યું છે.

## વિકસિત ગુજરાત : છેલ્લાં એક વર્ષમાં ૪૬,૬૫૧ ગરીબ પરિવારો વધ્યાં

વિકસીત-વાઇબ્રન્ટ ગુજરાતમાં દિને દિને ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યા વધી રહી છે જેના કારણે વિપક્ષે સવાલો ઉઠાવ્યાં છે કે, શું આવો વિકાસ હોઇ શકે. વિપક્ષનો આરોપ છેકે, ગુજરાતમાં ત્રીજા ભાગની વસ્તી ગરીબી રેખા નીચે જીવન ગુજારવા મજબૂર બની છે. વિધાનસભામાં ખુદ સરકારે એવી ચોંકાવનારી માહિતી આપી છેકે, છેલ્લાં એક વર્ષમાં ૪૬,૬૫૧ ગરીબ પરિવારો વધ્યાં છે. એક બાજુ, ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે.ગુજરાતીઓ વધુને વધુ સમૃધ્ધ થઇ રહ્યાં છે.દરેક ક્ષેત્રમાં ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે તેવો ઢોલ પિટાઇ રહ્યો છે જયારે વાસ્તવિક્તા કઇંક અલગ જ છે. ગુજરાત વિધાનસભામાં રાજ્ય સરકારે માહિતી આપી છેકે, ગુજરાતમાં ૦થી ૧૬ ગુણાંક્વાળા ૧૬,૧૯,૨૨૬ પરિવારો છે જયારે ૧૭થી ૨૦ ગુણાંકવાળા ૧૫,૨૨,૦૦૫ પરિવારો છે. કુલ મળીને ૩૧,૪૧,૨૩૧ પરિવારો ગરીબી રેખા નીચે જીવતા પરિવારો છે. રાજ્ય સરકારે ખુદ સ્વિકાર્યું છેકે,છેલ્લા બે વર્ષમાં ૪૬,૬૫૧ ગરીબ પરિવારોની સંખ્યા વધી છે. બે વર્ષમાં સૌથી વધુ અમરેલીમાં ૨૪૧૧,રાજકોટમાં ૧૫૦૯ ગરીબ પરિવારોની સંખ્યા વધી છે.

## અમદાવાદમાં મેયર તરીકે કિરીટ પરમારની નિમણુંક, ગીતા પટેલ ડેપ્યુટી મેયર

અમદાવાદ : અમદાવાદના નવા મેયર તરીકે કિરીટ પરમારની વરણી થઈ છે, જ્યારે ગીતા પટેલ ડેપ્યુટી મેયર બન્યાં છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પદે હિતેશ બારોટ અને ભાસ્કર ભટ્ટ મનપા ભાજપ નેતા બન્યાં છે. હાલમાં પાલડી ટાગોર હોલમાં તમામ કાઉન્સિલરોનો કોરોનાનો રેપીડ ટેસ્ટ કરાઈ રહ્યો છે. મેયર કિરીટ પરમાર તેમજ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટે પણ કોરોના ટેસ્ટ કરાવ્યો છે. મેયર પદ માટે નામની જાહેરાત બાદ કિરીટ પરમારે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, એક સામાન્ય પરિવાર તેમજ ચાલીમાં રહેનાર વ્યક્તિને મેયર પદ આપવામાં આવ્યું તે બદલ હું ભારતીય જનતા પાર્ટીનો આભાર માનું છું. કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની જે યોજનાઓ ચાલી રહી છે, તે સામાન્ય વ્યક્તિઓ સુધી પહોંચે તેવા મારા પ્રયત્નો રહેશે. બેઠકમાં ભાજપના અમદાવાદ શહેર પ્રભારી આઈ. કે જાડેજા, ભાજપના સિનિયર નેતા સુરેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા.

## અમદાવાદના સાબરમતી આશ્રમને ૧૨૦૦ કરોડના ખર્ચે ડેવલપ કરાશે

- કેન્દ્ર સરકાર ફંડ આપશે, કેન્દ્રની ફાઈનલ મંજૂરી બાદ કામ થશે

અમદાવાદ : અમદાવાદના સાબરમતિ ગાંધી આશ્રમને હવે આર્કિટેકચર પ્લાનિંગ સાથે નવી જ રીતે ડેવલપ કરવામા આવશે અને આ માટે એક હજારથી બારસો કરોડનો ટોટલ પ્રોજેક્ટ ખર્ચ થશે. સંસંદ ભવન બાદ હવે ગાંધી આશ્રમને ડેવલપ કરવાનો ડિઝાઈન પ્રોજેક્ટ પણ અમદાવાદના આર્કિટેકટ બિમલ પટેલને આપવામા આવ્યો છે. ૫૫ એકરમાં ગાંધી આશ્રમનો વિકાસ થશે.

કેન્દ્રની મોદી સરકારે હવે અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમને પણ ડેવલપ કરવાનો નિર્ણય કર્યો છે અને ગાંધી આશ્રમના વિકાસ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારમાં થયેલી દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવાઈ છે.ગાંધી આશ્રમને ૫૫ એકરમાં ડેવલપ કરાશે.આશ્રમની આસપાસ ચારથી પાંચ મ્યુઝિયમો બનાવવામા આવશે. આશ્રમને નવેસરથી ડેવલપ કરવા માટે નવી ટીપી પણ મંજૂર થશે અને રોડ , રસ્તા,ગટરલાઈન માટે પ્લાન તૈયાર કરવા પણ રાજ્ય સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સૂચના આપી દીધી છે.

હાલ ગાંધી આશ્રમના ડેવલપમેન્ટનો બેઝિક ડિઝાઈન પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે અને જેને કેન્દ્ર સરકારમાં ફાઈનલ મંજૂરી માટે મોકલવામા આવ્યો છે. કેન્દ્ર સરકારની ફાઈનલ મંજૂરી બાદ કામગીરી શરૂ કરાશે.

## આગામી બે વર્ષમાં રાજ્યના તમામ ખેડૂતોને દિવસે પણ વીજળી મળશે

અમદાવાદ : આગામી બે વર્ષમાં ગુજરાતના તમામ ખેડૂતોને દિવસે વીજળીનો પુરવઠો આપવાનું ચાલુ કરી દેવામાં આવશે. પરિણામે ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવા જઈને જીવ સામે જોખમ ખેડવું પડશે નહિ. અત્યારે ગુજરાતના ૪૦૦૦ ગામોમાં ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે છે. હવે પછી ગુજરાતના તમામ ૧૮૦૦૦થી વધુ ગામોમાં દિવસે ખેડૂતોને વીજળી અપાશે એવી જાહેરાત આજે ઉર્જા મંત્રી સૌરભ પટેલે ગૃહમાં કરી હતી. ૪૦૦૦ ગામોમાં ખેડૂતોને દિવસે વીજળીનો પુરવઠો પૂરો પાડવા માટે સરકારે ૩૫૦૦ કરોડનો ખર્ચ કર્યો છેજ્ સૌરભ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોને દિવસે પણ વીજ પુરવઠો મળી રહે તે માટે ગુજરાત સરકારના ઉર્જા વિભાગે ૧૨ નવા ટેન્ડર બહાર પાડયા છે. તેમાંથી ૧૦ ટેન્ડર મંજૂર કરી દીધા છે. દસ ટેન્ડર થકી ૩૯૫૨ મેગાવોટ વીજળીની ખરીદી કરવા માટેના કરાર કરવામાં આવ્યા છે.

## ૨૦૦ કરોડના લોન કાંડમાં ઈલેક્ટ્રોથર્મ કંપનીના એમડી શૈલેષ ભંડારીની ધરપકડ



અમદાવાદ : દેશની સ્ટીલ ઈન્ડસ્ટ્રીના નોંધપાત્ર પ્લેયર અને કલોલના પલોડીયામાં આવેલી ઈલેક્ટ્રોથર્મ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શૈલેષ ભંડારીની પોતાના જ સગા ભાઈ તથા કંપનીના ડિરેક્ટર મુકેશ ભંડારીની બનાવટી સહી કરી તે દસ્તાવેજોના આધારે રૂ. ૨૦૦ કરોડની લોન લઈ આ રકમની ઉચાપત કરવાના કેસમાં સાંતેજ પોલીસે બુધવારે ધરપકડ કરી છે.

ઈલેક્ટ્રોથર્મ સગા ભાઈ અને પિતા વચ્ચેના ઝગડાના કારણે સતત વિવાદમાં રહી છે. મોટાભાઈ મુકેશ ભંડારીએ ૧૦ વર્ષ બાદ નોંધાવેલી ફરિયાદના આધારે આ વખતે શૈલેષ ભંડારીની ધરપકડ થઈ છે. અગાઉ તેમની સામે ચાર ગુના નોંધાયા હતા . સાંતેજમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે મુકેશભાઈ ભંવરલાલ ભંડારી ૨૦૧૦ -૧૧માં ઈલેક્ટ્રોથર્મ કંપનીના ચેરમેન હતા. અને તે સમયે પોતે વિદેશમાં ગયા હતા ત્યારે તેમના નાનાભાઈ શૈલેષ ભંડારી કે જે કંપનીની ફાયનાન્સીયલ મેટર તથા વહીવટ સંભાળતા હતા તેણે મુકેશના નામે ખોટા બનાવટી દસ્તાવેજો અને સહીઓ કરી ઈન્ડીયન ઓવરસીઝ બેંકમાંથી ૨૦૦ કરોડની લોન લીધી હતી. શોર્ટ ટર્મ માટે ૧૦૦-૧૦૦ કરોડની લોન લઈ તેની ભરપાઈ ના કરતા લોન અને વ્યાજની રકમ મળી કુલ રૂા. ૩૧૫ કરોડ ચુકવવાના થયા હતા.

## યુવતીની મશ્કરીમાં ફાયરિંગ, તબીબે મિત્રની રાયફલથી યુવકને ધમકાવ્યો

અમદાવાદ : અમદાવાદના વસ્ત્રાલમાં મોડી સાંજે હવામાં એક રાઉન્ડ ફાયરિંગ થતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક પોલીસને ફાયરિંગનો મેસેજ મળતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે, હેતવી હોસ્પિટલના ડોક્ટર કૌશિક નાયકે ફાયરિંગ કર્યું હતું. ડોક્ટર કૌશિકની દીકરીની મશ્કરી બાબતે ફાયરિંગ કર્યું હોવાનું સામે આવી છે. જે અંગે રામોલ પોલીસે આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ડોક્ટર કૌશિક અને તેના મિત્રની ધરપકડ કરી છે.

ડોક્ટર કૌશિકની સગીર દીકરી સ્થાનિક યુવક સાથે વાતચીત કરતી હતી. જે અંગે ડોક્ટરને જાણ થતા યુવકને ધમકાવવા અને અન્ય કોઈ યુવક આવી હરકત ન કરે તે માટે ફાયરિંગ કર્યું હોવાની કબૂલાત કરી રહ્યો છે. જે ફાયરિંગ માટે તેણે પોતાના મિત્ર જગદીશ જોષીયારાની રાયફલનો ઉપયોગ કર્યો હતો. જેથી પોલીસે તેની પણ ધરપકડ કરી છે. બેદરકારી દાખવી પોતાનું હથિયાર બીજાને આપવા બદલ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ડોક્ટર દ્વારા સરાજાહેર કાયદો હાથમાં લીધો હોવા છતાં સ્થાનિક પોલીસ ઊંઘતી હતી.

## ગુજરાતમાં ૯૪ આઈએએસ અને ૭૦ આઈપીએસની જગ્યા ખાલી

ગાંધીનગર : ગુજરાતમાં ૩૧૩ ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ) અધિકારીઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે અને તેની સામે ૭૧ જગ્યાઓ ખાલી છે જ્યારે ૨૦૮ ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ) અધિકારીઓના મંજૂર કરાયેલા મહેકમ સામે ૫૦ જગ્યા ખાલી છે. આમ, ગુજરાતમાં આઈએએસ અને આઈપીએસની ૩૦ % કરતાં પણ વધારે જગ્યા ખાલી છે. આ ઉપરાંત સેક્શન અધિકારી વર્ગ-૨ માટે સચિવાલય કક્ષાએ મંજૂર કરાયેલી ૫૩૫ જગ્યા પૈકી ૧૦૭ જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે. ગુજરાત વિધાનસભાના વર્તમાન સત્રમાં સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર રાજ્યમાં આઈએએસ અને આઈપીએસની ૩૦% કરતાં વધુ જગ્યા ખાલી છે. ગુજરાતમાં ૩૧૩ આઈએએસ અધિકારીઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે અને તે પૈકી ૭૧ જગ્યા ખાલી છે. આ ઉપરાંત જે જગ્યા ભરાઈ છે તે પૈકી ૨૩ અધિકારીઓ કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર છે. મતલબ કે, રાજ્યમાં ૯૪ એટલે કે ૩૦% કરતાં વધારે સનદી વહિવટી અધિકારીઓની ઘટ છે. બીજી તરફ રાજ્યમાં કુલ ૨૦૮ આઈપીએસ અધિકારીઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે.

## ડેલકર આપઘાત કેસઃ ગુજરાતનાં માજી ગૃહમંત્રી સહિત ૮ સામે ફરિયાદ નોંધાઈ

દમણ : મુંબઈની મરિન ડ્રાઈવ સ્થિત હોટલમાં ગત તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ દાદરા-નગર હવેલીના સાંસદ મોહનભાઈ ડેલકરના અપમૃત્યુની ઘટનામાં મહારાષ્ટ્ર સરકારે તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશ ટીમની રચના કરવા અંગે મહારાષ્ટ્ર વિધાનસભામાં જાહેરાત કરી હતી. આના ગણતરીના જ કલાકોમાં દાદરા નગર હવેલીના પ્રશાસક પ્રફૂલ્લ ખોડાભાઈ પટેલ, કલેક્ટર સહિત આઠની સામે દુષ્પ્રેરણા, એટ્રોસિટી સહિતના ગુના નોંધવામાં આવ્યા છે. મોહન ડેલકરના પુત્ર અભિનવે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ઉપરાંત નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સાથે મુલાકાત કરી હતી. જેના પગલે આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

મરીન ડ્રાઈવ પોલીસ મથકે મંગળવારે સાંજે લગભગ પાંચ કલાકે મૃતક સાંસદના પુત્ર અભિનવ ડેલકરનો જવાબ લીધા પછી મોડી રાત્રે મંગળવારે આપઘાતની દુષ્પ્રેરણા અંગેની આઈપીસી કલમ ૩૬૦ તથા એટ્રોસિટીની વિવિધ કલમ હેઠળ પ્રશાસક પ્રફૂલ પટેલ, કલેક્ટર સંદીપસિંગ, એસ.પી.શરદ દરાડે, આરડીસી અપૂર્વ શર્મા, એસડીપીઓ મનસ્વી જૈન, પીઆઈ મનોજ પટેલ, લો સેક્રેટરી રોહિત યાદવ, તલાટી દિલીપ પટેલ તથા ભાજપા અગ્રણી ફતેહસિંહ ચૌહાણ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી.

સાંસદ મોહન ડેલકરના અપમૃત્યું કેસમાં મુંબઈ પોલીસને આપેલા નિવેદનમાં ડેલકરના પુત્ર અભિનવ ડેલકરે તેમના પિતાને જાહેર જીવનમાં વારંવાર અપમાનિત કરાયા હતા. તેમને પાછલા ૧૬-૧૮ મહિનાથી પરેશાન કરવામાં આવતાં હતા.

# ચૂંટણી પ્રચાર દરમિયાન મમતા પર હુમલો, પગમાં ઈજા

• વ્હીલચેર પર બેસીને ચૂંટણી પ્રચાર કરવા માટે મમતા બેનરજી મક્કમ



કોલકાતા : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હોસ્પિટલમાંથી પોતાના સમર્થકો માટે એક વીડિયો સંદેશ જાહેર કર્યો છે. જેમાં તેમણે સંકેત આપ્યા છે કે, તેઓ આગામી કેટલાક દિવસોમાં વ્હીલચેર પર બેસીને ચૂંટણી પ્રચાર કરી શકે છે. મમતા બેનર્જીએ કહ્યું કે, હું ત્રણ-ચાર દિવસમાં પરત ફરીશ અને બની શકે છે કે કેટલાક દિવસ સુધી પગમાં મુશ્કેલીને કારણે વ્હીલચેર પર રહેવું પડે. મમતા બેનર્જીના નિવેદનથી સંકેત મળી રહ્યાં છે કે, તેઓ આગામી દિવસોમાં વ્હીલચેર પર બેસીને ચૂંટણી પ્રચાર કરી શકે છે. તેમણે કહ્યું કે, હું યુથને કહેવા માગુ છુ કે તમે બધા શાંતિ જાળવી રાખો. મને કાલે ઘણી ઈજા પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે, બુધવારે નંદીગ્રામ ખાતે મમતા બેનરજી પર કોઈએ હુમલો કરતા તેમને ઈજા થઈ હતી.

## બંગાળમાં ટિકિટ નહિ મળતાં પ્રધાન અને ધારાસભ્ય ભાજપમાં જોડાયા

તૃણમૂલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ની ટિકિટ આપવાની ના પાડતાં રાજ્ય સરકારના મંત્રી બચ્ચુ હાંસદા અને તેહત્તાના ધારાસભ્યે ગૌરીશંકર દત્તાએ બુધવારે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો છે. ઉત્તર બંગાળ માટેના રાજ્ય વિકાસ મંત્રી હાંસદાએ રાજ્યના ભાજપ પ્રમુખ દિલીપ ઘોષની ઉપસ્થિતિમાં ભાજપનું સભ્યપદ સ્વીકાર્યું હતુ. તેઓ દક્ષિણ દિનાજપુર જિલ્લાની તપન બેઠક પરથી બે વાર ચૂંટાઈ આવ્યા છે. અન્ય પક્ષપલટુ ગૌરીશંકર દત્તા નડિયા સ્થિત તેહત્તાના ધારાસભ્ય છે. બોની સેનગુપ્તા નામના બંગાળી અભિનેતા પણ ભાજપમાં જોડાયા છે. એમના નિકટ- મિત્ર એવા અભિનેતા કૌશાનિ મુખરજી તાજેતરમાં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા છે અને કૃષ્ણનગર ઉત્તરની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે. તૃણમૂલના સાંસદ પ્રતિમા મંડળના નાના બહેન જયંતીએ પણ ભાજપનો ભગવો પકડયો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પછી તૃણમૂલ કોંગ્રેસના કુલ ૨૬ ધારાસભ્યો અને બે સાંસદોએ પક્ષપલટો કરી ભાજપ પ્રવેશ કર્યો છે.

## હરિયાણામાં ભાજપની સરકાર સામેનો કોંગ્રેસનો અવિશ્વાસ પ્રસ્તાવ પરાસ્ત

ચંડીગઢ : હરિયાણામાં ભાજપ અને જેજેપીની સરકાર વિરુદ્ધ કોંગ્રેસ દ્વારા લાવવામાં આવેલો અવિશ્વાસ પ્રસ્તાવ બુધવારે વિધાનસભામાં મતદાનમાં પરાસ્ત થયો હતો. અવિશ્વાસ પ્રસ્તાવ પર ૬ કલાક લાંબી મેરાથોન ચર્ચા બાદ થયેલા મતદાનમાં પ્રસ્તાવની વિરુદ્ધ પંચાવન અને તરફેણમાં ૩૨ મત પડતાં દરખાસ્ત ઊડી ગઈ હતી. ભાજપના ૩૯, જેજેપીના ૧૦, પાંચ અપક્ષ અને એક હરિયાણા લોકહિત પાર્ટીના ધારાસભ્યે જ્યારે તરફેણમાં કોંગ્રેસના ૩૦ અને બે અપક્ષ ધારાસભ્યોએ મતદાન કર્યુ હતું.

જેજેપીના નેતા અને નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ જણાવ્યું હતું કે, ૧૦ વર્ષથી નારા લાગી રહ્યા છે કે હુડ્ડા તેરે રાજમેં કિસાન કી જમીન ગઇ વ્યાજમેં. અમે છેલ્લા ૧ વર્ષમાં રૂપિયા ૩૦,૦૦૦ કરોડના ખર્ચે અલગ અલગ કૃષિ ઉત્પાદન એમએસપી પર ખરીદ્યાં છે.

કોંગ્રેસના નેતા ભૂપિન્દરસિંહ હુડ્ડાએ જણાવ્યું હતું કે, સરકારે જનતાનો વિશ્વાસ ગુમાવી દીધો છે. આજે સીએમનું હેલિકોપ્ટર હરિયાણામાં ક્યાંય લેન્ડ થઈ શકતું નથી. ભાજપના ધારાસભ્યો તેમના મતવિસ્તારોમાં જઈને બતાવે કે જનતાનું તેમના પ્રત્યેનું વલણ કેવું છે. હુડ્ડાએ અવિશ્વાસ પ્રસ્તાવ માટે સિક્રેટ વોટિંગની માગ કરી હતી.

## એન્ટિલિયા કેસમાં આવ્યો નવો વળાંક, હવે તિહાડ સાથેનું કનેકશન નીકળ્યું!

મુંબઈ : બિઝનેસમેન મુકેશ અંબાણીના ઘરે એન્ટિલિયી બહાર વિસ્ફોટક મામલાના તાર હવે તિહાડ સાથે જોડાયેલા દેખાય છે. એક પ્રાઈવેટ સાઈબર એજન્સીનું કહેવું છે કે જૈશ ઉલ હિંદ સાથે જોડાયેલા ટેલીગ્રામ લિંક તિહાડ જેલમાં જ બની હતી. જૈશ ઉલ હિંદ સંગઠને જ બિઝનેસમેન મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકવાળી એસયુવી ઉભી કરવાની જવાબદારી લીધી હતી. એક અગ્રણી અખબારના રિપોર્ટ અનુસાર તપાસ એજન્સીએ એક પ્રાઈવેટ સાઈબર ફર્મ પાસેથી એ ફોનના લોકેશન અંગે જાણવાનું કહ્યું હતું જેના દ્વારા ટેલિગ્રામ ચેનલ બનાવી હતી. જોકે સાઈબર એજન્સીનું નામ સામે આવ્યું નથી. પ્રાઈવેટ સાઈબર એજન્સીના રિપોર્ટને કેન્દ્રીય તપાસ એજન્સી એ દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલની સાથે શેર કરી દીધો છે. રિપોર્ટના મતે આ ટેલીગ્રામ ચેનલ ૨૬ ફેબ્રુઆરીના રોજ બપોરે અંદાજે ૩.૨૦ વાગ્યે ક્રિએટ કરાઈ.



૨૭ ફેબ્રુઆરીના રાત્રે જ આ ટેલીગ્રામ ચેનલ દ્વારા અંબાણીના ઘરની બહાર વિસ્ફોટક રાખવાની જવાબદારી લેવામાં આવી. ૨૮ ફેબ્રુઆરીના રોજ બીજા એક સંગઠને જૈશ ઉલ હિંદે બીજા ટેલીગ્રામ ચેનલ સાથે એ સંદેશ આપ્યો કે વિસ્ફોટક કાર પાર્ક કરનાર સંદેશ તેમણે લખ્યો નહોતો.

## ઉત્તર પ્રદેશમાં બસપાના પૂર્વ એમએલસીની ૧૦૯૭ કરોડની સાત સુગર મિલો ટાંચમાં

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશ બસપાના પૂર્વ એમએલસી મોહંમદ ઈકબાલ અને તેમના પરિવાર વિરૂદ્ધના મની લોન્ડરિંગ કેસમાં ઈડીએ ૧૦૯૭ કરોડ રૂપિયાની સાત સુગર મિલો ટાંચમાં લીધી છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર કેન્દ્રીય તપાસ એજન્સીની લખનઉ ઝોનલ ઓફિસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ પ્રોવિઝનલ એટેચમેન્ટ ઓર્ડર ઈસ્યુ કર્યો હતો. અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે આ મિલોની માલિકી ઈકબાલની



છે અને આ મિલો કુશીનગર, બરેલી, દેઓરિયા, હરદોઈ અને બારાબંકી જિલ્લાઓમાં આવેલી છે. એજન્સીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૦-૧૧માં આ મિલો ઈકબાલ અને તેમના પરિવારને ફક્ત ૬૦.૨૮ કરોડ રૂપિયામાં વેચવામાં આવી હતી. આ મિલો ડિસઈન્વેસ્ટમેન્ટ/સેલ પ્રોસેસ હેઠળ વેચવામાં આવી હતી. ઈડીએ આરોપ મૂક્યો છે કે આ મિલો નમ્રતા માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડ, ગિરિઆશો કંપની પ્રા લિમિટેડ નામની શેલ કંપનીઓના નામે ખરીદવામાં આવી હતી. આ કંપનીઓ પર ઈકબાલ અને તેના પરિવારનો અંકુશ હતો.

આરોપીએ આ મિલો ડમી ડાયરેક્ટરો અને શેર વ્યવહારો ધરાવતી વિવિધ શેલ કંપનીઓ દ્વારા ગેરકાયદે નાણા દ્વારા હસ્તગત કરી હતી.

## દિલ્હીમાં કેજરીવાલ સરકારનું રૂપિયા ૬૯,૦૦૦ કરોડનું 'દેશભક્તિ બજેટ'

નવી દિલ્હી : દિલ્હી સરકારે મંગળવારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે 'દેશભક્તિ'ની થીમ પર રૂ. ૬૯,૦૦૦ કરોડનું બજેટ રજૂ કર્યુ હતું. આ સાથે દિલ્હી સરકારે રસીકરણ અભિયાનના ભાગરૂપે આગામી તબક્કાઓમાં તેની હોસ્પિટલોમાં બધાને મફતમાં કોરોનાની રસી આપવાની જાહેરાત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ બજેટ રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'તેમનું બજેટ દેશભક્તિની થીમ પર આધારિત છે. તે સ્વતંત્રતા સેનાનીઓને અંજલી અર્પણ કરે છે.' વિધાનસભામાં સતત સાતમું બજેટ રજૂ કરતાં મનિષ સિસોદિયાએ કુલ બજેટના એક ચતુર્થાંશ એટલે કે રૂ. ૧૬,૩૭૭ કરોડની ફાળવણી શિક્ષણ ક્ષેત્ર જ્યારે સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે રૂ. ૯,૯૩૪ કરોડની ફાળવણી કરી હતી. મનિષ સિસોદિયા મુજબ આ બજેટમાં આગામી ૨૫ વર્ષના વિકાસની આધારશિલા રજૂ કરી છે. દિલ્હી સરકારના નાણામંત્રી સિસોદિયાએ જણાવ્યું કે, દિલ્હીમાં આપ સરકાર દેશના ૭૫મા સ્વતંત્રતા દિનની ઊજવણી કરશે અને ૧૨મી માર્ચથી શરૂ કરીને ૭૫ સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરશે. સરકારે રાષ્ટ્રીય રાજધાનીમાં ૫૦૦ સ્થળો પર રાષ્ટ્રધ્વજ ફરકાવાશે.

## કેરળ વિધાનસભા ચૂંટણી અગાઉ કોંગ્રેસને આંચકો : ચાકોનું પક્ષમાંથી રાજીનામું

નવી દિલ્હી : કેરળમાં વિધાનસભા ચૂંટણી અગાઉ કોંગ્રેસને આંચકો લાગ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી સી ચાકોએ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે આક્ષેપ મૂક્યો છે કે જૂથના હિતોને ધ્યાનમાં રાખીને આગામી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવી રહી છે. કોંગ્રેસની કાર્યકારી સમિતિના સભ્ય ચાકો જ્યોતિરાદિત્યા સિંધિયા પછી પક્ષ છોડનારા બીજા વરિષ્ઠ નેતા છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસ નેતાગીરી મતભેદો સર્જાયા પછી સિંધિયા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતાં. ચાકોએ આરોપ મૂક્યો છે કે કોંગ્રેસનું રાષ્ટ્રીય નેતૃત્ત્વ છેલ્લા બે વર્ષથી સક્રિય નથી. રાજીનામું આપ્યા પછી તેમણે પોતાના ભવિષ્યની યોજના અંગે કોઈ વાત કરી નથી પણ તેમણે ભાજપ અંગે પોતાનો મત દર્શાવતા જણાવ્યું હતું કે કેરળમાં ભાજપ રાજકીય પરિબળ નથી.

## કોલકાતામાં રેલવેની બહુમાળી ઇમારતમાં આગ : ૪ ફાયર ફાઇટર સહિત ૯નાં મોત

• વડાપ્રધાનનું મૃતકોના પરિવારને રૂપિયા બે લાખ અને મમતા બેનર્જીનું રૂ. ૧૦ લાખનું વળતર

કોલકાતા : પૂર્વિય અને દક્ષિણ પૂર્વિય રેલવેની ઝોનલ ઓફિસ ધરાવતા સ્ટ્રેન્ડ રોડ પરની એક બહુમાળી ન્યુ કોઈલાઘાટ ઈમારતમાં મંગળવારે રાતે આગ લાગતાં ઓછમાં ઓછા નવ જણા માર્યા ગયા હતા, એમ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું.

સમાચાર જાણ્યા પછી વડા પ્રધાન મોદીએ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓના પરિવારને રૂપિયા દસ દસ લાખની વળતર અને એક જણાને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી હતી.

ઉપરાંત ઘાયલોને પણ તબીબી સહાય પેટે રૂપિયા પચાસ પચાસ હજાર આપવાની જાહેરાત કરી હતી .માર્યા ગયેલાઓમાં ચાર ફાયર ફાઈટર,એક સહાયક સબ ઈન્સપેક્ટર અને રેલવે પોલીસ ફોર્સના એક જવાનનો સમાવેશ થતો હતો.

દરમિયાન રેલવે મંત્રી પીયુષ ગોયલે કોલકાતામાં લાગેલી આગની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય ટીમની રચના કરી હતી જે ક્યા સંજોગોમાં આગ લાગી હતી તેના કારણોની તપાસ કરશે. ન્યુકોઈલાઘાટ ઈમારતના ૧૩માં માળે લાગેલી આગ સાંજે બુઝાવી દેવામાં આવી હતી.

## જમ્મુ કાશ્મીરના સોપોરમાં અલ બદ્રના ચીફ ખ્વાજાનો એન્કાઉન્ટરમાં ખાતમો

સોપોર : જમ્મુ કાશ્મીરના સોપોરમાં મંગળવારે સૈન્ય દ્વારા હાથ ધરાયેલા એક ઓપરેશનમાં એક આતંકીને ઠાર મારવામાં આવ્યો હતો. સાથે જ ઘટના સ્થળ પરથી મોટા પ્રમાણમાં હથિયારો અને વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર માર્યો ગયેલો આતંકી અલ બદ્રનો ચીફ હોવાનું સામે આવ્યું છે. કાશ્મીરમાં અલ બદ્ર નામનું આતંકી સંગઠન ઘણા સમયથી સક્રિય છે અને નાના મોટા હુમલા કરી રહ્યું છે. એવામાં તેના ચીફ ગેની ખ્વાજાને જ ઠાર મારવામાં સૈન્યને સફળતા મળી છે. આ અંગેની જાણકારી આપતા આઈજીપી વિજય કુમારે કહ્યું હતું કે સૈન્ય માટે આ એક મોટી સફળતા છે. આતંકીઓ સાથે થયેલા આ એન્કાઉન્ટર સૂત્રોથી મોટા પ્રમાણમાં હથિયારો અને વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરાયા છે જેનો ઉપયોગ આતંકીઓ કોઈ મોટા હુમલાને અંજામ આપવા માટે કરવાના હતા.

# NRI દંપતી મર્ડર કેસમાં પાંચ આરોપી પકડાયા

અમદાવાદ : શહેરના થલતેજમાં હેબતપુર સર્કલ પાસે આવેલા વૈભવી શાંતિવન બંગલોઝમાં વૃદ્ધ દંપતિની હત્યા કેસમાં ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. ક્રાઈમ બ્રાંચની ટીમે પાંચ આરોપીની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચની તપાસમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે.

પોલીસ તપાસમાં આરોપી મૂળ એમપીનો રહેવાસી છે, વૃદ્ધના ઘરમાં સંપતિ અને રૂપિયા પણ છે તેની બાતમી પહેલાથી મળી ગઈ હતી જેથી તેણે લૂંટ માટે તેના પરિવારજનોને સમજાવીને તૈયાર કર્યા હતા. મૃતક વૃદ્ધ દંપતીના ઘરમાં થોડા દિવસો અગાઉ ફર્નિચરનું કામકાજ ચાલતું હતું. આ ઘટનાને અંજામ આપવા ફર્નિચર અને કલર કામ કરનારા લોકોએ જ લૂંટ વિથ હત્યા અંગેની ટીપ આપી હોવાનું આવ્યું સામે આવ્યું છે. આરોપીનો પરિવાર મધ્યપ્રદેશથી નિકળીને હત્યાના આગલા દિવસે અમદાવાદ આવી પહોંચ્યા હતા. અને તમામ લોકો એકસાથે વૃદ્ધના ઘરમાં ગયા હતા, પછી વૃદ્ધ અને વૃદ્ધા બનેની કરપીણ હત્યા કરી નાખી હતી.

આ કામ કરનારાઓમાંથી જ કોઈકે વૃદ્ધ દંપતીને સોફ્ટ ટાર્ગેટ માનીને લૂંટનો પ્લાન ઘડ્યાની પ્રબળ શક્યતા વ્યક્ત થઈ હતી અને હવે પોલીસની પણ તપાસની કડી ત્યાંજ પહોંચી છે. ફર્નિચર અને કલરકામ કરનારા લોકોએ જ લૂંટ વિથ હત્યા અંગેની ટીપ આપી હોવાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે પાંચ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસ પણ આરોપીઓની કબુલાત જોતા તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે ઝડપાયેલા પાંચેય આરોપીઓ પૈકીનો મુખ્ય આરોપી દંપતીના ઘરમાં મિસ્ત્રી કામ કરતો હતો. તે ઘરમાં તમામ વસ્તુઓથી જાણ હતો. અને ઘરમાં કિંમતી વસ્તુઓથી તેની નિયત પણ બગડી હતી. અને આરોપી જાણતો હતો કે ઘરમાં આ દંપતી એકલા રહેતા હતા.

## થલતેજમાં વૃદ્ધ દંપતીનો હત્યા કેસ, બહેનનાં દહેજ માટે જીવ લઇ લીધા

આ કેસમાં બેહનના લગ્નના દહેજ માટે રૂપિયાની જરૂર હોઇ આરોપી ભરત અને રાહુલે ચોરીનો પ્લાન બનાવ્યો હતો. જો કોઇ જોઇ જોયતો હત્યા કરવાનું નક્કી કર્યુ હતું. અને ઘટનાને અંજામ આપ્યો હતો. શાંતી બંગલોના સીનીયર સીટીઝનની હત્યાના કેસનો ભેદ ક્રાઇમ બ્રાન્ચે ઉકેલ્યો ત્યારે તેમની સામે ચોંકાવનારી હકિકત સામે આવી હતી. હત્યા પાછળ માત્ર રૂપિયા નહી પણ દહેજની આગ હોવાનું બહાર આવ્યું. અને હત્યાના મુખ્ય આરોપી ભરત ગૌડ અને રાહુલ ગૌડની બહેન નિકિતાના લગ્ન ૨૫ એપ્રિલના રોજ અંકિત સાથે થવાના હતા.


કલાસીફાઇડ / Classified

MOTEL MANAGER REQUIRED
કિંગ્સ્ટન (ઓન્ટેરિયો)માં આવેલી મોટેલ માટે મેનેજર જોઈએ છે.ઈંગ્લિશ અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. રહેવાની સગવડ આપીશું.
Email Resume :- rpatel0630@gmail.com
Contact : 647-525-6763

LEGAL NEWLY CONSTRUCTED BASEMENT APARTMENT
Spacious Basement Total Privacy with No Intervention From The Upper Floor. Quiet and Family Friendly Neighbourhood. All new Appliances, one parking, Separate Backyard Entrance, Sound Proofed Ceilings 16th Ave & Mccowan (Markham) contact Nilesh Patel, Ph: 647-866-2508


## અત્યાર સુધીમાં ૩૭૯ કિડનીના દાન સાથે સુરત સમગ્ર ગુજરાતમાં અગ્રેસર

સુરત - સમગ્ર ગુજરાતમાં અંગદાનમાં અગ્રેસર એવું સુરત કિડની દાનમાં પણ અગ્રેસર છે. સુરતથી અત્યાર સુધી ૩૭૯ કિડનીનું દાન કરાતા લોકોને નવજીવન મળ્યું છે. ગુજરાતમાં સૌપ્રથમ ઈન્ટરસિટી કિડની ટ્રાન્સપ્લાન્ટની શરૂઆત પણ સુરત થી થઈ હતી. કિડનીના રોગો અને જનજાગૃતિ માટે વિશ્વમાં દર વર્ષે કિડની દિવસ ઉજવાય છે. સુરત કિડની દાનમાં રાજ્યમાં પ્રથમ છે અને સુરતથી ૩૭૯ કિડની ડોનેશન કરાઈ છે.

અમદાવાદ કિડની ટ્રાન્સપ્લાન્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાઈ છે. અંગદાન માટે વર્ષોથી કાર્યરત ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ કહ્યું કે, સુરતથી ૨૦૦૬માં ઈન્ટરસિટી ટ્રાન્સપ્લાન્ટની શરૂઆત બાદ અને શહેરોમાં જાગૃતિ જોવા મળી રહી છે. વડોદરા,આણંદ અને રાજકોટ થી પણ લોકો પરિવારના સભ્યોની કિડની દાન કરી રહ્યા છે. જો કે કિડની ફેલ્યોરના કારણો અંગે પણ જાગૃતિ કેળવવી આવશ્યક છે.

## શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતૃશ્રી કમળાબાનું ૯૪ વર્ષે નિધન

ગાંધીનગર : રાજ્ય સરકારના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતાનું નિધન થયું હોવાની માહિતી મળી રહી છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતાએ ૯૪ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધો છે, તેમનું નામ કમળાબા હતું. જાણવા મળી રહ્યું છે કે ચુડાસમાના માતાના અંતિમ સંસ્કાર ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે રાજ્યના શિક્ષણમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતા કમળાબાનું ૯૪ વર્ષે આજરોજ નિધન થયું છે. ૯૪ વર્ષની ઉંમર ધરાવતા કમળાબાના અંતિમ સંસ્કાર ગાંધીનગર ખાતે કરવામાં આવશે. માતાના નિધન અંગેના સમાચારો પ્રાપ્ત થતાં જ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માદરે વતન જવા માટે રવાના થયાં હતા.

## કોરોના ઈફેક્ટ : ઔદ્યોગિક વસાહતોમાં ૨ હજારથી વધુ એકમો બંધ થઈ ગયા

- ખાલી પડેલા પ્લોટ-શેડ માટે રાજ્ય સરકારની નાના અને મધ્યમ ઉદ્યોગ વિરોધી નીતિ જવાબદાર

અમદાવાદ : કોરોના વાયરસને પગલે મોટાભાગના ધંધા-ઉદ્યોગોને મોટો આર્થિક ફટકો પડયો છે અને હજુ પણ મંદીની મારમાંથી બેઠા થઈ શક્યા નથી. ગુજરાતમાં જ ઔદ્યોગિક વસાહતોમાં ૮,૫૩૯ પ્લોટ-૪૯૦ શેડ ખાલી પડેલા છે જ્યારે ૨,૨૦૩ ઉદ્યોગો બંધ હાલતમાં છે. વિધાનસભામાં ગુજરાત સરકારે રજૂ કરેલી વિગતો અનુસાર ગુજરાતના ઔદ્યોગિક વસાહતોમાં ૮૫૩૯ પ્લોટ ખાલી પડયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૨,૬૭૦-ભરૂચમાં ૧,૭૨૯-જામનગરમાં ૫૩૬-રાજકોટમાં ૩૫૭-પંચમહાલમાં ૩૪૯-પાટણમાં ૩૨૯-મહેસાણામાં ૩૦૨-દાહોદમાં ૨૭૩-સુરતમાં ૨૭૧ અને ગાંધીનગરમાં ૨૪૬ પ્લોટ ઔદ્યોગિક વસાહતોમાં ખાલી છે. બીજી તરફ ઔદ્યોગિક વસાહતમાં ખાલી પડેલા શેડની સંખ્યા ૪૯૦ છે. જેમાં મહેસાણામાં સૌથી વધુ ૧૩૬-રાજકોટમાં ૧૨૭-બનાસકાંઠામાં ૪૬-સુરેન્દ્રનગરમાં ૪૪નો સમાવેશ થાય છે. અમદાવાદના ઔદ્યોગિક વસાહતમાં ખાલી પડેલા પ્લોટની સંખ્યા ૪૦ છે.

# ઈસ્લામ ધર્મ અનુસાર રાત્રિ અને દિનનો મહિમા



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

ઈસ્લામની આરસી

કાસિમ અબ્બાસ

પૃથ્વી પોતાની ધરી પર ચોવીસ કલાકમાં એક પ્રદક્ષિણા પુર્ણ કરી લે છે. અને આ રીતે ચોવીસ કલાકનાં સમયમાં એક દિન અને એક રાત્રિનો ગાળો પસાર થઈ જાય છે. આ પ્રકૃતિ (કુદરત)નો એક રાબેતા મુજબનો ક્રમ છે કે રાત્રિ અને દિન એકબીજાની આગળ પાછળ રહે છે, અને એવીજ રીતે રાત્રિ અને દિન એક સાથે ક્યારે પણ ન હોય શકે. બીજા શબ્દોમાં કહી શકાય કે સુર્યનું અજવાળું એટલે પ્રકાશ જયારે પૃથ્વી પર પડે છે તે દિન હોય છે, અને ચંદ્રનું અજવાળું એટલે પ્રકાશ જયારે પૃથ્વી પર પડે છે, તે રાત્રિ હોય છે. રાત્રિ અને દિનની આ વ્યાખ્યા સાદી ભાષામાં થઈ. હવે આપણે જોઈએ કે ધર્મના અનુસાર રાત્રિ અને દિનનો શો મહિમા અને મહત્વતા છે.

મુસ્લીમોના ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં જણાવ્યા અનુસાર પાલનહાર અલ્લાહે રાત્રિ અને દિનનું સર્જન કરેલ છે, અને તેના સર્જનનો ઉદ્દેશ પણ જણાવ્યો છે. નીચે કુરાન મજીદમાંના અમુક બોધવચનો આપવામાં આવેલ છે, જેમાં રાત્રિ અને દિનના સર્જન વિષે જણાવવામાં આવેલ છે :-

"તે પાલનહાર અલ્લાહ જ છે જેણે તમારા માટે રાત્રિનું સર્જન કર્યુ જેથી તમે તેમાં શાંતિ (આરામ) પ્રાપ્ત કરો. અને તેણેજ દિનને પ્રકાશિત કર્યો. ખચિત પાલનહાર અલ્લાહ મનુષ્યો પર મોટી કૃપા કરવા વાળો છે, પરંતુ ઘણા મનુષ્યો તેનો આભાર નથી માનતા" (પ્રકરણ ૪૦, શ્લોક ૬૧)

"તે પાલનહાર અલ્લાહ રાત્રિને દિનમાં પરોવીને લઈ આવે છે અને દિનને રાત્રિમાં. અને તેણે સુર્ય અને ચંદ્રને એક નિયમને આધિન બનાવી રાખ્યા છે. આ સર્વે એક નિશ્રિત સમય સુધી ચાલી રહયુ છે." (પ્રકરણ ૩૫, શ્લોક ૧૩)

"અને પાલનહાર અલ્લાહ જ છે જેણે રાત્રિ અને દિન તથા સુર્ય અને ચંદ્રનું સર્જન કર્યુ. આ સૌ અંતરિક્ષમાં જુદી જુદી કક્ષામાં તરી રહયા છે." (પ્રકરણ ૨૧, શ્લોક ૩૩)

"પાલનહાર અલ્લાહે સુર્ય અને ચંદ્રને તમારા માટે કામે લગાડયા જે બંને સતત ચાલી રહયા છે. અને રાત્રિ અને દિનને પણ તમારા માટે કામે લગાડયા." (પ્રકરણ ૧૪, શ્લોક ૩૩)

ઉપર આપેલા ચાર બોધવચનો અનુસાર રાત્રિ અને દિનનું સર્જન પાલનહાર અલ્લાહે મનુષ્યો માટે કરેલ છે. છેલ્લા ત્રણ બોધવચનોમાં ખાસ કરીને સુર્ય અને ચંદ્રના સર્જનનો તથા તેમની કામગીરીનો પણ ઉલ્લેખ છે, કારણકે સુર્ય અને ચંદ્રનો સંબંધ રાત્રિ અને દિન સાથે સીધી રીતે જોડાયેલો છે. પહેલા બોવચનમાં પાલનહાર અલ્લાહે રાત્રિના સર્જનનો ઉદ્દેશ બતાવેલ છે કે જે થકી મનુષ્ય દિનભરના કામકાજ પછી શાંતિ અને આરામ પ્રાપ્ત કરે.

તે ઉપરાંત નીચે અન્ય બોધવચનોમાં પણ રાત્રિ અને દિનનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

"આ તે પાલનહાર અલ્લાહની જ કૃપા છે કે તેણે તમારા માટે રાત્રિ અને દિનનું સર્જન કર્યુ, જેથી તમે રાત્રિમાં શાંતિ (આરામ) પ્રાપ્ત કરો અને દિનમાં તમારા પાલનહારની કૃપાથી આજીવિકા(રોઝી) શોધો, જેથી તમે તેના આભારી બનો." (પ્રકરણ ૨૮, શ્લોક ૭૩)

"પાલનહાર અલ્લાહની નિશાનીઓ પૈકી રાત્રિ તથા દિન અને સુર્ય તથા ચંદ્રની નિશાનીઓ છે. સુર્ય અને ચંદ્રને નમન (સીજદો) ન કરો, પરંતુ નમન(સીજદો) કરો એ પાલનહારને જેણે સૌનું સર્જન કરેલ છે. ખચિત તમે સૌ તેનીજ બંદગી કરનારાઓ છો." (પ્રકરણ ૪૧, શ્લોક ૩૭)

"આકાશો અને ધરતીના સર્જનમાં તથા રાત્રિ અને દિન વારા ફરતી આવવામાં મનુષ્યો માટે ઘણી નિશાનીઓ છે, જેઓ ઉઠતા, બેસતા અને સુતા, દરેક સ્થિતિમાં પાલનહાર અલ્લાહનું સ્મરણ(ઝીક્ર) કરે છે, અને આકાશો અને ધરતીના સર્જન વિષે ચિંતન મનન કરે છે, અને બોલી ઉઠે છે કે, હે અમારા પાલનહાર, આ સર્વેનું સર્જન તમોએ નિરર્થક અને હેતુવિહીન નથી કર્યુ. તમે વ્યર્થ કાર્યો કરવાથી પવિત્ર છો. બસ એ અમારા પાલનહાર, અમોને નર્ક (જહન્નમ)ના અગ્નિથી બચાવી લો." (પ્રકરણ ૩, શ્લોક ૧૯૦ અને ૧૯૧)

"(કહો કે હે પાલનહાર), તમે રાત્રિને દિનમાં પરોવીને લઈ આવો છો અને દિનને રાત્રિમાં. તમે નિર્જીવ માંથી સજીવને નીકાળો છો અને સજીવ માંથી નિર્જીવને. અને જેને ચાહો છો તેને અગણિત આજીવિકા (રોઝી) આપો છો." (પ્રકરણ ૩, શ્લોક ૨૭)

ઉપર આપેલા ચાર બોધવચનો માંથી પહેલા બોધવચનમાં બહુજ સ્પષ્ટ રીતે રાત્રિ અને દિનની કામગીરીનો ઉલ્લેખ છે કે પાલનહાર અલ્લાહે રાત્રિનું સર્જન શાંતિ અને આરામ માટેજ કરેલ છે, તથા દિનના સર્જનનો ઉદ્દેશ અને હેતુ એ છે કે મનુષ્ય દિવસમાં પોતાની કાયદેસરની આજીવિકા (રોઝી) શોધે એટલે કે ધંધો રોજગાર અને નોકરી ચાકરી કરીને આજીવિકા(રોઝી) પ્રાપ્ત કરે.

ક્રમશઃ

# પણ... પણ... રમા, સ્વરૂપ એ સારો છોકરો નથી

સંદીપ લપાતો છુપાતો સૌની નજર ચૂકવીને ઘરની બહાર નીકળી ગયો.

કંપાઉન્ડની બહાર નીકળતાં જ તેણે 'હાશ' અનુભવી. ઘડિયાળ તરફ નજર નાખી. હજુ તો પોણા છ થયા હતા. બસ પકડીને સીધો સરદાર પાર્ક ઊતરી ગયો અને નેહરુબ્રિજના નાકે નિર્ધારિત સ્થળે સંશોધનાત્મક નજર ફેંકતો ઊભો રહ્યો.

શહેરની ઑફિસો છૂટી ગઈ હતી. લાંબા-પહોળા માર્ગ પર કીડિયારાની જેમ વાહનો ઊભરાયાં હતાં. સડસડાટ દોડી રહેલી મોટરો ને રિક્ષાવાળાઓ આવી રહ્યા હતા અને કાન ફાડી નાખતી રિક્ષાઓને સાઇકલીસ્ટો આંબવા મથતા હતા.

સંદીપ ઘડીભર વાહનોની આ રેસને જોઈ રહ્યો અને મનમાં મુશ્કુરાયો : 'બેવકૂફ સાઈકલીસ્ટો...'

'હાય... સંદીપ!'

સામી ફૂટપાથ પરથી આવેલી બૂમ તરફ તે ફંટાયો અને બોલ્યો : 'આવું છું.' જાનના જોખમે રસ્તો ઓળંગી તે બ્રિજના ચઢાણવાળા સામા ભાગે ખુલ્લી લોન પાસે ઊભેલા કિશોર પાસે પહોંચ્યો.

'જરાક મોડું થઈ ગયું, પણ ખાસ નહીં.'

'હું પણ હમણાં જ આવ્યો. પેલો રોક હડસન ક્યાં ગયો?'

'કયો રોક હડસન?'

'અરે, આપણો છ ફૂટ લાંબો લલિત.' સંદીપે સ્વાભાવિક ઓળખાણ આપી.

'લલિતને છોડ ને સામે જો...' કિશોરે ભારપૂર્વક દાંત કચકચાવતાં કહ્યું.

સંદીપે ત્વરિત નજર ફેંકી... ધોળા દિવસે પણ દુનિયાની પરવા કર્યા સિવાય મસ્તીમાં ગેલ કરતું એક યુગલ ખુલ્લી કારમાં વહી રહ્યું હતું. બંને જણે માંડ એકાદ જણની સીટ રોકી હશે. સંધ્યા ટાણે પણ કુદરતની મોજ માણવાને બદલે એ યુવતીએ ગૉગલ્સ ચડાવ્યાં હતાં. એના સુક્કા વાળ હવામાં ફરફરી રહ્યા હતા... સ્ટિયરિંગ પર રમી રહેલાં યુવાનના હાથ પર બીજો એક હાથ હળવે હળવે ગેલ કરી રહ્યો હતો.

'હાય...! કિશોરિયા...?' કહેતાં થોડીવારમાં ઘણું બધું અવલોકન કરી લેતાં સંદીપે કિશોરનો હાથ દબાવ્યો.

'ઓઈ...?' કિશોર બૂમ પાડી ઊઠ્યો.

'હવે બહુ નજર ફેરવ્યા વગર પોપકોર્ન લેતો આવ...' સંદીપે મુદ્દાની વાત કહી.

'પોપકોર્ન તો હું લઈ આવું છું પણ પૈસા લાવ.' કિશોરે બીજી મુદ્દાની વાત કહી.

કિશોર ગરમાગરમ પોપકોર્નની શોધ માટે ફરી પાછો સામેની ફૂટપાથ તરફ ફંટાયો. દરમિયાન નેહરુબ્રિજની બંને પાળીઓ તરફ સહેલાણીઓ ઊભરાવા માંડ્યાં હતાં. હમણાં હમણાં કેટલાક વખતથી સરદાર પાર્કને બદલે શહેરનાં યુવક-યુવતીઓ માટે નેહરુબ્રિજ એ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. સરદાર પાર્ક એ નાનાં ભૂલકાંઓ, પરિણીત યુગલો, પ્રૌઢો અને ખાસ કરીને બેકારો માટેનું કેન્દ્રસ્થાન હતું. ફૂટપાથ પરની એક નાનકડી પાળી પર જઈ સંદીપ બેઠો અને શહેરના પલટાઈ રહેલા રંગોને જોવામાં મશગૂલ થઈ ગયો.

'કંઈ પત્તો લાગ્યો?' પોપકોર્નનું પડીકું હાથમાં લઈને આવી રહેલા કિશોરે

પૂછ્યું.

'ના... હજુ કોઈ દેખાતું નથી.'

'પણ હવે એની ઑફિસ છૂટવાનો સમય થઈ ગયો છે. બરાબર નજર રાખજે... પીળા રંગનું સ્કૂટર હશે.'

'હું ક્યારનોયે બેઠોબેઠો એ સ્કૂટરની રાહ જોઈ રહ્યો છું.'




**'એ રાજકુમાર કોઈ પાર્કની હવા ખાવા ગયા હશે.' ખૂણામાં ઊભી રહેલી તેની બહેન રમાએ વચ્ચે કૉમેન્ટ કરી. 'તું ચૂપ રહે બેટા... એને જ કહેવા દે કે એ ક્યાં ગયો હતો?' કોઈ જ જવાબ આપ્યા વિના સંદીપ બીજા ખંડમાં ચાલ્યો ગયો અને રમા બબડી : 'બાપુજી, તમે એને ચલાવી કેમ લો છો? જોયું ને! તમારી વાતનો કશો જવાબ પણ આપ્યો એણે... કોઈ જાણે તો...'**

પોપકોર્નનો મમરાવતાં બંને જણ પુનઃ કોઈની શોધમાં લાગી ગયા.

'આમ તો બીજો કોઈ વાંધો નહીં પણ સ્વરૂપની 'કરિયર' સારી નથી.'

કિશોરે સાંકેતિક વાત રજૂ કરી.

'માત્ર કરિયર જ નહીં... એના ધંધા પણ ક્યાં સારા છે! કેટલાની જિંદગી બગાડતો હશે એ?' સંદીપ વલવલી રહ્યો.

'જો... પેલું પીળું સ્કૂટર આવે...'

બેફામ દોડી રહેલું એક પીળું સ્કૂટર આંખના પલકારામાં નેહરુબ્રિજનો ઢાળ ચડી પરાં વિસ્તારો તરફ ચાલ્યું ગયું અને સંદીપ કિશોર ઊભા થઈ ગયા.

'સંદીપ, સ્કૂટર ચલાવનાર તો સ્વરૂપ જ હતો. પાછળ બેઠેલી એ છોકરી ન ઓળખાઈ.'

'બિચારી!' સંદીપે ફરી નિરાશાનો સૂર કાઢ્યો.

'બિચારી શાની?' કિશોરે સાહજિક ભાવે પૂછ્યું.

'કેમકે એ પણ હવે ફસાઈ ગઈ... સ્વરૂપ પાસે આ બાબતમાં આગવી કળા છે અને ધારે તેનો શિકાર કરી શકે છે.' કિશોરે સ્વરૂપનું પાત્રાલેખન કર્યું.

'પણ એમાં વાંક ફસાનાર છોકરીનોય ખરોને! કિશોર! તું નહીં માને...

પણ મા-બાપને બેવકૂફ બનાવી કૉલેજમાં, લાઇબ્રેરીમાં કે બહેનપણીને ત્યાં જવાને બહાને નીકળતી છોકરીઓ કોઈ પાર્કમાં કે સિનેમામાં જ અથડાતી હોય છે.' સંદીપે વર્તમાન પ્રવાહોનો ઉલ્લેખ કર્યો.

એના પ્રત્યુત્તરમાં કિશોર ખડખડાટ હસી રહ્યો. સંદીપ ગંભીર ભાવે કિશોર સામે જોઈ રહ્યો અને અચાનક કિશોર પણ ગંભીર થઈ ગયો. દૂર પરાં વિસ્તારો તરફથી નેહરુબ્રિજ પર આવી રહેલાં પીળા સ્કૂટર તરફ તે તાકી રહ્યો.

'સંદીપ! જો સ્વરૂપ જ પાછો આવતો જણાય છે.'

'હા... એ જ છે... પણ આ વખતે ખૂબ ધીમો આવતો જણાય છે.'

'બરાબર ધ્યાન રાખજે... જો સ્વરૂપ જ છે... એની પાછળ લીલી મીડીમાં...' કિશોર અચાનક અટકી ગયો.

સંદીપની આંખો વિકરાળ થતી હતી.

●●●

મોડી રાત્રે સંદીપ ઘરે પહોંચ્યો. હજુ બારણામાં પગ મૂકે છે ત્યાં જ...

'ક્યાં ગયો હતો?' પિતાજીએ ગુસ્સાભર્યા અવાજે પૂછ્યું.

'અમસ્તો ફરવા...' ઢીલા પડી ગયેલા સ્વરે સંદીપે ઉત્તર વાળ્યો.

'નાલાયક... મેં તને સાંજના સમયે ઘેર રહેવાનું કહ્યું હતું અને તું...'

'એ રાજકુમાર કોઈ પાર્કની હવા ખાવા ગયા હશે.' ખૂણામાં ઊભી રહેલી તેની બહેન રમાએ વચ્ચે કૉમેન્ટ કરી.

'તું ચૂપ રહે બેટા... એને જ કહેવા દે કે એ ક્યાં ગયો હતો?'

કોઈ જ જવાબ આપ્યા વિના સંદીપ બીજા ખંડમાં ચાલ્યો ગયો અને રમા બબડી : 'બાપુજી, તમે એને ચલાવી કેમ લો છો? જોયું ને! તમારી વાતનો કશો જવાબ પણ આપ્યો એણે... કોઈ જાણે તો...'

તે રાત્રે સંદીપ જમ્યો નહીં અને કપડાં પણ બદલ્યા સિવાય પલંગમાં પડી જ રહ્યો. કોઈએ એને જમવા પણ બોલાવ્યો નહીં.

મોડે મોડે પણ રમા સંદીપ પાસે ગઈ. સંદીપ હજુ જાગતો હતો.

'જમવું નથી સંદીપ?'

'...' સંદીપ મૌન રહ્યો.

'સંદીપ! મારી પર ખોટું લાગ્યું ભઈલા?' સંદીપને ઢંઢોળતાં રમા બોલી રહી.

સંદીપે પાસું બદલ્યું. તેની આંખોમાં ભીની કોર બંધાઈ હતી. તે માત્ર આટલું બોલ્યો : 'રમાદીદી... હું ભલે તારાથી નાનો છું પણ... પણ... સ્વરૂપ એ સારો છોકરો નથી... મારી આટલી વાત માન! પ્લીઝ!'

રમાએ મોઢું નીચું ઢાળી દીધું.

સંદીપ એની સામે હળવું દયાભરી નજરે જોઈ રહ્યો હતો.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### રેલવેના પાટાની આસપાસ પાથરેલા કાંકરા : બેલાસ્ટ

રેલવેના પાટાની આસપાસ પથ્થરના ટૂકડા પાથરેલા હોય છે. પાટા પરથી ગાડી પસાર થાય ત્યારે તેનીં ધણધણાટીથી પાટા ધ્રુજે છે. આ ધ્રુજારી અટકાવવા માટે તેની આજુબાજુ કાંકરા પાથરવામાં આવે છે. પાટાની નીચે લાકડાના સ્લીપર વચ્ચે પણ કાંકરા રાખવા પડે છે. આ વાત જાણીતી છે. આ પથ્થરોને



બેલાસ્ટ કહે છે. બેલાસ્ટ ૧.૫ ઇંચથી બે ઇંચ જાડા હોય છે. આ માપ જાળવી રખાય છે. એટલે જતો લગભગ સરખા કદના જોવા મળે છે. ગાડી પસાર થાય ત્યારે તમે જોજો કે આ કાંકરા ધ્રુજતા હોય છે. એટલે કે પાટાની ધ્રુજારી તેમણે શોષી લીધી હોય છે. પાટાની આજુબાજુ તો ઠીક પણ પાટાની નીચે બેલાસ્ટનો ૮ ઇંચ જાડો થર હોય છે અને તેની નીચે બીજો ૬ ઇંચનો નાના કાંકરાનો થર હોય છે અને ત્યારબાદ જમીનની માટી હોય છે. એટલે બેલાસ્ટ એ માત્ર પથરા નથી પણ રેલવેના એન્જીનિયરીંગની મહત્વની ચીજ છે. પથરાના આ ટુકડાને પહેલા ૨ ઇંચના છિદ્રવાળા ચારણાથી ચાળીને ફરી દોઢ ઇંચના છિદ્રવાળા ચારણાથી ચાળીને મેળવવામાં આવે છે.



### ઠંડા લોહીવાળું હિંસક પ્રાણી : મગર

મગર જમીન અને પાણી એમ બંનેમાં રહેવાવાળું હિંસક અને શક્તિશાળી પ્રાણી છે. વિશ્વભરમાં જુદી જુદી જાતના મગર જોવા મળે છે. તે રોમાંચક અને લોકપ્રિય પણ છે. મગર વિશે કેટલીક રસપ્રદ વાતો પણ જાણવા જેવી છે. મગરની ૧૪ જાત જોવા મળે છે. તે ૧.૫ મીટરથી બે મીટર સુધીની લંબાઈના હોય છે. મગરની ચામડી સખત અને ખરબચડી હોય છે તેને પરસેવો વળતો નથી. તે શરીરની ગરમી મોં વાટે બહાર કાઢે છે. અને વધારાનો ક્ષાર આંખોમાંથી આંસુ દ્વારા બહાર કાઢે છે. મગરના જડબાં ભીડવાની તાકાત તમામ પ્રાણીઓમાં સૌથી વધુ હોય છે. જો કે જડબા ખોલવાની શક્તિ નબળી હોય છે. સામાન્ય માણસ પણ તેના જડબા પકડીને ખૂલતાં અટકાવી શકે. મગરને ૮૦ દાંત હોય છે. દાંત પડી જાય પછી નવા આવે છે. જીવનભર દાંત પડીને નવા આવ્યા જ કરે છે. મગર ટૂંકા અંતર માટે ઝડપથી દોડી શકે છે. મગરની બે મુખ્યજાત છે કોકોડાયલ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ચીન અને અમેરિકામાં એલિગેટર પ્રકારના મગર હોય છે. મગર રાત્રિના અંધકારમાં પણ જોઈ શકે છે. તેની આંખો બિલાડીની જેમ ચમકે છે. તે દૂરના અવાજો અને ગંધ પણ ઓળખી શકે છે.

### જહાજ પાણીમાં કેવી રીતે આગળ વધે છે ?

કાર જેવા વાહનોના પૈડા જમીન પર ફરીને આગળ વધે પરંતુ પાણીમાં તરતું જહાજ પાણીમાં કઈ રીતે આગળ વધે તે જાણો છો ? પજહાજને આગળ ધક્કો મારવા માટે પ્રોપેલર નામનો પંખો હોય છે. આ પંખો પેટ્રોલ કે અન્ય ઇંધણથી ચાલતા એન્જિન વડે ફરે છે. પ્રોપેલર જહાજની પાછળ પાણીમાં ડુબેલું રહે છે. તેના પાંખીયા ત્રાંસા



હોય છે. તમે સ્ક્રૂ જોયા હશે. તેના વળ ચડેલા ત્રાંસા આંટાને કારણે તેને ફેરવવાથી લાકડામાં ઊંડે ઉતરે છે. જહાજનું પ્રોપેલર પણ આવું જ કામ કરે છે. તે પાણીને કાપીને આગળ ધકેલાય છે. જો કે તેના બળથી ૭૦ ટકા પાણી પાછળ ધકેલાય છે. અને બાકીનું બળ પ્રોપેલરની સાથે જહાજને આગળ ધપાવે છે. જહાજનું વજન, જહાજના પડખાનું ઘર્ષણ વગેરે પણ જહાજની ગતિમાં અવરોધ કરે એટલે પ્રોપેલર ખૂબ જ મોટાં રાખવા પડે. સામાન્ય રીતે પ્રોપેલર મિનિટના ૮૦ થી ૧૨૦ આંટા ફરે. મોટાં જહાજોમાં ૧૫ ફૂટ લાંબા પાંખિયા વાળા પ્રોપેલર હોય છે. પ્રોપેલર ઝડપથી ફરે એટલે જહાજ ઝડપથી ચાલે એવું નથી. સરવાળે જહાજને પ્રોપેલરની શક્તિનો માંડ ૩૦ ટકા ભાગ જ આગળ ધપાવવામાં કામ લાગે છે.

## હરિદ્વારમાં કુંભમેળો : ૨૨ લાખ શ્રદ્ધાળુઓની ગંગા નદીમાં ડુબકી



મહાશિવરાત્રીના દિવસે બમ.. બમ... બોલે...ના નાથ સાથે હરિદ્વારના હર કી પૌડીના ઘાટથી વારાણસીના અસ્સી ઘાટ સુધી કુંભમેળાના પહેલા દિવસે લાખો લોકોએ નદીમાં શાહી સ્નાનનો લાભ લીધો હતો.

# ૪ વર્ષમાં ૧૦૦ કંપની વેચી પાંચ લાખ કરોડ ઊભા કરવા લક્ષ્યાંક

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર આગામી ચાર વર્ષમાં ૧૦૦ સંપત્તિ વેચી રૂપિયા પાંચ લાખ કરોડ ઊભા કરવાની યોજના પર યુદ્ધસ્તરે કામ કરી રહી છે. નીતિ આયોગે આગામી વર્ષોમાં વેચી શકાય તેવી સરકારી સંપત્તિઓની ઓળખ કરવાના આદેશ આપ્યા છે. આ માટે નીતિ આયોગે એક માળખું રચવાની પણ સૂચના આપી છે. નીતિ આયોગ પોતે પણ એવી સંપત્તિઓ અને કંપનીઓની યાદી તૈયાર કરી રહ્યું છે જેને આગામી દિવસોમાં વેચાણ માટે મૂકી શકાય. નીતિ આયોગ પોતે ખાનગીકરણ કરી શકાય તેવી ૧૦૦ સંપત્તિઓની ઓળખ કરી ચૂક્યું છે. તેમનું મૂલ્ય પાંચ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. અધિકારીએ જણાવ્યું હતું કે, સરકાર આ સંપત્તિઓ અને કંપનીઓને વેચવા માટે ફાસ્ટ ટ્રેક મોડમાં કામ કરશે. ૧૦ મંત્રાલયો અથવા તો જાહેર ક્ષેત્રનાં એકમોની લગભગ ૩૧ સંપત્તિઓની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદી મંત્રાલયોને મોકલી અપાઈ છે અને તેના વિનિવેશ પર વિચારણા પણ શરૂ કરી દેવાઈ છે આ સંપત્તિઓમાં ટોલ રોડ, બંદર, ક્રુઝ ટર્મિનલ, ટેલિકોમ ઈન્ફાસ્ટ્રક્ચર, ઓઈલ અને ગેસ પાઈપલાઈન, ટ્રાન્સમિશન ટાવર, રેલવે સ્ટેશન, સ્પોર્ટ્સ સ્ટેડિયમ, માઉન્ટેન રેલવે, મેટ્રો રેલવે સેક્શન, વેરહાઉસિઝ અને કોર્મિશયલ પરિસર સામેલ છે.

# આગરા હાઈવે પર સ્કોર્પિયો અને કન્ટેનર સાથે ટકરાતાં ૮નાં મોત

આગ્રા : ઉત્તર પ્રદેશના આગ્રામાં વહેલી સવારે એક દુ:ખદ અકસ્માત સર્જાયો છે. આ ઘટનામાં આઠ લોકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે ચાર લોકો ઘાયલ થયા છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થળ પર રાહત કામગીરી શરૂ કરી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. અકસ્માતનો ભોગ બનેલી કાર ઝારખંડની હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ ઘટના આગ્રાના હાઈવે પર બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈતમદપુર તરફથી આવતી એક સ્કોર્પિયો કાર અચાનક બેકાબૂ થઈ ગઈ અને ડિવાઈડર તોડીને રોંગ સાઈડ પર જતી રહી, તે દરમિયાન એક કન્ટેનર રામબાગ તરફથી આવી રહ્યો હતો. સ્કોર્પિયો તે ટ્રક સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો.

બંને વાહનો વચ્ચે જોરદાર ટક્કર થતાની સાથે જ જોરજોરથી અવાજ અને ચીસો સંભળાઈ, જેથી નજીકના લોકો ઘટનાસ્થળે પહોંચીને રાહતની કામગીરી શરૂ કરી હતી તેમજ પોલીસ અને એમ્બ્યુલન્સને પણ જાણ કરી હતી.

# ઉત્તરાખંડના સીએમ તરીકે સંઘ પ્રચારક તીરથસિંહ રાવતની તાજપોશી કરાઈ

નવી દિલ્હી : ઉત્તરાખંડ ભાજપમાં છેલ્લા થોડા સમયથી ચાલી રહેલા ઘમાસાણનો અંત આવી ગયો છે. મંગળવારે મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતનાં રાજીનામા બાદ અનેક કદાવર નેતાઓને પછડાટ આપીને લાંબા સમયથી સંઘના પ્રચારક રહેલા પૌડી ગઢવાલના ભાજપ સાંસદ તીરથસિંહ રાવતે રાજ્યનું સુકાન સંભાળ્યું છે. બુધવારે ઉત્તરાખંડના રાજભવન ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલ બેબી રાણી મૌર્યએ તીરથસિંહ રાવતને ઉત્તરાખંડના મુખ્યમંત્રીપદના શપથ લેવડાવ્યાં હતાં.

### તીરથસિંહ રાવતની રાજકીય સફર

૧૯૮૩ : આરએસએસના પ્રાંત પ્રચારક નિયુક્ત થયા
૧૯૯૭ : ઉત્તરપ્રદેશ વિધાન પરિષદમાં ચૂંટાયા, પાછળથી પ્રમુખ બન્યા
૨૦૦૦ : ઉત્તરાખંડની પ્રથમ સરકારમાં શિક્ષણમંત્રી તરીકે નિમાયા
૨૦૧૨ : ચૌબટ્ટાખલ વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય ચૂંટાયા
૨૦૧૩ : ઉત્તરાખંડ ભાજપના પ્રમુખપદે નિયુક્ત
૨૦૧૯ : કોંગ્રેસના મનીષ ખંડૂરીને પરાજિત કરી સાંસદ તરીકે ચૂંટાયા

### તીરથસિંહ રાવત સામે રહેલા પડકાર

– પોતાની જ સરકારના નિર્ણયોને બદલવા – ભ્રષ્ટાચાર સામે અસરકારક કાર્યવાહી – ધીમી ગતિએ ચાલતા વિકાસ કાર્યોને વેગ આપવો – પૂર્વ સીએમના સમર્થકોને ખુશ રાખવા – અધિકારીઓ પર નિયંત્રણ મેળવવું

## સંરક્ષણની ત્રણેય પાંખો માટે ૨૨૦ અબજના અમેરિકી ડ્રોન ખરીદાશે

નવી દિલ્હી : સંરક્ષણની ત્રણેય પાંખો માટે અમેરિકી બનાવટના ૩૦ ઘાતક ડ્રોન વિમાનો ખરીદવાનો નિર્ણય લેવાઈ રહ્યો છે. આ વિમાનો માટે અત્યારે કિંમત ૨ અબજ ડૉલર (રૂપિયા ૨૨૦ અબજ) નિર્ધારિત થયા છે. પરંતુ ખરેખર ઑર્ડર અપાય ત્યારે કિંમત વધી જવાની પુરી શક્યતા છે. આ અંગેનો અંતિમ નિર્ણય તો ટૂંકમાં સંરક્ષણ મંત્રીની અધ્યક્ષતાવાળી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ લેશે. પરંતુ આ ખરીદી કરવાનું સરકારે મન બનાવી લીધું હોવાનો અહેવાલ 'ધ પ્રિન્ટે' પ્રગટ કર્યો હતો. સામાન્ય રીતે આર્મી, નેવી, એરફોર્સ પોતાની ખરીદી અલગ અલગ કરતી હોય છે.

# મોદી સરકારની ઉઘાડી લૂંટ : પેટ્રોલ અને ડીઝલ થકી ૨૧ લાખ કરોડ ખંખેરી લીધા

- પેટ્રોલ-ડીઝલ મુદ્દે વાતાવરણ તંગ બનતા લોકસભા એક દિવસ માટે સ્થગિત



નવી દિલ્હી : રાજ્યસભામાં સોમવારના રોજ દિવસની શરૂઆતમાં ત્રણ નવા સાંસદોએ શપથ ગ્રહણ કર્યા હતા. ત્રણેય સભ્યો ભાજપના છે. બે ગુજરાતના અને એક આસામના સાંસદનું રાજ્યસભામાં સત્તાવાર સ્વાગત થયું હતું.

એ પછી રાજ્યસભામાં વિપક્ષોએ પેટ્રોલ-ડીઝલના બેકાબૂ બનેલા ભાવનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના કારણે ગૃહનું વાતાવરણ તંગ બની ગયું હતું. વિપક્ષના સાંસદોએ પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસના ભાવ વધારા મુદ્દે સરકારને ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો હતો.

સભાપતિ વૈકેયા નાયડુએ રાજ્યસભામાં કહ્યું હતું કે વિપક્ષના નેતા ખડગેએ તેમને નિયમ ૨૬૭ અંતર્ગત બીજી કામગીરી સૂથગિત કરીને પેટ્રોલ-ડીઝલની ચર્ચા માટેની વિનંતી કરતી અરજી કરી છે, પણ એ સ્વીકારવામાં આવી નથી. આ જાહેરાત પછી વિપક્ષના સાંસદોએ હોબાળો મચાવ્યો હતો.

વિપક્ષના નેતા ખડગેએ આરોપ લગાવ્યો હતો કે પેટ્રોલ-ડીઝલના મર્યાદ ભાવ વધારામાંથી કેન્દ્ર સરકારે ૨૧ લાખ કરોડની કમાણી કરી લીધી છે. લોકો પરેશાન છે ને સરકાર નફાખોરી કરી રહી છે એવા નિવેદન પછી ભારે હોબાળો થયો હતો.

## રાજસ્થાનમાં ફરિયાદ માટે આવેલી મહિલા પર પોલીસનો બળાત્કાર

જયપુર : અલવર જિલ્લાના ખેડલી પોલીસ સ્ટેશનમાં રક્ષક જ ભક્ષક બનતા લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પીડિત મહિલાનો પતિ તેને તલાક આપવા ઈચ્છતો હતો પરંતુ તે તલાક લેવા માંગતી ન હતી આ બાબતે પોલીસની મદદ લેવાનું વિચાર્યુ હતું. જયારે પીડિતાએ દુખભરી દાસ્તાન પોલીસને જણાવી ત્યારે ફરજ પરના એસઆઈએ ફરીયાદ લઈને કાયદેસરની મદદ કરવાના સ્થાને અલગ રુમમા લઈ જઈને બળાત્કાર કર્યો હતો એટલું જ નહી તે ત્રણ દિવસ પોલીસ સ્ટેશનના ધક્કા ખાધા ત્યારે ત્રણેય દિવસ રેપનો ભોગ બની હતી. ન્યાય માંગવાની આશાએ સહન કરતી મહિલાને ૭ માર્ચના રોજ ફરી પોલીસ સ્ટેશનમાં બોલાવાઈ હતી.

## દેશમાં ૨૩૦ VIPને મળે છે કેન્દ્ર સરકારની Z+, Z અને Y કેટેગરીની સુરક્ષા

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ રાજ્ય પ્રધાન જી કિશન રેડ્ડીએ મંગળવારે જણાવ્યું કે દેશમાં ૨૩૦ લોકોને CRPF અને CISF જેવા કેન્દ્રીય અર્ધલશ્કરી દળો દ્વારા ઝેડ પ્લસ, ઝેડ, અને વાય કેટેગરની સુરક્ષા પ્રદાન કરવામાં આવી રહી છે, રેડ્ડીએ લોકસભામાં એક પ્રશ્નનાં જવાબમાં લેખિત ઉત્તરમાં આ માહિતી આપી. તેમણે કહ્યું, 'સુરક્ષા પ્રાપ્ત લોકોની કેન્દ્રીય યાદીમાં શામેલ વ્યક્તિઓ પર સંભવિત જોખમ વિશે કેન્દ્રીય એજન્સીઓનાં આકારણીના આધારે સમયાંતરે સુરક્ષા આપવામાં આવે છે અને સમીક્ષા કરવામાં આવે છે. આવી સમીક્ષાના આધારે, સુરક્ષા કવચ ચાલુ રાખવાનો, પાછો ખેંચવાનો અથવા સુધારવાનો નિર્ણય કરવામાં આવતો હોય છે.' મંત્રીએ કહ્યું કે હાલમાં આ કેન્દ્રિય યાદીમાં ૨૩૦ લોકોનાં નામ શામેલ છે.

# કૃષિ કાયદાનો વિરોધ : ૨૬મી માર્ચે ભારત બંધ

બલિયા : ખેડૂત સંગઠનોએ ૨૬ માર્ચના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન કર્યુ છે. દિલ્હી સરહદે ચાલી રહેલા ખેડૂત આંદલનને ૨૬ માર્ચે ચાર મહિનાના પુરા થશે. ખેડૂત સંગઠનોએ તે દિવસે ત્રણેય કૃષિ કાયદા સામે વિરોધ જાહેર કરવા ભારત બંધનું એલાન આપ્યું છે. સંયુક્ત કિસાન મોરચાએ ભારત બંધનું એલાન આપતાં જણાવ્યું હતું કે ૧૫ માર્ચના રોજ વેપારી સંગઠનો અને ખેડૂત સંગઠનો સાથે મળીને ખાનગીકરણ અને ઈંધણના વધી રહેલા ભાવ સામે વિરોધ નોંધાવશે.

તે અરસામાં કેન્દ્ર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણેય કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનને ધાર આપવા ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈત બુધવારે પહેલીવાર પૂર્વાંચલ પહોંચ્યા હતા. તેમણે જાહેરાત કરી કે ૧૩ માર્ચના રોજ પશ્ચિમ બંગાળ જઈને ખેડૂતોને મળશે. તેમણે સ્પષ્ટતા પણ કરી હતી કે તેઓ કોઈ રાજકીય પક્ષને સમર્થન નહીં આપે . ટિકૈતે કહ્યું કે ૧૨, ૧૩ અને ૧૪ માર્ચે ત્યાં મહાપંચાયતોનું આયોજન કરીને સરકારના કાળા કાયદા વિશે ખેડૂતો સાથે વાત કરવામાં આવશે. કોઈનું નામ લીધા વિના તેમણે કહ્યું હતું કે દિલ્હીમાં લૂંટારાનો આખરી બાદશાહ બેઠો છે., તેને દૂર કરવો પડશે.

### ખેડૂતોના પ્રશ્નોના ઉકેલ ક્યારેય પણ રાજકારણથી નહીં આવે : ટિકૈત

વારાણસી ખાતે રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે ખેડૂતોની સમસ્યાના ઉકેલ રાજકારણથી નહીં પણ આંદોલનથી આવશે. દેશને આઝાદ થતાં ૯૦ વર્ષ લાગ્યાં હતાં. ખેડૂત આંદોલન થકી જ આ કાળા કાયદાથી ખેડૂતોને આઝાદી મળશે. તેમણે કહ્યું હતું કે ખેડૂત આંદોલન લાંબું ચાલશે.

### સરકાર જ્યાં સુધી હશે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા તૈયાર છીએ : નરેન્દ્ર ટિકૈત

દંતકથારૂપ બની રહેલા ખેડૂત નેતા મહેન્દ્રસિંહ ટિકૈતના દીકરા નરેન્દ્ર ટિકૈત પરિવારના વતન મુઝફ્ફરનગરના સિસોલી ગામે જણાવ્યું હતું કે ખેડૂતો પોતાની માગણીઓ માટે કેન્દ્ર સરકાર તેની સાડા ત્રણ વર્ષની બીજી મુદત પૂરી કરે ત્યાં સુધી દિલ્હીની સરહદે આંદોલન કરવા તૈયાર છે.

# IPL-2021નો કાર્યક્રમ જાહેર : ૯ એપ્રિલથી મેચ

## પહેલી મેચ ૯ એપ્રિલ ૨૦૨૧થી ચેન્નાઈમાં શરુ થશે : ૩૦મી મે એ અમદાવાદમાં ફાઈનલ રમાશે

| તારીખ | મેચ | સમય | મેદાન |
|---|---|---|---|
| ૯ એપ્રિલ | મુંબઈ ઈન્ડિયન્સ વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૧૦ એપ્રિલ | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ દિલ્હી કેપિટલ્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૧૧ એપ્રિલ | હૈદરાબાદ વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૧૨ એપ્રિલ | રાજસ્થાન રોયલ્સ વિ પંજાબ કિંગ્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૧૩ એપ્રિલ | કોલકાતા નાઈટ રાઇડર્સ વિ મુંબઇ ઇન્ડિયન્સ | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૧૪ એપ્રિલ | હૈદરાબાદ વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૧૫ એપ્રિલ | રાજસ્થાન રોયલ્સ વિ દિલ્હી રાજધાની | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૧૬ એપ્રિલ | પંજાબ કિંગ્સ વિ ચેન્નાઈ સુપર કિંગ્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૧૭ એપ્રિલ | મુંબઈ ઈન્ડિયન્સ વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૧૮ એપ્રિલ | બેંગ્લોર વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | 3.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૧૮ એપ્રિલ | દિલ્હી કેપિટલ્સ વિ પંજાબ કિંગ્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૧૯ એપ્રિલ | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ રાજસ્થાન રોયલ્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૨૦ એપ્રિલ | દિલ્હી કેપિટલ્સ વિ મુંબઇ ઇન્ડિયન્સ | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૨૧ એપ્રિલ | પંજાબ કિંગ્સ વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૨૧ એપ્રિલ | કોલકાતા નાઈટ રાઇડર્સ વિ ચેન્નાઇ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૨૨ એપ્રિલ | બેંગ્લોર વિ રાજસ્થાન રોયલ્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૨૩ એપ્રિલ | પંજાબ કિંગ્સ વિ મુંબઇ ઇન્ડિયન્સ | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૨૪ એપ્રિલ | રાજસ્થાન વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | ૭.30 વાગ્યે | મુંબઈ |
| ૨૫ એપ્રિલ | ચેન્નાઇ વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | 3:30 વાગ્યે | મુંબઈ |
| ૨૫ એપ્રિલ | સનરાઇઝર્સ હૈદરાબાદ વિ દિલ્હી રાજધાની | ૭.30 વાગ્યે | ચેન્નાઇ |
| ૨૬ એપ્રિલ | પંજાબ કિંગ્સ વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૨૭ એપ્રિલ | દિલ્હી કેપિટલ્સ વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૨૮ એપ્રિલ | ચેન્નાઇ સુપર કિંગ્સ વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૨૯ એપ્રિલ | મુંબઈ ઈન્ડિયન્સ વિરુદ્ધ રાજસ્થાન રોયલ્સ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૨૯ એપ્રિલ | દિલ્હી કેપિટલ્સ વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| 30 એપ્રિલ | પંજાબ કિંગ્સ વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૧ મે | મુંબઇ ઇન્ડિયન્સ વિ ચેન્નાઈ સુપર કિંગ્સ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૨ મે | રાજસ્થાન રોયલ્સ વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૨ મે | પંજાબ કિંગ્સ વિ દિલ્હી કેપિટલ્સ | 3:30 વાગ્યે | અમદાવાદ |
| 3 મે | કોલકાતા વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૪ મે | સનરાઇઝર્સ હૈદરાબાદ વિ મુંબઇ ઇન્ડિયન્સ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૫ મે | રાજસ્થાન રોયલ્સ વિ ચેન્નાઈ સુપર કિંગ્સ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૬ મે | રોયલ ચેલેન્જર્સ બેંગલોર વિ પંજાબ કિંગ્સ | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૭ મે | સનરાઇઝર્સ હૈદરાબાદ વિ ચેન્નાઈ સુપર કિંગ્સ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૮ મે | કોલકાતા નાઈટ રાઇડર્સ વિ દિલ્હી કેપિટલ્સ | 3:30 વાગ્યે | અમદાવાદ |
| ૮ મે | રાજસ્થાન રોયલ્સ વિ મુંબઇ ઇન્ડિયન્સ | ૭.30 વાગ્યે | દિલ્હી |
| ૯ મે | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ પંજાબ કિંગ્સ | 3:30 વાગ્યે | બેંગ્લોર |
| ૯ મે | બેંગ્લોર વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | ૭.30 વાગ્યે | કોલકાતા |
| ૧૦ મે | મુંબઇ ઇન્ડિયન્સ વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | ૭.30 વાગ્યે | બેંગ્લોર |
| ૧૧ મે | દિલ્હી રાજધાની વિ રાજસ્થાન રોયલ્સ | ૭.30 વાગ્યે | કોલકાતા |
| ૧૨ મે | ચેન્નાઈ વિ કોલકાતા નાઈટ રાઇડર્સ | ૭.30 વાગ્યે | બેંગ્લોર |
| ૧૩ મે | મુંબઈ ઈન્ડિયન્સ વિ પંજાબ કિંગ્સ | 3:30 વાગ્યે | બેંગ્લોર |
| ૧૩ મે | સનરાઇઝર્સ હૈદરાબાદ વિ રાજસ્થાન રોયલ્સ | ૭.30 વાગ્યે | કોલકાતા |
| ૧૪ મે | રાજસ્થાન રોયલ્સ વિ દિલ્હી કેપિટલ્સ | ૭.30 વાગ્યે | કોલકાતા |
| ૧૫ મે | કોલકાતા નાઈટ રાઇડર્સ વિ પંજાબ કિંગ્સ | ૭.30 વાગ્યે | બેંગ્લોર |
| ૧૬ મે | રાજસ્થાન વિ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | 3:30 વાગ્યે | કોલકાતા |
| ૧૬ મે | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ મુંબઇ ઇન્ડિયન્સ | ૭.30 વાગ્યે | બેંગ્લોર |
| ૧૭ મે | દિલ્હી કેપિટલ્સ વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | 3:30 વાગ્યે | કોલકાતા |
| ૧૮ મે | કોલકાતા વિ રાજસ્થાન રોયલ્સ | 3:30 વાગ્યે | બેંગ્લોર |
| ૧૯ મે | સનરાઇઝર્સ હૈદરાબાદ વિ પંજાબ કિંગ્સ | 3:30 વાગ્યે | બેંગ્લોર |
| ૨૦ મે | રોયલ ચેલેન્જર્સ બેંગલોર વિ મુંબઇ ઇન્ડિયન્સ | 3:30 વાગ્યે | કોલકાતા |
| ૨૧ મે | કોલકાતા વિ સનરાઇઝર્સ હૈદરાબાદ | 3:30 વાગ્યે | બેંગ્લોર |
| ૨૧ મે | દિલ્હી કેપિટલ્સ વિ ચેન્નાઈ સુપર કિંગ્સ | ૭.30 વાગ્યે | કોલકાતા |
| ૨૨ મે | પંજાબ કિંગ્સ વિ રાજસ્થાન રોયલ્સ | ૭.30 વાગ્યે | બેંગ્લોર |
| ૨૩ મે | મુંબઈ ઈન્ડિયન્સ વિરુદ્ધ દિલ્હી રાજધાની | 3:30 વાગ્યે | કોલકાતા |
| ૨૩ મે | બેંગ્લોર વિ ચેન્નાઈ સુપર કિંગ્સ | ૭.30 વાગ્યે | કોલકાતા |
| ૨૫ મે | ક્વોલિફાયર-૧ | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૨૬ મે | એલિમિનેટર | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| ૨૮ મે | ક્વોલિફાયર-૨ | ૭.30 વાગ્યે | અમદાવાદ |
| 30 મે | ફાઇનલ | ૭.30 વાગ્યે | અમદાવાદ |

**નોંધઃ ભારતીય સમય અનુસાર આઈપીએલ કાર્યક્રમ દર્શાવાયો છે**

નવીદિલ્હી : આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલે રવિવારે આ વર્ષે રમાનારી લીગનું આખું શિડ્યુલ જાહેર કરી દીધું છે. આ વખતે ટુર્નામેન્ટ ભારતમાં જ રમાવાની છે. લગભગ ૨ વર્ષ પછી ભારત IPL આવી રહી છે. આ વખતે અમદાવાદ, બેંગ્લુરુ, ચેન્નાઈ, દિલ્હી, મુંબઈ અને કોલકાતામાં આ ટુર્નામેન્ટની મેચોનું આયોજન કરવાનું છે.

સીઝનની પહેલી મેચ ૯ એપ્રિલ ૨૦૨૧થી ચેન્નાઈમાં શરુ થશે. અહીં મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર બેંગ્લોર વચ્ચે મેચ યોજાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં IPL પ્લેઓફ અને ૩૦મી મે ૨૦૨૧એ અહીં ફાઈનલ રમાવાની છે. આ સ્ટેડિયમમાં પહેલી મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પિંક બોલ ટેસ્ટ મેચ રમાઈ હતી. હવે પહેલી વખત અહીં IPL મેચ રમાવાની છે. લીગ સ્ટેજમાં દરેક ટીમ ચાર મેદાનો પર મેચ રમશે. ૫૬ લીગ મેચમાંથી ચેન્નાઈ, કોલકાતા,



મુંબઈ અને બેંગ્લુરુમાં ૧૦-૧૦ મેચ રમાશે, જ્યારે અમદાવાદમાં ૮ મેચ રમાવાની છે. આ વખતે IPLની ખાસિયત એ હશે કે તમામ મેચ ન્યુટ્રલ વેન્યુ પર રમાશે. કોઈ પણ ટીમ પોતાના ઘરેલુ મેદાન પર મેચ નહીં રમે. દરેક ટીમ ૬માંથી ૪ મેદાન પર પોતાની લીગ સ્ટેજ મેચ રમવાની છે.

હાલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે, અહીં બન્ને ટીમો વચ્ચે રમાયેલી બે ટેસ્ટમાં ભારતનો વિજય થયો છે. હવે અહી ટી-૨૦ સીરિઝ રમાવાની છે.

# IPLની જેમ છ શહેરમાં રમાશે ટી૨૦ વર્લ્ડ કપ

નવી દિલ્હી : આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ચાલુ વર્ષના ઓક્ટોબર અને નવેમ્બરમાં ભારતમાં રમાવાનો છે અને આ ટૂર્નામેન્ટ માટે બીસીસીઆઈ ટૂંક સમયમાં તૈયારીઓ શરૂ કરે તેવી સંભાવના છે. માનવામાં આવી રહ્યું છે કે આઈપીએલ ટી૨૦ લીગની ૧૪મી સિઝન માટે જે છ સેન્ટરને પસંદ કરવામાં આવ્યા છે તે શહેરોમાં જ ટી૨૦ વર્લ્ડ કપની મેચોનું આયોજન કરવામાં આવશે કારણ કે કોરોનાના કારણે ઘણા ઓછા શહેરને ટી૨૦ વર્લ્ડ કપની યજમાની કરવાની તક મળશે. આઈપીએલ ૨૦૨૧ની યજમાન કરનાર છ શહેરને બીસીસીઆઈ ટી૨૦ વર્લ્ડ કપના સ્થાન માટે શોર્ટલિસ્ટ કરી શકે છે. સામાન્ય રીતે આઈસીસીના આયોજન સ્થળો તથા તારીખોની જાહેરાત ટૂર્નામેન્ટ શરૂ થવાના ઓછામાં ઓછા છ મહિના પહેલાં કરવામાં આવતી હોય છે પરંતુ આ વખતે કોવિડ-૧૯ની સમસ્યાના કારણે વિલંબ થઈ શકે છે. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ માટે સંભવિત પસંદ કરાયેલા છ સેન્ટરમાંથી ચેન્નઈ અને બેંગ્લોરને સેમિફાઈનલની યજમાની આપવામાં આવશે. ૨૦૧૬ના વર્લ્ડ કપમાં દિલ્હી, મુંબઈ અને કોલકાતાને નોકઆઉટ મેચો મળી હોવાના કારણે આ વખતે તેમને આ મુકાબલાથી દૂર રાખવામાં આવશે.

## ધર્મશાલા-મોહાલીની બાદબાકી થશે

ટી૨૦ વર્લ્ડ કપના પ્લાનિંગમાં બીસીસીઆઇએ મુંબઇ, અમદાવાદ, ચેન્નઇ, દિલ્હી, કોલકાતા, બેંગ્લોર, મોહાલી અને ધર્મશાલાને શોર્ટ લિસ્ટ કર્યા હતા પરંતુ હવે મોહાલી અને ધર્મશાલાને બહાર કરવામાં આવે તેવી સંભાવના છે. બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે એક મેચ માટે બે શહેરનો વારંવાર પ્રવાસ ખેડવો જોખમકારક બની શકે છે. જો મેદાન ઓછા હશે તો આયોજન કરવામાં અમને કોઇ મુશ્કેલી નડશે નહીં.

# ઈંગ્લેન્ડ સામેની શ્રેણી પહેલાં ભારતને ફાયદો, ટી૨૦માં બીજા ક્રમે પહોંચી

દુબઈઃ ટોચના ક્રમે રહેલી ઈંગ્લેન્ડ સામે ૧૨મી માર્ચથી રમાનારી પાંચ મેચની શ્રોણી પહેલાં ભારતીય મેન્સ ટીમને ફાયદો થયો છે અને તે આઈસીસી ટીમ ટી૨૦ રેન્કિંગમાં બીજા ક્રમે પહોંચી ગઈ છે. ઈંગ્લેન્ડ હજુ પણ ભારત કરતાં સાત પોઈન્ટ આગળ છે. ભારત હાલમાં ત્રીજા ક્રમે હતું પરંતુ ઓસ્ટ્રેલિયાને તાજેતરમાં ન્યૂઝીલેન્ડ સામે મળેલા ૨-૩ના પરાજયના કારણે ભારતીય ટીમને ફાયદો થયો હતો. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે માત્ર એક જ પોઈન્ટનું અંતર છે. ટી૨૦



બેટિંગમાં ભારતીય બેટ્સમેન લોકેશ રાહુલ ત્રીજા ક્રમે સરકી ગયો છે પરંતુ વિરાટ કોહલી અગાઉની જેમ છઠ્ઠા ક્રમે જળવાઈ રહ્યો છે. ઈંગ્લેન્ડનો ડેવિડ મલાન ૯૧૫ પોઈન્ટ સાથે પ્રથમ તથા ઓસ્ટ્રેલિયાનો એરોન ફિન્ચ ૮૩૦ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે.

# ખરાબ વર્તન બાદ ICCએ સીઇઓ મનુ સાહનીને રજા ઉપર ઉતારી દીધા

દુબઈઃ આઈસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) મનુ સાહનીને ફરજિયાત રજા ઉપર ઉતારી દેવામાં આવ્યા છે. પ્રાઈસ વોટરહાઉસ કૂપર્સની આંતરિક તપાસમાં સાહનીનું વર્તન તપાસ હેઠળ આવ્યું છે અને તેઓ પોતાનો કાર્યકાળ પૂરો થાય તે પહેલાં જ રાજીનામું આપે તેવી સંભાવના છે. સાહનીને ૨૦૧૯ના વર્લ્ડ કપ બાદ ડેવ રિચાર્ડસનના સ્થાને ૨૦૨૨ સુધી સીઈઓ બનાવવામાં આવ્યા છે. તપાસમાં એવો ખુલાસો થયો છે કે કેટલીક નીતિઓના સંદર્ભમાં વિવિધ નિર્ણયના કારણે તેમના કેટલાક શક્તિશાળી ક્રિકેટ બોર્ડ સાથે પણ મતભેદો સર્જાયા છે.

# ચેસ પ્લેયર કોનેરુ હમ્પીને BBC ઈન્ડિયા સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યરનો એવોર્ડ

નવી દિલ્હી : રેપિડ ફોર્મેટની વર્તમાન વર્લ્ડ ચેસ ચેમ્પિયન કોનેરુ હમ્પીને બીસીસી ઈન્ડિયા સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરના એવોર્ડ માટે પસંદ કરવામાં આવી છે. ૨૦૨૦માં શરૂ કરાયેલા આ એવોર્ડમાં હમ્પી બીજી વિજેતા ખેલાડી છે. માત્ર ૧૫ વર્ષની વયે ગ્રાન્ડમાસ્ટર બનેલી હમ્પીને રમતપ્રેમીઓના હાઈએસ્ટ વોટિંગના આધારે પસંદ કરવામાં આવી છે. જાણીતા સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ અને નિષ્ણાતોની જ્યૂરીએ આ પુરસ્કાર માટે પાંચ ભારતીય મહિલા ખેલાડીઓનાં નામ નોમિનેટ કર્યા હતાં. જેમાં હમ્પી ઉપરાંત સ્પ્રિન્ટર દુતી ચંદ, શૂટર મનુ ભાકર, રેસલર વિનેશ ફોગાટ તથા ભારતીય હોકી સુકાની રાની રામપાલ પણ સામેલ હતી. ત્યારબાદ સમર્થકોના ઓનલાઈન



વોટિંગ દ્વારા એવોર્ડ વિનરનો નિર્ણય લેવાયો હતો. બીબીસી એવોર્ડથી સન્માનિત થયા બાદ હમ્પીએ જણાવ્યું હતું કે આ પુરસ્કાર માત્ર મારા માટે નહીં પરંતુ ચેસ જગત માટે પણ અમૂલ્ય છે. ચેસ એક ઈન્ડોર રમત હોવાના કારણે ભારતમાં ક્રિકેટની જેમ વધારે ધ્યાન અપાતું નથી.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male | & Female | $500,000 Male | & Female | $1000,000 Male | & Female |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# બ્રાઝિલમાં કોરોનાનો કેર : ૮૦ હજાર કેસ, ૧૯૭૨નાં મોત

## વિશ્વમાં અત્યાર સુધીમાં કોરોનાના સંક્રમણનો કુલ આંકડો ૧૧.૮૧ કરોડને પાર થઈ ગયો

નવી દિલ્હી :બ્રાઝિલમાં કોરોનાનો કાળો કેર જળવાયેલો છે. પાછલા ૨૪ કલાકમાં ૧૯૭૨ કોરોના સંક્રમિતોનાં મોત નોંધાયાં હતાં. બ્રાઝિલમાં ફેલાયેલા રોગચાળા દરમિયાન એક દિવસમાં જીવ ગુમાવનારાઓનો આ સૌથી મોટો આંકડો છે. પાછલા ૨૪ કલાક દરમિયાન બ્રાઝિલમાં ૮૦,૭૬૪ નવા કોરોના કેસ નોંધાયા હતા. જે વિશ્વમાં સૌથી વધારે છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં અત્યાર સુધીમાં કોરોનાના સંક્રમણનો કુલ આંકડો ૧૧.૮૧ કરોડને પાર થઈ ગયો છે. તે ઉપરાંત કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૨૬.૨૧ લાખ લોકોનાં મોત થયા છે.

## કોરોનામાંથી ઉગરવા અમેરિકન સંસદે ૧.૯ ટ્રિલિયન ડોલરનું પેકેજ મંજૂર કર્યુ

કોરોનાની મહામારીમાંથી ઉગરવા માટે અમેરિક સંસદે ૧.૯ ટ્રિલિયન ડૉલરના રાહત પેકેજને મંજૂરી આપી છે. સંસદના બન્ને ગૃહમાં રાહત પેકેજના બિલને પસાર કરવાની સફળ પ્રક્રિયાને રાષ્ટ્રપતિ બાઇડેન અને ડેમોક્રેટિક પક્ષની સિદ્ધિ તરીકે જોવાઇ રહી છે. જો કે અમેરિકન સંસદમાં આ રાહત પેકેજનું બિલ માંડ-માંડ પસાર થતા બાઇડેનની આબરૂ સચવાઇ છે. ઓછાંમાં ઓછાં ૪૯ મતોની જરૂરિયાત સામે આ બિલને ૫૦ મત મળ્યા હતા. મહામારીનો સામને કરવા અને તેના કારણે સર્જાયેલી આર્થિક મુશ્કેલીઓમાંથી દેશને બહાર લાવવા માટે આ પેકેજ જરૂરી હોવાનો દાવો બાઇડેન ઘણાં સમયથી કરી રહ્યા છે. સેનેટમાં શુક્રવારે રાત્રે વિવિધ બિલ અને સુધારાઓ રિપબ્લિકન પાર્ટી દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. પરંતુ આ બિલને રદિયો આપવામાં આવ્યો હતો.

## ડેનમાર્ક, નોર્વે, આઇસલેન્ડમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિનના ઉપયોગને સ્થગિત કરવા નિર્ણય

વોશિંગ્ટન : વિશ્વભરમાં વેક્સિન તરફ આશાભરી મીટ માંડીના બેઠલા દેશો રસીકરણ પ્રક્રીયામાં વ્યસ્ત છે. તેવામાં ડેનમાર્ક, નોર્વે અને આઇસલેન્ડે કોવિડ-૧૯ માટેની એસ્ટ્રાઝેનેકા વેક્સિનનો ઉપયોગ હંગામી ધોરણે સ્થગિત રાખવા નિર્ણય લીધો છે. રસીકરણ પછી દર્દીના લોહીમાં ગાંઠો પડવાની ફરિયાદ સામે આવતાં ત્રણેય દેશોએ આ નિર્ણય લીધો છે. જોકે વેક્સિનની ઉત્પાદક કંપની અને યુરોપમાં ઔષધોની ગુણવત્તા પર નજર રાખી રહેલી એજન્સી એસ્ટ્રાઝેનેકા વેક્સિન સુરક્ષિત હોવાનું આગ્રહપુર્વક કહે છે. વેક્સિન લીધા પછી લોહીમાં ગાંઠ પડવાની ફરિયાદ ઉઠતાં ડેનમાર્કે સૌ પ્રથમ વેક્સિનનો ઉપયોગ સ્થગિત રાખવા નિર્ણય લીધો હતો. યુરોપીય મેડિસીન એજન્સીના જણાવ્યા મુજબ ૯ માર્ચના રોજ યુરોપીય આર્થિક ઝોનમાં 30 લાખ લોકોને વેક્સિન અપાયા પછી ૨૨ જેટલા કેસમાં લોહીમાં ગાંઠ પડવાની ફરિયાદ ઉઠી હતી.

## હવે એનટીપીસીના સર્વર પર ચીની રેડ ઈકો નામના સાઇબરનો હુમલો

વોશિંગ્ટન : અમેરિકાની એક સાઈબર સિક્યોરિટી ફર્મ દ્વારા તાજેતરમાં યોજાયેલા એક વેબિનારમાં જણાવવામાં આવ્યું હતું કે, થોડા દિવસ પહેલાં જ એટલે કે ૨૮ ફેબ્રુઆરીના રોજ ચીની રેડ ઈકો નામના હેકર્સ દ્વારા ૨૮ ફેબ્રુઆરીએ એનટીપીસીના માળખામાં હેકિંગનો પ્રયાસ કરાયો હતો. અમેરિકી અધિકારીએ વધુમાં જણાવ્યું કે, તે દિવસે રેડ ઈકો દ્વારા ઘણો સાઈબર ટ્રાફિક ભારત તરફ ડાઈવર્ટ કરાયો હતો અને એનટીપીસી ઉપર પણ તેની અસર જોવાઈ હતી. ચેરિટી રાઈટ ફર્મના અધિકારીએ જણાવ્યું કે, સિસ્ટમમાં માલવેર ઈન્સર્ટ કરવામાં આવ્યા બાદ તેના કોમ્યુનિકેશન સિસ્ટમને ખોરવવા માટે પૂરતો હતો. રાઈટે વધુમાં જણાવ્યું કે, રેડ ઈકો દ્વારા ઓક્ટોબર ૨૦૨૦થી ભારતીય વીજ કંપનીઓ અને અન્ય કંપનીઓમાં સાઈબર હુમલા કરવામાં આવી રહ્યા છે. મુંબઈમાં વ્યાપક પ્રમાણમાં વીજળી ડૂલ થઈ અને અંધારપટ થયો તેના બે દિવસ પહેલાં જ સરકારને જાણ કરવામાં આવી હતી. અમે ત્યારથી રેડ ઈકો કામગીરીની સપાસ કરી રહ્યા છીએ. અમને તેની કાળી કામગીરીની શંકા જઈ રહી છે તેમ છતાં હજી નક્કર પુરાવા હાથ લાગ્યા નથી. અમેરિકામાં પણ એક કંપની ઉપર સાઈબર હુમલો કરાયાના અહેવાલો સામે આવ્યા છે.

## ૨૦૩૦ સુધી માણસ અન્ય સ્થળે ટેલિપોર્ટ થાય તેવા સ્માર્ટ ગ્લાસ આવશે : ઝુકરબર્ગ

વોશિંગ્ટન : ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે નવી જ ટેક્નોલોજી તરફ આંગળી ચિંધી છે. તાજેતરમાં એક કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો નિકાલ લાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો પડશે. તેમણે જણાવ્યું કે, ૨૦૩૦ સુધીમાં એવા સ્માર્ટ ગ્લાસ આવી જશે જેની મદદથી વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ ટેલિપોર્ટ થઈ શકશે. હોલોગ્રામ અને સ્માર્ટ ગ્લાસના કોમ્બિનેશન દ્વારા ફોન કરનારી વ્યક્તિ તમારી સામે જ ઊભી હશે કે તમારી સાથે જ બેઠી હશે તેવી ટેક્નોલોજી



આવી જશે. તેમણે એમ પણ જણાવ્યું કે, હાલમાં જે ફેસ ટુ ફેસ મિટિંગ કરવામાં આવે છે તેને પણ ઓગમેન્ટેડ રિયાલિટી ગ્લાસની મદદથી ફેરવી કાઢવામાં આવશે. સામાન્ય ચશ્મા જેવા દેખાતા ઈલેક્ટ્રોનિક ગ્લાસમાં જ મિટિંગ માટેની તમામ માહિતી અને ડેટા રજૂ કરવામાં આવશે અને દરેક વ્યક્તિ તેને જોઈ શકશે. જાણકારોના મતે ઝુકરબર્ગ અને ફેસબુક આ દિશામાં ઘણા સમયથી વિચારી રહ્યા છે. કેટલાકના મતે ફેસબુકે આ દિશામાં કામ શરૂ પણ કરી દીધું છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં એક કાર્યક્રમમાં ઝુકરબર્ગે જણાવ્યું હતું કે, મારી ઈચ્છા છે કે, આપણો જ મિત્ર કે આપણા મિત્રો આપણી પાસે બેસીને પોકર રમે. આપણી આસપાસ તેમના હોલોગ્રામ હશે અને છતાં બધા સાથે બેસીને પોકર રમતા હોઈશું.

## ફ્રાન્સમાં ક્લાઉડ સર્વિસ કંપનીમાં આગ લાગતા અસંખ્ય વેબસાઈટ બંધ થઈ ગઈ

- આગ કાબૂમાં લેવા ૧૦૦ કરતાં વધુ ફાયર ફાઈટર્સની મથામણ : ઓવીએચ ક્લાઉડ કંપનીનાં ચાર ડેટા સેન્ટરમાંથી એક ખાક થયું

પેરિસ : ફ્રાન્સમાં ક્લાઉડ સર્વિસ કંપનીમાં આગ લાગતા અસંખ્ય વેબસાઈટ્સ બંધ થઈ ગઈ હતી. ફ્રાન્સની સરકારી વેબસાઈટ્સ પણ ઠપ થઈ ગઈ હતી. એક ડેટા સેન્ટર બળીને ખાક થયું હોવાના અહેવાલો રજૂ થયા હતા. આગ લાગવાના કારણની તપાસ શરૂ કરવામાં આવી હતી. કંપની યુરોપની સૌથી મોટી ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર હોવાથી વ્યાપક અસર થઈ છે. ફ્રાન્સની ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર કંપની ઓવીએચના ડેટા સેન્ટરમાં ભયાનક આગ લાગી હતી. ફ્રાન્સના સ્ટ્રેસબર્ગમાં આવેલા સેન્ટરમાં આગ લાગી હતી. એ સ્થળે કંપનીના ચાર ડેટા સેન્ટર છે. આગના કારણે એક આખું ડેટા સેન્ટર બળીને ખાક થઈ ગયું હતું. આ આગને ઠારવા માટે ૧૦૦ ફાયર ફાઈટર્સે મથામણ શરૂ કરી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેનો ધુમાડો આખા વિસ્તારમાં છવાઈ ગયો હતો અને છેક આકાશને આંબતો હતો. ઓવીએચ ક્લાઉડ કંપની ફ્રાન્સ સરકારની વેબસાઈટ્સને પણ સર્વિસ પૂરી પાડે છે. તેના કારણે ફ્રાન્સની સરકારી વેબસાઈટની સર્વિસ પણ ઠપ થઈ ગઈ હતી. ફ્રાન્સનું સત્તાવાર એક્સટેન્શન એફઆર છે. એફઆર વેબ સ્પેસની મોટાભાગની વેબસાઈટ્સને આ આગની અસર થઈ હતી. કંપની ફ્રાન્સમાં જ ૧૭ ડેટા સેન્ટર ધરાવે છે અને દુનિયાભરમાં તેના કુલ ૩૨ વિશાળ ડેટા સેન્ટર છે. આખા યુરોપની વિખ્યાત કંપનીઓ ઓવીએચની ક્લાઉડ સર્વિસનો ઉપયોગ કરે છે. તેના કારણે આ કંપનીઓના સર્વર બંધ પડી ગયા હતા.

## તિબેટની સંસ્કૃતિ ભૂંસી નાખવા ચીન પાંચ વર્ષમાં 30 અબજ ડોલર ખર્ચશે

- વિકાસના બહાને તિબેટ પર પક્કડ મજબૂત કરવાનું આયોજન : ૧૯૫૯થી તિબેટ ચીનના તાબામાં છે

બેઈજિંગ : તિબેટ પર ચીન ૧૯૫૯થી કબજો ધરાવે છે. તિબેટ જેવા રાંક દેશ પર હુમલો કરીને ચીને તાબો જમાવ્યો છે અને ત્યારથી તિબેટના સર્વોચ્ચ ધર્મગુરુ દલાઈ લામા ભારતમાં રહે છે. તિબેટ પર ચીનનો કબજો તો અડધી સદી કરતાંય વધારે સમયથી છે, પણ તિબેટની પ્રજાએ ક્યારેય મનથી ચીનનું આધિપત્ય સ્વિકાર્યું નથી. તિબેટવાસીઓએ પોતાને ચીની સંસ્કૃતિથી અળગા રાખ્યા છે. કોઈ પણ પ્રજાને તાબે કરવી હોય તો તેની સંસ્કૃતિ પર પ્રહાર કરવો પડે. ચીને કેટલાક વર્ષથી એ રસ્તો અપનાવ્યો છે. તિબેટમાં વિકાસના બહાને પાંચ વર્ષમાં 30 અબજ ડૉલરનો ખર્ચ કરવાનો ચીનનો જંગી પ્રોજેક્ટ છે. તિબેટની ભારત સાથેની સરહદ સાથે હાઈ-સ્પીડ રેલવે લાઈન નાંખવાની તો ચીને શરૂઆત કરી દીધી છે. હવે ચીને તિબેટના ગામડાઓ સુધી રસ્તા, અન્ય સુવિધાઓ વિકસાવવાની કામગીરી આરંભી છે.

## આઈસલેન્ડમાં એક અઠવાડિયામાં ભૂકંપના ૧૭ હજાર આંચકા નોંધાયા

રેકજાવિક : યુરોપીયન દેશ આઈસલેન્ડમાં ગત એક સપ્તાહમાં ભૂકંપના ૧૭ હજાર આંચકા નોંધાયા છે. દેશના વિવિધ ભાગોમાં સતત આંચકાઓના કારણે ત્યાંના પ્રધાનમંત્રી કાર્યલયે એલર્ટ જારી કર્યું છે તેમજ તંત્ર અને લોકોને ચેતવણી આપી છે કે ક્રિસ્સુવિક પર્વતના જ્વાળામુખીમાં કોઈપણ સમયે વિસ્ફોટ થાય તેવી શક્યતા છે. જેના કારણે હવાઈ તેમજ અન્ય વાહન-વ્યવહાર ખોરવાઈ શકે છે.

આઈસલેન્ડમાં ગત સપ્તાહમાં અમુક સ્થળોએ ૨૪ કલાક ધરતી ધ્રૂજતી રહી હતી. આવો અનુભવ કરનારા લોકો કહી રહ્યા છે કે ૨૪ કલાક ધરતી ધ્રૂજતી હોય અને આવી પરિસ્થિતિમાં કામ કરવું અને રોજીંદું જીવન જીવવું મુશ્કેલીભર્યુ છે અને અસામાન્ય છે. આવી પરિસ્થિતિમાં અનુભવ થાય છે કે પ્રકૃત્તિ સામે માણસ વામણો અને શક્તિવિહિન છે. ભૂકંપની સૌથી વધુ અસર આઈસલેન્ડના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં છે. જ્યાં આવેલા સૌથી મજબૂત આંચકાની તીવ્રવતા ૫.૬ છે. એક અઠવાડિયમાં ૧૭ હજાર આંચકાઓ નોંધાતા સરકારે એલર્ટ જારી કર્યુ છે. તેમજ ચેતવણી આવી છે કે ક્રિસ્સુવિક જ્વાળામુખીમાં ગમે ત્યારે વિસ્ફોટ થઇ શકે છે.

## પાકિસ્તાનમાં હિંદુ પરિવારના પાંચ લોકોની ગળા કાપી રહસ્યમય રીતે હત્યા કરી દેવાઈ

- મૃતક રામચંદ મેઘવાલ ટેલરિંગની દુકાન ચલાવતા હતા, કોઈ સાથે દુશ્મની નહોતી, હત્યાનું કારણ અકબંધ

ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં ફરી એક વખત હિંદુ પરિવારને ટાર્ગેટ કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. પાક.માં એક હિંદુ પરિવારના પાંચ લોકોના મૃતદેહ તેમના ઘરમાંથી રહસ્યમય સ્થિતિમાં મળી આવ્યા છે.

આ ઘટના બાદ પાકિસ્તાનમાં હિંદુ પરિવારોમાં એક પ્રકારના ડરનો માહોલ છે. સૂથાનિક મીડિયા અનુસાર આ હિંદુ પરિવારના મૃતદેહ રહીમ યાર ખાન શહેરથી ૧૫ કિમી દુર ચક નંબર ૧૩૫-પી, અબૂ ધાબી કોલોનીમાં તેમના ઘરમાંથી મળ્યા છે.

પરિવારના બધા જ લોકોની ધારદાર હથિયાર દ્વારા ગળુ કાપીને હત્યા કરી દેવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે ચાકુ અને કુવાડી સહિતના ધારદાર હિથયારો પણ જપ્ત કરી લીધા છે. રહીમ યાર ખાનના સામાજિક કાર્યકર્તા બીરબલ દાસે પાકિસ્તાની મીડિયાને જણાવ્યું હતું કે મૃતક રામચંદ મેઘવાલ હિંદુ હતા અને તેમની ઉંમર ૩૫ વર્ષની આસપાસની હતી. તેઓ લાંબા સમયથી ટેલરિંગની દુકાન ચલાવતા હતા. અને બહુ જ શાંતિપ્રિય વ્યક્તિ હતા. એવી ચર્ચા છે કે આ હત્યા પાછળનું કારણ એક વર્ષ જુનો અન્ય એક મામલો છે. ગત વર્ષે એક હિંદુ યુવતીનું મોત નિપજ્યું હતું. જે એક મેડિકલ વિદ્યાર્થિની હતી, કોલેજે આ ઘટનાને આત્મહત્યા જાહેર કરી દીધી હતી જ્યારે પરિવારનું કહેવું હતું કે આ હત્યા છે. તપાસ કરતા પોલીસને જાણવા મળ્યું કે યુવતીની હત્યા જ કરવામાં આવી હતી.

Dr. Salim Kapadia DDS

Dental Centre

Your Perfect Smile...

2020 readers' choice Awards PLATINUM

Is Our Greatest Satisfaction!




SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268





# વાસ્તુશાંતી પૂજા-યજ્ઞ

વેદોક્ત પદ્ધતિથી સંપૂર્ણ વાસ્તુ શાસ્ત્રથી વાસ્તુ શાંતિ પૂજા યજ્ઞ



ઘર પૂજા સ્થાન છે. ઘરમાં જ સ્વર્ગ છે. ઘરમાં જ શાંતિનો આધાર છે. અને ઘરમાંજ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને લક્ષ્મીનો વાસ છે. પરંતુ જો આ બધી શ્રેષ્ઠતા આપનાં ઘરમાં ના હોય તો ઘરનાં કહેવાય તેને નર્ગ કહેવાય તો આપના નવા ઘરને સ્વર્ગ બનાવવા માટે સચોટ અને શાસ્ત્રોક્ત પદ્ધતિથી વાસ્તુશાંતિ યજ્ઞ થવો જરૂરી છે. કારણ કે જ્યારે નવા ભવનનું નિર્માણ કરવામાં આવે છે ત્યારે તેના ભૂગર્ભમાંથી ખોદકામથી આઠ વસ્તુઓ દોષ યુક્ત નિકળે છે તદઉપરાંત નર-અને પશુના અસ્થિ નિકળવાથી ભૂમિદોષ લાગે છે જેનાથી ઘર સ્વર્ગ નહિ પરંતુ નર્ગ બની સ્મશાન જેવું થઈ જાય છે. આવા અશુભ દોષનાં નિવારણ માટે વાસ્તુ શાંતિ યજ્ઞ કરાવવો.



કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ, નવચંડી, લઘુરુદ્ર, રુદ્રી પાઠ, ચંડીપાઠ દરેક પ્રકારના હવન અને પૂજા વિધિ કરાવનાર, જન્માક્ષર બનાવવા તથા જોવડાવવા માટે મળો




## શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી આણંદ (બોરસદ) ગુજરાત વાળા

## Mobile : 647 770 5984

॥ શ્રી ગણેશાય નમઃ ॥

## આપની દરેક સમસ્યાનું સમાધાન સાધના અનુષ્ઠાનથી કરાવવામાં આવશે

સચોટ અને શાસ્ત્રોક્ત જ્યોતિષ સલાહ અને નિદાન-વિધાન



નવા, જનમાક્ષર બનાવવા અને જોવડાવવા, કુંડળીમેળાપ, કાલસર્પદોષ, ગ્રહણદોષ પિતૃદોષ, શનીપનૌતી, લગ્નયોગ, મકાન-યોગ, ગુપ્તરોગ, દેવુમુક્તિ, શિઘ્રવિવાહ, શિઘ્રનોકરી પ્રાપ્તિ, બાળકોના ભણવા માટે વિદ્યા યોગ, વિદેશગમન યોગ તથા આપની કોઈપણ ગુપ્ત સમસ્યા, ગુપ્ત રોગ, ગુપ્ત શત્રુનિવારણ માટે મળો. શું આપના બાળકો પુત્ર-પુત્રી ગલત માર્ગથી પાછા વાળવા માંગો છો, શું આપના ઘર પરિવાર ઉપર કોઈએ મેલી વિદ્યા કરેલ છે, શું આપના ઘરમાં હંમેશા લડાઈ-ઝઘડા થાય છે, શું આપનો ભાગ્યોદય થવામાં વિલંબ થાય છે. શું આપના ઘર પરિવાર ઉપર કોઈક સંમોહન વશીકરણ કરેલ છે. શું આપ હંમેશા કોઈ મોટી બિમારીના શિકાર છો તેનો ઈલાજ કર્યા છતાં પણ તેનું નિવારણ નહિ થતું, શું આપનાં વ્યાપાર ધંધાને લગતી કોઈ સમસ્યા છે તો આવી જીવનની દરેક સમસ્યાનાં નિવારણ માટે આજેજ અમારી મૂલાકાત લો અને સચોટ શાસ્ત્રોક્ત વિધાનથી સમસ્યાનું નિવારણ કરાવો.





દરેક પ્રકારના ગ્રહોના નંગ, યંત્રોગ, સ્ફટિકની માળા, શિવલિંગ, ઘોડાની નાળ, શિયાળાસિંગિ, હથ્થા જોડી, વૈજંતીબિજની માળા, મુંગાની માળા, રુદ્રાક્ષ માળા, મેરુપૃષ્ટ શ્રી યંત્ર, ગોમતીચક્ર દરેક વસ્તુવિધી કરેલ પ્રાણપ્રતિષ્ઠત વાળી મળશે.